કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
રાપર તાલુકાના ફતેહગઢ, બાલાસર, અમરાપર (ખડીર) રામવાવ, સુવઈ, નાની હમીરપર, આડેસર પલાંસવા, ચિત્રોડ, કિડીયાનગર, માખેલ, સરવામોરા, મોમાયમોરા, મોટી હમીરપર, ભીમાસર, ભુટકીયા, પદમપર, પ્રાગપર, સુખપર, વરણો, નાંઢા, તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
સુરેશ ઠક્કર (રાપર) : 99791 99595
સ્થળ : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, રાપર-કચ્છ.

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૦૯ માર્ચ, ૨૦૨૬ સોમવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
૩૨ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-: મુકેશભાઈ ગોર :-
90990 79342, 98790 41665
૫ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.

◆અંક નંબર : ૨૫૮ ◆વર્ષ : ૩૨ ◆પાના - ૧૦ ◆મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94 ◆ સંવત ૨૦૮૨ ◆ ફાગણ વદ-૬ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# ઈરાન-અમેરિકા યુદ્ધઃ ભારતીય શેરબજારમાં હાહાકાર

## ક્રૂડ ઓઈલના ભાવમાં ભડકોઃ ઈરાન-અમેરિકા યુદ્ધની જ્વાળામાં વૈશ્વિક ઈંધણ બજાર પ્રભાવિત



નવી દીલ્હી :ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા ભીષણ સંગ્રામની સીધી અસર હવે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના ભાવ પર જોવા મળી રહી છે. યુદ્ધની સ્થિતિ વણસતા કાચા તેલના ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે. આશ્ચર્યજનક રીતે, માત્ર સાત દિવસ પહેલા જે ક્રૂડ ઓઈલ નીચા ભાવે ઉપલબ્ધ હતું, તે આજે પ્રતિ બેરલ ૧૧૫ થી ૧૧૭ ડોલરની સપાટી વટાવી ચૂક્યું છે. આ અચાનક આવેલા ભાવવધારાને કારણે વિશ્વભરના અર્થતંત્રમાં ખળભળાટ મચી ગયો છે. નિષ્ણાંતોના મતે જો આ યુદ્ધ લાંબો સમય ચાલશે તો આગામી દિવસોમાં ઈંધણના ભાવ હજુ પણ વધી શકે છે, જેની સીધી અસર સામાન્ય જનતાના ખિસ્સા પર પડશે અને વૈશ્વિક મોંઘવારીમાં પણ વધારો થવાની પૂરેપૂરી શક્યતા છે.

## રોકાણકારોના કરોડો રૂપિયા સ્વાહા

(એજન્સી દ્વારા) નવી દીલ્હી :ઈરાન અને અમેરિકા વચ્ચે વણસી રહેલી યુદ્ધ જેવી સ્થિતિને કારણે વૈશ્વિક બજારોની સાથે ભારતીય શેરબજારમાં પણ હાહાકાર મચી ગયો છે. છેલ્લા એક અઠવાડિયાથી ભારતીય માર્કેટમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે, જેના પરિણામે સેન્સેક્સમાં આજે ૨૨૦૦ પોઈન્ટનો પ્રચંડ કડાકો જોવા મળ્યો છે અને નિફ્ટી પણ ૬૭૦ પોઈન્ટ સુધી તૂટી ગઈ છે. યુદ્ધની આ ગંભીર અસરોને લીધે તમામ ક્ષેત્રના શેરના ભાવમાં ધરખમ ઘટાડો થતા રોકાણકારોના અનેક કરોડો રૂપિયા પળવારમાં સાફ થઈ ગયા છે. આ યુદ્ધ જો લાંબો સમય ચાલુ રહેશે તો આગામી દિવસોમાં પણ બજારમાં આવી જ અસ્થિરતા રહેવાની પૂરેપૂરી શક્યતા છે.

આ સંઘર્ષની સૌથી મોટી અસર ક્રૂડ ઓઈલ પર જોવા મળી શકે છે, જેના કારણે આગામી સમયમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં મોટો વધારો થવાની આશંકા છે. ઈંધણના વધતા ભાવને લીધે વૈશ્વિક સ્તરે મોંઘવારી (ફુગાવો) વધવાની ભીતિ સેવાઈ રહી છે, જેની સીધી અસર એશિયન અને ભારતીય શેરબજાર પર પડી રહી છે. હાલની પરિસ્થિતિ જોતા રોકાણકારોમાં ભારે ગભરાટ ફેલાયો છે અને બજારમાં સતત થઈ રહેલી આ ઉથલપાથલને કારણે અર્થતંત્ર પર પણ મોટા જોખમના વાદળો ઘેરાઈ રહ્યા છે.

યુદ્ધના કારણે ક્રૂડઓઈલના ભાવમાં થયેલો વધારો અને વૈશ્વિક અસ્થિરતાને પગલે રોકાણકારો સુરક્ષિત રોકાણ તરફ વળ્યા છે, જેના કારણે બજારમાં આ પ્રચંડ કડાકો બોલાયો છે.




## હરિયાણા રાજ્યસભા ચૂંટણી માટે હર્ષ સંઘવીને મોટી જવાબદારી : ભાજપે 'નિરીક્ષક' તરીકે કરી નિમણૂંક

**બિહારમાં રાજ્યસભા ચૂંટણી માટે છત્તીસગઢના નાયબ મુખ્યમંત્રી વિજય શર્મા અને કેન્દ્રના મંત્રી હર્ષમલ્હોત્રાની અને ઓડીસા રાજ્યમાં રાજ્યસભા ચૂંટણી માટે મહારાષ્ટ્રના મંત્રી ચન્દ્રશેખર બાવનકુલેને નિરીક્ષક તરીકે જવાબદારી સોંપવામાં આવી**

ગાંધીનગર : ગુજરાત રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના શિરે સંગઠન દ્વારા વધુ એક મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. હરિયાણામાં યોજાનારી આગામી રાજ્યસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભારતીય જનતા પાર્ટી દ્વારા તેમને ચૂંટણી નિરીક્ષક (ઓબ્ઝર્વર) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતિન નબીન દ્વારા આ સત્તાવાર નિમણૂક કરવામાં આવી છે. હર્ષ સંઘવીની સંગઠનાત્મક કુશળતા અને ચૂંટણીલક્ષી રણનીતિને ધ્યાને રાખીને



અનુસંધાન પાના નં.૪ પર

## ખાડી દેશોમાં વસતા એક કરોડ ભારતીયોની સુરક્ષા માટે મોદી સરકાર કટિબદ્ધ : સંસદમાં વિદેશ પ્રધાનનું મોટું નિવેદન

(એજન્સી દ્વારા) નવી દિલ્હીઃ ઈરાન યુદ્ધની સ્થિતિ વચ્ચે વિદેશ મંત્રાલયની દરેક હિલચાલ પર સટીક નજર, વિપક્ષના હોબાળા વચ્ચે વિદેશ પ્રધાને સુરક્ષાની ખાતરી આપી

બજેટ સત્રના બીજા તબક્કાના પ્રારંભે જ આજે સંસદમાં ગરમાવો જોવા મળ્યો હતો, જેમાં ખાસ કરીને પશ્ચિમ એશિયા અને ઈરાનની યુદ્ધ જેવી પરિસ્થિતિ અંગે કેન્દ્ર સરકાર વતી વિદેશ પ્રધાને મહત્વપૂર્ણ સ્પષ્ટતા કરી હતી. આજે સવારે ૧૧:૩૦ વાગ્યે સંસદમાં નિવેદન આપતા



### ઈરાનના 3 જહાજ હિંદ મહાસાગરમાં હતા, અમે એકને આશ્રય આપ્યો' : વિદેશ મંત્રી

નવી દિલ્હી:વિદેશ મંત્રી એસ જયશંકરએ રાજ્યસભામાં જણાવ્યું કે ઈરાનમાં રહેલા ભારતીય વિદ્યાર્થીઓને ભારતીય દૂતાવાસ તરફથી મદદ આપવામાં આવી છે. ઈરાનમાંથી લોકોને આર્મેનિયાના માર્ગે સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યું કે ભારત હંમેશા પોતાના નાગરિકોની સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે અને આ મુદ્દે નરેન્દ્ર મોદીએ સાઉદી અરેબિયા અને કતારના નેતૃત્વ સાથે પણ વાતચીત કરી છે.

અનુસંધાન પાના નં.૪ પર

## દિલ્હી નજીક ભૂકંપના આંચકાઃ ઘરોથી બહાર નીકળ્યા લોકો



(એજન્સી દ્વારા) નવી દિલ્હીઃ દિલ્હીથી થોડા અંતરે આવેલા રેવાડીમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. સોમવાર સવારે આ આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્ર હરિયાણાના રેવાડીમાં જમીનથી આશરે પાંટ કિમીની ઊંડાઈએ

અનુસંધાન પાના નં.૪ પર

## ભાજપ સંગઠનમાં અંજલીબેન રૂપાણીની ભવ્ય એન્ટ્રીઃ પૂર્વ મુખ્યમંત્રીના ધર્મપત્નીને સૌંપાઈ મોટી જવાબદારી

**સક્રિય રાજકારણમાં ફરી એકવાર અંજલીબેનનો દબદબો, રાજકોટ શહેર ભાજપના સંગઠનમાં મહત્વપૂર્ણ હોદ્દા પર વરણી**

ગાંધીનગર :ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના ધર્મપત્ની અંજલીબેન રૂપાણી ફરી એકવાર સક્રિય રાજકારણમાં ચર્ચાનું કેન્દ્ર બન્યા છે. ભાજપ હાઈકમાન્ડ દ્વારા આગામી સમયની વ્યૂહરચનાને ધ્યાનમાં રાખીને અંજલીબેન રૂપાણીને સંગઠનમાં મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે. ખાસ કરીને રાજકોટ શહેરમાં તેમને સંગઠનલક્ષી મહત્વનું પદ સોંપીને પક્ષે તેમના બહોળા અનુભવનો લાભ લેવાનો નિર્ણય કર્યો છે. અંજલીબેન અગાઉ પણ પક્ષમાં વિવિધ જવાબદારીઓ નિભાવી ચૂક્યા છે અને કાર્યકરોમાં લોકપ્રિય હોવાથી તેમની આ એન્ટ્રીથી રાજકોટ ભાજપમાં નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.રાજકીય વર્તુળોમાં ચર્ચાતી વિગતો મુજબ, સંગઠન પર્વ અને આગામી ચૂંટણીલક્ષી તૈયારીઓના ભાગરૂપે પક્ષના વરિષ્ઠ

અનુસંધાન પાના નં.૪ પર



## ઇરાન, ઇઝરાયલ અને યુનાઇટેડ સ્ટેટ્સ વચ્ચે યુદ્ધનો દસમો દિવસ, દોહામાં વિસ્ફોટો અને વિવાદિત હુમલાઓ

(એજન્સી દ્વારા) નવી દિલ્હી : આજે ઈઝરાયલ, યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચેના યુદ્ધનો દસમો દિવસ છે. મધ્ય પૂર્વમાં પરિસ્થિતિ તણાવપૂર્ણ છે. સોમવારે કતારની રાજધાની દોહામાં અનેક વિસ્ફોટ થયા, જે ઈરાન દ્વારા ગલ્ફ દેશોમાં શરૂ કરાયેલા વ્યાપક પ્રતિહિંસા હુમલાનો ભાગ માનવામાં આવી રહ્યો છે.તાજેતરમાં ઈઝરાયલ અને યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા ઈરાની ઠેકાણાઓ પર થયેલા હુમલાઓ પછી, ઈરાન હવે કતાર સહિત અન્ય ગલ્ફ દેશોને નિશાન બનાવી રહ્યું છે.ઈરાન (Iran) -ગલ્ફ યુદ્ધ યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈઝરાયલના સહયોગી દેશો પર હુમલો ઈરાને યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈઝરાયલને ટેકો આપતા ગલ્ફ દેશોમાં આક્રમણ વધાર્યું છે. દોહામાં

અનુસંધાન પાના નં.૪ પર

## ચાબહાર પોર્ટ પર સંકટના વાદળો! મિડલ ઈસ્ટના તણાવ વચ્ચે ભારતની સુરક્ષા અને વેપાર પર શું થશે અસર?



**ઈરાન યુદ્ધ અને ચાબહાર પોર્ટઃ ભારત માટે આ પ્રોજેક્ટ કેમ છે જીવાદોરી સમાન?**

નવી દિલ્હીઃ મધ્ય પૂર્વમાં ફાટી નીકળેલા યુદ્ધને કારણે ભારત અને ઈરાન વચ્ચેના વ્યૂહાત્મક સંબંધોના પાયા સમાન ચાબહાર પોર્ટ પ્રોજેક્ટની ગતિ ધીમી પડી શકે છે. જોકે, બંને દેશો આ પ્રોજેક્ટને ચાલુ રાખવાના પક્ષમાં છે. ઈરાનના દક્ષિણ-પૂર્વમાં ઓમાનની ખાડી પર સ્થિત આ બંદર ભારતને અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા સુધી પહોંચવા માટે એક વૈકલ્પિક અને સુરક્ષિત માર્ગ પૂરો પાડે છે.ભારતે અત્યાર સુધી અહીં 'શાહિદ બેહિશ્તી ટર્મિનલ'ના વિકાસ માટે ૧૨૦ મિલિયન ડોલરથી વધુનું રોકાણ કર્યું છે. પાકિસ્તાન પર નિર્ભરતાનો અંતઃ ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે સીધો જમીની માર્ગ નથી કારણ કે વચ્ચે પાકિસ્તાન આવે છે. ચાબહાર પોર્ટ દ્વારા ભારત સમુદ્ર માર્ગે ઈરાન સુધી માલ મોકલી શકે છે અને ત્યાંથી રોડ કે રેલવે દ્વારા અફઘાનિસ્તાન પહોંચી શકાય છે. આનાથી પાકિસ્તાન પરની નિર્ભરતા ખતમ થાય છે. ચાબહાર એ 'ઈન્ટરનેશનલ નોર્થ-સાઉથ ટ્રાન્સપોર્ટ કોરિડોર' નો મુખ્ય ભાગ છે. આ માર્ગ ભારતને ઈરાન, અઝરબૈજાન અને રશિયા મારફતે યુરોપ સાથે જોડે છે, જેનાથી નિકાસનો ખર્ચ અને સમય બંનેમાં ઘટાડો થાય છે.ચીને પાકિસ્તાનમાં 'ગ્વાદર પોર્ટ' વિકસાવ્યું છે, જે ભારત માટે સુરક્ષાનો ખતરો છે. ગ્વાદરથી ચાબહાર માત્ર ૧૭૦ કિમી દૂર છે. ચાબહાર દ્વારા ભારત અરબ સાગરમાં પોતાની વ્યૂહાત્મક હાજરી જાળવી રાખીને ચીનના પ્રભાવને સંતુલિત કરી શકે છે.

યુદ્ધને કારણે ઈરાનના ઘણા સૈન્ય મથકો પર હુમલા થયા છે. જોકે ચાબહારને સીધું નુકસાન થયું નથી, પરંતુ સમગ્ર પ્રદેશમાં સુરક્ષા જોખમ વધતા જહાજોના વીમા અને પરિવહન ખર્ચમાં વધારો થયો છે.અમેરિકી પ્રતિબંધોનો પડકારઃ ઈરાન પર લદાયેલા સખત અમેરિકી પ્રતિબંધો આ પ્રોજેક્ટમાં મોટો અવરોધ છે. ભારતને અત્યાર સુધી અફઘાનિસ્તાનમાં માનવીય સહાય માટે પ્રતિબંધોમાં થોડી રાહત મળતી હતી, પરંતુ જો તણાવ વધશે તો ભારતીય કંપનીઓ માટે અહીં કામ કરવું મુશ્કેલ બનશે.પર્સિયન ગલ્ફમાં તણાવ વધવાથી આંતરરાષ્ટ્રીય શિપિંગ કંપનીઓ સાવચેત થઈ ગઈ છે. આનાથી ચાબહાર દ્વારા થતા વેપારની ગતિ ધીમી પડી શકે છે.

અનુસંધાન પાના નં.૪ પર

## 'જો બંગાળને નબળું પાડ્યું તો કેન્દ્ર સરકાર ઉથલાવી દઈશ...' મમતા બેનર્જીએ BJPને આપી કડક ચેતવણી

(એજન્સી દ્વારા) નવી દિલ્હીઃ પશ્ચિમ બંગાળના CM મમતા બેનર્જીએ ભારતીય જનતા પાર્ટી પર આકરા પ્રહારો કર્યા, કેન્દ્ર સરકાર પર રાજ્યના રાજકારણમાં દખલ કરવાનો આરોપ લગાવ્યો. તેમણે ચેતવણી આપી કે જો આ પ્રકારનું દબાણ ચાલુ રહેશે તો દિલ્હીની કેન્દ્ર સરકાર પણ પડી શકે છે. CM બેનર્જીએ આરોપ લગાવ્યો કે રાજભવનને BJPનું પાર્ટી કાર્યાલય બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે અને ચૂંટણી દરમિયાન પૈસા વહેંચવાની યોજના બનાવવામાં આવી રહી છે.

જગદીપ ધનખર અને મહારાષ્ટ્રના નેતા અજિત પવારનો ઉલ્લેખ કરતા, ઝસ મમતાએ કહ્યું કે તેમની સાથે શું થયું તે અંગે તેમણે પહેલાથી જ સત્ય કહ્યું છે. તેમણે કેન્દ્ર સરકાર પર ઘમંડી રાજકારણ રમવાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે વર્તમાન સરકાર



અનુસંધાન પાના નં.૪ પર

## તિકડમ !

– દેવેન વ્યાસ



**ખરેખર સંશોધન તો એ થવું જોઈએ કે તમાકુ ખાવા અને પીવાની ગુલામી માંથી કેવી રીતે મુક ત થઈ શકાય !**

## T૨૦ વર્લ્ડ કપમાં ભારતે મેળવેલા ભવ્ય વિજય બદલ ક્રિકેટ ટીમને વિધાનસભા ગૃહએ અભિનંદન પાઠવ્યા

ગાંધીનગર : ગુજરાત વિધાનસભા ગૃહની કાર્યવાહી શરૂ થઈ ત્યારે વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ અમદાવાદ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગઈકાલે યોજાયેલ ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની T ૨૦ વર્લ્ડ કપ ફાઈનલની યોજાયેલી મેચમાં ભારત ના ભવ્ય વિજય અંગે ખુશી વ્યક્ત કરીને ભારતની ક્રિકેટ ટીમને વિધાનસભા ગૃહના તમામ સભ્યો વતી અભિનંદન પાઠવ્યા હતા. અમદાવાદમાં ગઈકાલે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે T ૨૦ વર્લ્ડ કપની ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ફાઈનલ મેચ રમાઈ હતી જેમાં ભારતે ૯૫ રને ભવ્ય વિજય મેળવીને વર્લ્ડ કપ સતત બીજીવાર જીતતા આજે ગુજરાત વિધાનસભા ગૃહમાં વિધાનસભા ગૃહના સભ્યો વતી વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ ભારતીય ક્રિકેટ ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી અને અભિનંદન આપ્યા હતા. વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે આ મેચમાં કેન્દ્રના ગૃહ મંત્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ પણ ઉપસ્થિત રહીને મેચ નિહારી અને આ વિજયની ક્ષણના સાક્ષી બન્યા હતા.

## ઈરાનના સર્વોચ્ચ નેતા બન્યા મોજતબા ખામેની : ટ્રમ્પે આપી ધમકી કહ્યું-લાંબો સમય નહીં ટકી શકે

(એજન્સી દ્વારા) નવી દિલ્હી : મધ્ય પૂર્વમાં ઈરાન ઈઝરાયલ અને અમેરિકા વચ્ચે ચાલી રહેલ યુદ્ધ વધુ તીવ્ર બની રહ્યું છે. આ દરમિયાન ઈરાનના દિવંગત સર્વોચ્ચ નેતા અયાતુલ્લા અલી ખામેનીના પુત્ર મુજતબા ખામેનીને તેમના ઉત્તરાધિકારી અને દેશના નવા સુપ્રીમ લીડર તરીકે પસંદ કરવામાં આવ્યા છે. તેમના નામની જાહેરાત ઈરાની સરકારી ટીવીએ સોમવારે વહેલી સવારે કરી હતી. તેમના પિતાના મૃત્યુ પહેલા પણ યુવાન ખામેનીને લાંબા સમયથી આ પદ માટે દાવેદાર તરીકે જોવામાં આવતા હતા, જોકે તેમણે ક્યારેય ચૂંટાયેલા કે નિયુક્ત સરકારી પદ સંભાળ્યું ન હતું. ઈરાની મીડિયાના અહેવાલો મુજબ, આયતુલ્લા સૈયદ મોજતબા ખામેનેઈની નિમણૂક પર મહોર લગાવી દેવામાં આવી છે. નવા નેતા તરીકે સત્તા સંભાળતાની સાથે જ મોજતબા એક્શન મોડમાં આવ્યા અને અને ઈરાને ઈઝરાયેલ પર મિસાઈલો અટેક કર્યો છે.

## દાહોદ, અમરેલી અને અમદાવાદ ગ્રામ્ય કોર્ટને બોમ્બથી ઉડાડવાની ધમકી મળતા ચકચાર

ગાંધીનગર : દાહોદ અને અમરેલીની કોર્ટને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી મળતા આજે સમગ્ર સરકારી તંત્ર અને પોલીસ વિભાગમાં ભારે દોડધામ મચી ગઈ છે. આ મામલે પ્રાપ્ત વિગતો અનુસાર, પોસ્ટ ઓફિસને એક પત્ર મળ્યો હતો જેમાં દાહોદ અને અમરેલી, અમદાવાદ ગ્રામ્ય જિલ્લાની કોર્ટને નિશાન બનાવવાની ધમકી આપવામાં આવી હતી. આ ગંભીર બાબતની જાણ થતા જ પોલીસ કાફલો, FSLની ટીમ અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સાવચેતીના

### તંત્ર દ્વારા સઘન સર્ચ ઓપરેશન શરૂ




અનુસંધાન પાના નં.૪ પર

# અનુ. જાતિ મોરચા દ્વારા ગાંધીનગર ખાતે રાજ્ય સરકારનો ઋણ સ્વીકાર તેમજ અભિવાદન કાર્યક્રમ યોજાશે




**૧૩ માર્ચના કાર્યક્રમ માટે કચ્છ જિલ્લા ભાજપ અનુ. જાતિ મોરચા દ્વારા આયોજન બેઠક યોજાઈ**

ભુજ - કચ્છઉદય : ભૂપેન્દ્રભાઈ પટેલના વડપણ હેઠળની રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ અને લોકો માટે વિવિધ યોજનાઓમાં વિશેષ લાભ પાઠવતા નિર્ણયો લેવા બદલ ગુજરાત પ્રદેશ ભાજપ અનુ. જાતિ મોરચા દ્વારા ગુજરાત સરકારનું ઋણ સ્વીકારીને મુખ્યમંત્રી સહિતના મોવડીઓ અને અધિકારીગણના ભવ્ય અભિવાદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જે અંતર્ગત કચ્છ જિલ્લા ભાજપ અનુ. જાતિ મોરચા દ્વારા આજરોજ જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદની અધ્યક્ષતામાં અને સાંસદ વિનોદભાઈ ચાવડાની ઉપસ્થિતીમાં એક આયોજન બેઠક યોજવામાં આવી હતી.

જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદે જણાવ્યું હતું કે, ગુજરાતની ભાજપા સરકાર દ્વારા હંમેશા સબ કા સાથ સબ કા વિકાસ સૂત્રને અમલ માં મૂકી દરેક સમાજનો વિકાસ થાય તેવા નિર્ણયો લીધા છે ત્યારે અનુસૂચિત જાતિ માટે પણ વધુ ફાયદાકારક અને વિશેષ લાભ આપતા નિર્ણયો બજેટમાં લેવામાં આવ્યા છે જેમાં મુખ્યત્વે અનુ. જાતિ ના વિદ્યાર્થીઓની શિષ્યવૃતિની આવક મર્યાદા જે અગાઉ ૨.૫ લાખ હતી તે વધારીને ૬.૦૦ લાખ કરવામાં આવી છે. આ નિર્ણયથી વધુમાં વધુ વિદ્યાર્થીઓને લાભ મળશે અને સમાજના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવવા પ્રેરાશે.

કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીની કેન્દ્ર અને રાજ્ય સરકાર હર હંમેશ અનુ. જાતિ માટે ચિંતિત રહીને લાભદાયી પગલાં લેતી આવી છે ત્યારે ગુજરાત સરકારે આ બજેટમાં પણ શિષ્યવૃતિની આવક મર્યાદા વધારવા ઉપરાંત શિષ્યવૃતિની રકમ માં પણ વધારો કરવાનો નિર્ણય લીધો છે ત્યારે સરકારનો આભાર માનવા યોજાનાર ભવ્ય અભિવાદન સમારોહમાં વધુમાં વધુ લોકો જોડાય તેવી વ્યવસ્થા ઘડી કાઢવા આહવાહન કર્યું હતું.

આ બેઠકના મુખ્ય વક્તા એવા પૂર્વ ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરીએ ગુજરાત સરકાર દ્વારા અનુ. જાતિ માટે કરવામાં આવેલ અમૂલ્ય નિર્ણયો બદલ આભાર વ્યક્ત કરીને વધુમાં વધુ અનુ. જાતિના લોકો આ કાર્યક્રમમાં જોડાય તે માટે સતત પ્રયત્નશીલ રહેવા સર્વે હોદેદારોને જણાવ્યું હતું. વધુમાં જણાવ્યું હતું કે, અગાઉ શૈક્ષણિક લોન જે બે હપ્તામાં આપવામાં આવતી હતી તે હવેથી એક સાથે આપવામાં આવશે. જયારે ભાજપ સરકાર અનુ.જાતિ માટે આટલી ઉદાર હોય ત્યારે તેમનું ઋણ ચૂકવવું એ અનુ. જાતિ મોરચાની ફરજ બની રહે છે. કાર્યક્રમની શરૂઆતમાં જિલ્લા ભાજપ અનુ. જાતિ મોરચાના અધ્યક્ષ રવિભાઈ ગરવા દ્વારા સ્વાગત પ્રવચન કરી કાર્યક્રમની રૂપરેખા જણાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિશેષપણે વિનોદભાઈ ચાવડા, રમેશભાઈ મહેશ્વરી સહિત મોરચાના પૂર્વ અધ્યક્ષો અશોકભાઈ હાથી, ધનજીભાઈ હેંગડા, સામતભાઈ મહેશ્વરીનું સન્માન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ અને અનુ. જાતિ મોરચા પ્રભારી પ્રફુલસિંહ જાડેજા, જિલ્લા ભાજપ મંત્રી કંચનબેન વાઘેલા સહિત મોટી સંખ્યામાં જિલ્લામાંથી મોરચાના આગેવાનો અને કાર્યકરો જોડાયા હતા. કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધિ ક્રમશઃ મોરચાના મહામંત્રીઓ શામજીભાઈ વાણીયા અને પરસોત્તમભાઈ મારવાડાએ કરી હોવાનું કચ્છ જિલ્લા ભાજપ મીડિયા ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવી તેમજ સહ ઈન્ચાર્જ ચેતનભાઈ કતીરાની સંયુક્ત યાદીમાં જણાવાયું હતું.

# પ્રફુલ શાહના તમામ પુસ્તકો સ્કુલમાં હોવા જોઈએ : પીઢ અભિનેત્રી ગોપી દેસાઈ






ભુજ - કચ્છઉદય : ભુજોડીના આંગણે પ્રફુલ શાહ લિખિત હિન્દી પુસ્તક 'સરહદ કા સુપરકોપ'નું વિમોચન પ્રખ્યાત ફિલ્મ નિર્માતા ડૉ જયંતીલાલ ગડા, અભિનેત્રી ગોપી દેસાઈ, પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષક વિકાસ સુંડાના અતિથિવિશેષ પદેથી કરવામાં આવ્યું હતું. મૂળ સૌરાષ્ટ્રના નિવૃત પોલીસ અધિકારી દિલીપ અગ્રાવતે કચ્છમાં કરેલી નોંધપાત્ર કામગીરીને આલેખતા મુંબઈના જાણીતા લેખક અને પત્રકાર પ્રફુલ શાહનું આ ૫૫મું પુસ્તક છે. આ ડોક્યુનોવેલની ગુજરાતી અને અંગ્રેજીના બહોળા પ્રતિસાદના પગલે માત્ર ૫૦ દિવસમાં હિન્દીકરણનું વિમોચન કરાયું હતું. કંડલા ટીંબર એસોસિએશન દ્વારા ભુજોડી સ્થિત ડ્રીમ રિસોર્ટ્સમાં આયોજિત કાર્યક્રમમાં બોલીવુડના ટોચના ફિલ્મ નિર્માતા મુંબઈને કર્મભૂમિ બનાવનાર મૂળ લાકડિયા વાગડ વિસ્તારના ડો. જયંતીલાલ ગડાએ પુસ્તકનું હિન્દીકરણ તેને રાષ્ટ્રીયતા અને અંગ્રેજીકરણ તેને આંતરરાષ્ટ્રીય સ્તર પર પહોંચાડશે એવી લાગણી વ્યક્ત કરી હતી.

**પ્રફુલ શાહ લિખિત પોલીસ અધિકારી દિલીપ અગ્રાવતની સાહસિક જીવનગાથા પરના હિન્દી પુસ્તકનું મહાનુભાવોની હાજરીમા કરાયું વિમોચન : પોલીસ બોર્ડરિંગ માટે ઉત્તમ દસ્તાવેજીકરણ એટલે સરહદ કા સુપર કોપ : પશ્ચિમ કચ્છ એસપી**

બોલીવુડના એકમાત્ર ગુજરાતી મહિલા દિગ્દર્શક અને અભિનેત્રી ગોપી દેસાઈએ ચાર ફિલ્મોનું શૂટિંગ કચ્છમાં કર્યું છે, તેમણે શૂટિંગના દાયકાઓ જુના સંસ્મરણો વાગોળતા પ્રફુલ શાહના પુસ્તકના અભિપ્રાયમાં લેખકની કમાલની કલમને બિરદાવ્યા હતા. લેખક વ્યક્તિ અને વ્યક્તિત્વને શોધીને તે લખે છે, જેમાં વિષય પસંદ કરવો સહેલો હોય પણ એ વિષયને ઊંચાઈ પણ પહોંચાડવું અઘરું હોવા છતાં પ્રફુલ શાહ તેમાં ઉતીર્ણ થયા છે. આવા ચમકાલીન સાંપ્રત લેખકો ગુજરાતનું ગૌરવ હોવાથી તેમના તમામ પુસ્તકો શાળા સંસ્થાઓમાં હોવા જોઈએ એવી આશા રજૂ કરી હતી. મૂળ સૌરાષ્ટ્રના નિવૃત ડીવાયએસપી દિલીપભાઈ અગ્રાવતના અસાધારણ પરાક્રમોને વાચા આપતા પ્રફુલભાઈના ૫૫મા પુસ્તક વિશે પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષક વિકાસ સુંડાએ બારીકાઈથી નિરીક્ષણ રજૂ કરતા બોર્ડર પોલીસિંગ માટેનું ઉત્તમ દસ્તાવેજીકરણ ગણાવ્યું હતું. નેશનલ પોલિસ એકેડેમી હૈદરાબાદમાં બોર્ડર પોલીસિંગ માટે બેસ્ટ પુસ્તક હોવાને લીધે હું હિન્દી અને અંગ્રેજી આવૃતિ ત્યાં મૂકવા માટે ભલામણ કરીશ. અને કચ્છના પોલીસ સ્ટાફ માટે તો આ પુસ્તકને મેં આ દસ્તાવેજને અનિવાર્ય જાહેર કરી દીધું છે.

વ્યક્તિ પોતાના અનુભવથી શીખે છે તે આ પુસ્તક જણાવે છે. આજના ડિજિટલ જમાનામાં સાહિત્યનું વાંચન ખૂબ ઓછું થઈ રહ્યું છે પરંતુ સાહિત્યનું સ્થાન મોબાઈલ કોઈ દિવસ નહીં લઈ શકે. પુસ્તકના ચુસ્ત સંવાદો, મધુર ભાષા, સમય સમયે કરેલા રૂપક અલંકારનો ઉપયોગ પ્રસંગોમાં જીવંતતાનો અનુભવ કરાવે છે.

સર્જક અનુભવો જણાવતા શ્રી શાહે કહ્યું કે કચ્છની ધરા શૌર્ય અને સંસ્કૃતિની દ્રષ્ટિએ સૌને અહીં ખેંચી લાવે છે, સરહદી જિલ્લો હોવાને લીધે સંવેદનશીલતા મહેસૂસ કરતા વ્યક્તિઓ વિશે જાણ્યા બાદ એમને પુસ્તકાકારે રજૂ કરવા પ્રેરાયો છું. અતિ વ્યસ્ત આયોજનમાંથી જાણીતી હસ્તીઓએ અહીં ઉપસ્થિત રહીને મારો બળ વધાર્યો છે. મારી લેખનયાત્રામાં પ્રત્યક્ષ અને પરોક્ષ મદદગારનો હું હંમેશા ઋણી રહીશ. સત્ય ઘટનાઓની વાત પાનેપાને નહીં પણ શબ્દસર અનુભવાય છે, પોલીસ અધિકારીએ કરેલી કુનેહપૂર્વકની કામગીરીનું રોમાંચક વર્ણન રસ જગાવનારું છે એવું પુસ્તક પરિચય આપતા સમીક્ષક સુનિલભાઈ માંકડે જણાવ્યું હતું. સંચાલન પીઢ પત્રકાર વિપુલભાઈ વૈદ્ય, સ્વાગત આભારવિધિ ટીમ્બર એસોસિયેશનના ઉપપ્રમુખ હેમચંદ્ર રાવલ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત સાહિત્યપ્રેમીઓએ સન્માન દ્વારા પ્રફુલભાઈ, દિલીપભાઈ તથા તેમના પરિવારને વધાવી લીધા હતા.કાર્યક્રમમાં સરહદના પગીઓ સાથે એસોસિયેશનના પ્રમુખ નવનીત ગજ્જર તથા અન્ય સભ્યો, ગાભુભાઈ વણકર, મિયા હુસૈન, ઈસ્માઈલ લાડકા, ડ્રીમ રિસોર્ટના મહેન્દ્ર કેરાઈ, પ્રતાપસિંહ જાડેજા, જગદીશ ઠક્કર, વિનય રેલોન, મહિદિપસિંહ જાડેજા, વિક્રમસિંહ જાડેજા, નરેશ અંતાણી, અખિલેશ અંતાણી, ડૉ રાજેશ માહેશ્વરી, જ્યોત્સનાબા પઢિયાર, દિનેશ કલવા, જે ડી સરવૈયા, પીએસઆઈ જોશી સહિતના ઉપસ્થિત રહ્યાં હતા.

આ જ પુસ્તકની ગુજરાતી આવૃત્તિનું વિમોચન અમદાવાદમાં પૂર્વ ડીજીપી એ. કે. સિંહ તથા અંગ્રેજી આવૃત્તિનું વિમોચન દિલ્હીના વર્લ્ડ બુક ફેરમાં બોલિવૂડ અભિનેતા -દિગ્દર્શકઅનંત મહાદેવનના હસ્તે કરવામાં આવ્યું હતું. લેખકના અગાઉ પણ કચ્છના મુદ્દે વિવિધ પુસ્તકનુ ચાર ભાષામાં નવ આવૃત્તિઓ પ્રકાશિત થઈ ચૂકી છે.

# શ્રદ્ધા સ્કૂલના વિદ્યાર્થીઓ નેશનલ લેવલ આર્ટ કોમ્પિટીશનમાં ઝળક્યા




ભુજ - કચ્છઉદય : માધાપર સ્થિત કચ્છજન કલ્યાણ ટ્રસ્ટ સંચાલિત શ્રદ્ધા સ્કુલ એન્ડ કોલેજ ખાતે આર્ટ એડવેન્ચર ધ નેશનલ લેવલ આર્ટ કોમ્પીટીશન દ્વારા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું, જેમાં ૨૫૦થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાંથી ૫૦થી વધારે વિદ્યાર્થીઓએ મેડલ્સ અને ઈનામો પ્રાપ્ત કર્યા હતા. દરેક ભાગ લેનાર વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. સ્કૂલને મોસ્ટ પાર્ટિસિપેટ સર્ટિફિકેટ પણ પ્રાપ્ત થયેલ છે. આ પ્રસંગે શાળાના ચેરમેન પ્રિત્તમભાઈ ઠક્કર, મેનેજિંગ ડાયરેક્ટર મનોજભાઈ ઠક્કર તથા શાળાના આચાર્ય રીટાબેન અધ્યારૂએ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર સ્પર્ધાનું સંચાલન પૂજાબેને કર્યું હતું.

# લગ્ન પ્રસંગે ચકલીના માળા રૂપે કંકોત્રી આપવાનુ પ્રેરણાજનક પગલું

**મોથાળાના સરપંચને પોતાના લગ્ન પ્રસંગે આવું વિચાર પહેલીવાર આવ્યો હતો પણ કોરોનાને કારણે મનમાં જ રહી ગયેલો તે વિચાર તેમના બહેનના લગ્ન પ્રસંગે ફરીથી ટહુકા કરવા લાગ્યો અને પછી તેમણે સુંદર વિચારને મૂર્તિમંત કરી અને સમાજને એક નવી દિશા બતાવી પ્રેરણા આપી**




**કંકોત્રી રૂપે પંખીનો માળો આપવાના વિચારને સમર્થન આપના વિનેકભાઈ ડાભીનો પરિવાર અને જેના લગ્ન છે તે મોનિકા બહેન વચ્ચે નજરે પડે છે. અને તેમણે સૌથી પ્રથમ પોતાના ઘરમાં કંકોત્રીરૂપી ચકલીનો માળો લગાડીને પ્રસંગના મંગલાચરણ કર્યા હતા ત્યારની તસવીર.**

ભુજ - કચ્છઉદય : લગ્ન પ્રસંગ એટલે નવદંપતીના દાંપત્યજીવનનો "માળો" બનાવવાની ઘટના. આ શુભ અવસર સાથે સંવેદનાનો સરવાળો કરી અને કંકોત્રી એક માળાના રૂપે બનાવી અને આપવાનો નવતર વિચાર અબડાસા તાલુકાના મોથાળા ગામના સરપંચ અને ભુજમાં ધારાશાસ્ત્રી તરીકે વ્યવસાય કરતા વિનેકભાઈ ડાભીને આવતાં તેમણે મૂર્તિમંત અમલ કર્યો છે. દેખાદેખીમાં સામાન્ય રીતે મોંઘીદાટ કંકોત્રીઓ છપાવાય પરંતુ કેટલાક દિવસો પછી તે કંકોત્રીઓ ખૂબ જ સરસ હોવા છતાં તેનું અસ્તિત્વ રહેતું નથી. ત્યારે આ વિચાર ખૂબ જ આવકારદાયક છે.

વિનેકભાઈએ જણાવ્યું કે ૨૦૨૦માં તેમના પોતાના લગ્ન નક્કી થયા હતા ત્યારે જ તેમને આવો વિચાર આવ્યો હતો પરંતુ ત્યારે કોરોનાને કારણે કેટલાક પ્રતિબંધ આવી જતા તે વિચાર મનમાં જ રહી ગયો પણ પછી તેમના બહેન મોનિકાના આશિષકુમાર સંગે લગ્ન પ્રસંગ આગામી ૧૨મી માર્ચે યોજાઈ રહ્યો છે, તેના પહેલા તેમના મનમાં ૨૦૨૦નો તે ખૂબ જ સરસ વિચાર ફરીથી પંખી બની અને ટહુકા કરવા લાગ્યો.

તેમણે ઈન્ટરનેટ પર સર્ચ કરી અને આ પ્રકારની કંકોત્રી માટે રાજકોટનું સરનામું મેળવી સંપર્ક કર્યો અને એમનું સાકાર થયું. કંકોત્રી આપવા જતી વખતે આટલા બધા બોક્સ લઈ જવામાં તકલીફ ન થાય એવા પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું કે સામાન્ય રીતે કંકોત્રીમાં પહેલેથી નામ લખીને તૈયાર કરાવતી હોય છે, પરંતુ અમે બધા પરિવારજનો આગલે દિવસે શાંતિ જેટલી કંકોત્રી બીજે દિવસે દેવાની હોય તેના બોક્સ બનાવી અને દોરી પરોવવાનું કામ શરૂ કરી દઈએ.

બીજે દિવસે જ્યારે કંકોત્રી આપવા જઈએ ત્યારે જેમનું જેમનું ઘર નજીક આવતું જાય ત્યારે તેમના ઘર પાસે જ નામ લખતા જઈએ. ઘણા લોકો તો તેમની નજરની સામે કંકોત્રી માળો લગાડી અને ખુશી વ્યક્ત કરે છે. ખરેખર કંકોત્રી માળાના રૂપે આપવાનો વિચાર ખૂબ જ અદભુત અને પ્રેરણાજનક છે.

## મોથાળાના દરજી પરિવારની પુત્રીના લગ્નપ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પાઠવી શુભેચ્છાઓ

ભુજ - કચ્છઉદય : ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અબડાસાના મોથાળા ગામના આગેવાન મહેન્દ્રભાઈ ટી. દરજીની પુત્રી મોનિકા અને આશિષના આગામી ૧૨ માર્ચના રોજ યોજાનાર લગ્નોત્સવ નિમિત્તે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે. મુખ્યમંત્રીએ પોતાના પત્રમાં નવદંપતીને જીવનની નવી સફર માટે મંગલ આશીર્વાદ આપતા જણાવ્યું છે કે, લગ્ન એ પરંપરાગત મૂલ્યો અને આધુનિક જવાબદારીઓનો સંગમ છે. સંસ્કૃત સૂત્ર સખા સપ્તપદા ભવનો ઉલ્લેખ કરી તેમણે પારદર્શિતા, પરસ્પર આદર અને સમર્પણ સાથે નવયુગલ આદર્શ ભાગીદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે તેવી અભ્યર્થના વ્યક્ત કરી છે. આ પત્ર દ્વારા મુખ્યમંત્રીએ સમગ્ર દરજી પરિવારને શુભકામનાઓ પાઠવી નવયુગલનું આગામી જીવન ઉદ્દેશ્યપૂર્ણ સિદ્ધિઓથી પરિપૂર્ણ રહે તેવા આશીર્વાદ આપ્યા છે.

## રોઝા–૧૯

### કુફ્ર, કાફિર, "શિર્ક" અને "મુશરીક"

**ઈફ્તાર : ૭:૦૨** | **સહેરી : ૫:૪૩**

કુર્આનમાં જે 'કાફિરો'થી યુદ્ધ કરવાની વાત આવી છે. તેનું કારણ તેમનું માત્ર કાફિર હોવું જ નહીં, બલ્કે તે વાત તેમના ઘોર અપરાધો અને તેમણે જે પરિસ્થિતી ઊભી કરી દીધી હતી તેને લઈને કહેવામા આવી છે. તેમણે જેવા અપરાધો કર્યા હતા અને જે વિષમ પરિસ્થિતિ ઊભી કરી હતી, જો કોઈ મુસલમાન પણ એવું જ કરે તો તેના વિરૂદ્ધ પણ ઈસ્લામી રાજય યુદ્ધ કરશે. આપણે જોઈએ છીએ કે ઈસ્લામના પ્રથમ ખલીફા હઝરત અબુબકર રદી.ના શાસનકાળમાં જયારે કેટલાક મુસલમાનોએ 'ઝકાત' આપવાનો ઈન્કાર કર્યો તો તેમના વિરુદ્ધ પણ તેમણે યુદ્ધની ઘોષણા કરી હતી. આવી જ રીતે દરેક ધર્મમાં તે ધર્મની મૌલિક ધારણાઓ અને શિક્ષાઓ પર વિશ્વાસ ન રાખનાર વ્યક્તિઓ માટે ચોક્કસ શબ્દાવલિનો પ્રયોગ થાય છે, જેમ કે હિન્દુ ધર્મમાં પણ તે લોકોને નાસ્તિક, અનાર્ય, અસભ્ય, દસ્યું અને માલિચ્છ કહેવામાં આવ્યા છે જે હિન્દુ આસ્થા વિરુદ્ધ આચરણ કરે. આથી સ્પષ્ટ થયું કે શબ્દ 'કાફિર'માં અપમાનની કોઈ વાત નથી બલ્કે આ તો સત્ય ધર્મને માનવાવાળાઓ અને ન માનવાવાળાઓ વચ્ચે ભેદ કરવા માટે જ છે. ઈસ્લામ આ વાત એટલા માટે સ્પષ્ટ કરી દેવા માંગે છે જેથી તેને માનવાવાળા ઉપર ઈસ્લામી આદેશો લાગુ કરી શકાય, કેમ કે ઈસ્લામ તો નામ જ છે અલ્લાહે આપેલ માર્ગદર્શન અનુસાર જીવન વિતવવાનું.

શિર્કનો અર્થ છે શરીક કરવું કે ભાગીદાર ઠેરવવું કે સમકક્ષ ઠેરવવું. સરળ ભાષામાં કહીએ તો એકથી વધુ ઈશ્વરમાં માનવું. કુર્આનની પરિભાષામાં અલ્લાહના અસ્તિત્વ કે તેના ગુણો અને તેના અધિકારોમાં કોઈને ભાગીદાર ઠેરવવું કે સમકક્ષ ઠેરવવું 'શિર્ક' છે અને 'શિર્ક' કરવા વાળાઓને "મુશરિક" (અનેકેશ્વરવાદી) કહેવાય છે. હવે જયાં સુધી કુર્આનમાં અનેકેશ્વરવાદ અને મૂર્તિપૂજાનું ખંડન કરવામાં આવ્યું છે અને 'કુફ્ર' અને 'શિર્ક' કરનારાઓને પરલોકની યાતનાથી ડરાવવામાં આવ્યા છે તો તેનો ઈશ્વરને અધિકાર છે. એક સાદો તર્ક છે કે જેણે આ સમગ્ર સૃષ્ટિ પેદા કરી. જેણે મનુષ્યને એક સર્વાંગ - સુંદરરૂપમાં સજર્યો, જેણે મનુષ્યો માટે તેમના સરળ જીવન માટે તમામ જરૂરતોની પૂર્તિ કરી તે વાસ્તવિક સૃષ્ટા સ્વામી જીવન દાતા, પાલનહાર, પરમ દયાળુ, અને કૃપાળુ ઈશ્વર પોતાના સર્જેલા જનસમૂહથી એ અપેક્ષા કરે છે કે તેના સાથે કોઈને ભાગીદાર ન બનાવે કે તેના સમકક્ષ કોઈને ન સમજે. અને ન તેની અવજ્ઞા કરે તો શું ખોટું છે ? દુનિયામાં કોઈ માલિક પોતાના નોકરને તેની ભૂલ, અવજ્ઞા કે વિદ્રોહ માટે ઠપકો નથી આપતો જરૂર પડે તો સજા નથી આપતો? આ દુનિયામાં કોઈ શાસક પોતાની સત્તા અને અધિકારોમાં કોઈ બીજાને ભાગીદાર બનાવવા તૈયાર હોય છે ? કોઈ દેશ કોઈ એવા વ્યક્તિને મંત્રીપદ સોંપી શકતો નથી જે તે દેશના બંધારણને ન માનતો હોય કે તેનાથી વિરુદ્ધ વર્તતો હોય. કોઈ આબરૂદાર અને પ્રતિષ્ઠિત પતિ એ સહન નથી કરી શક્તો કે તેની ધર્મપત્ની તેના સિવાય જેને ચાહે તેને પતિ બનાવતી ફરે. આમ કુર્આનમાં પ્રયુક્ત 'કુફ્ર' કે 'કાફિર' કે 'શિર્ક' કે 'મુશરિક' વગેરે શબ્દો વાસ્તવમાં ગુણવાચક શબ્દો છે અને તેનો સંદર્ભ જે તે પરિસ્થિતી અને વ્યક્તિની ધારણાઓ અને માન્યતાઓ સાથે છે. **-સૈયદ અલીઅસગર-ઢોરી**

**નોંધ : આ સમય ભુજ તથા માંડવી માટે છે. બાકીના શહેરો અને ગ્રામીણ વિસ્તારોએ આ સમયને સ્થાનિક સમય સાથે મેળવી લેવું. દા.ત. : નખત્રાણા ૨ મિનીટ ઉમેરવી (વધારવી), મુન્દ્રા ૨ મિનીટ બાદ કરવી (ઘટાડવી)**

**ગાંધી રિસર્ચ ફાઉન્ડેશન, જલગાંવ-મહરાષ્ટ્ર દ્વારા લેવામાં આવતી**

# ગાંધી વિચાર સંસ્કાર પરીક્ષામાં એમડી કોલેજના વિદ્યાર્થીઓ ઝળક્યા




ભુજ - કચ્છઉદય : ગાંધી રિસર્ચ ફાઉન્ડેશન એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે, જે વિભિન્ન પ્રકારની પ્રવૃત્તિઓ દ્વારા મહાત્મા ગાંધીના જીવન મૂલ્યો સત્ય, અહિંસા, શાંતિ, પર્યાવરણ સંવર્ધન, પરસ્પર સહયોગની ભાવનાનો વૈશ્વિક સ્તર પર વિકાસ કરવાના હેતુથી કાર્યરત છે. વર્ષ ૨૦૦૭માં ફાઉન્ડેશન દ્વારા ગાંધી વિચાર સંસ્કાર પરીક્ષા નામક એક મહત્વપૂર્ણ કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો છે, જેમાં ગાંધીજીના વિચારો પર આધારિત પુસ્તક વિદ્યાર્થીઓને વાંચવા આપવામાં આવે છે અને પરીક્ષા લેવામાં આવે છે. આ પરીક્ષાના માધ્યમથી વિદ્યાર્થીઓમાં શાશ્વત જીવન મૂલ્યો અને નૈતિક મૂલ્યોના વિકાસ દ્વારા ચારિત્ર્ય નિર્માણનો ઉમદા પ્રયાસ કરવામાં આવે છે.

વર્ષ-૨૦૨૫માં સમગ્ર કચ્છ જિલ્લામાં લેવાયેલ ગાંધી વિચાર સંસ્કાર પરીક્ષામાં દ્વિતીય અને તૃતીય ક્રમ હરિપરની એમ. ડી. કોલેજના વિદ્યાર્થીઓએ મેળવ્યા છે. શુકલ હેતી સ્મિતભાઈએ દ્વિતીય ક્રમ સાથે રજત ચંદ્રક પ્રાપ્ત કર્યો છે, જ્યારે જોશી રિશી કપિલભાઈએ તૃતીય ક્રમ સાથે કાસ્ય ચંદ્રક પ્રાપ્ત કર્યો છે. પરીક્ષા સંયોજકની કામગીરી પ્રા. કંચનબેન હિરાણીએ કરી હતી. કોલેજના આચાર્ય ડૉ. હિમાંશુ પટેલે વિદ્યાર્થોઓને અભિનંદન પાઠવ્યા હતા તેમજ દર વર્ષે આ પરીક્ષા આયોજિત કરી વિદ્યાર્થીઓના ભાવિ જીવનને સંસ્કારીત કરવાની ચેતના જગાવી હતી. સંસ્થાના ચેરમેન, સેક્રેટરી, ડાયરેક્ટર, ટ્રસ્ટીગણ તેમજ તમામ કર્મચારીગણે જિલ્લા કક્ષાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર બંને વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

# નાડાપાના ખેડૂતોને ધમકી આપી ખંડણી માંગનાર આરોપીના જામીન નામંજૂર

ભુજ - કચ્છઉદય : તાલુકાના નાડાપા ગામના રહેવાસી ઓસમાણ હુસેન લુહાર અને તેના પુત્ર લીયાકત લુહાર વિરુદ્ધ પધ્ધર પોલીસ સ્ટેશનમાં ખંડણીનો ગુનો નોંધાયો હતો. આરોપીઓએ ફરિયાદી પાસે એક લાખ રૂપિયાની માંગણી કરી હતી અને જો પૈસા ન આપે તો ખોટા લેન્ડગ્રેબિંગના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે આરોપીઓએ અગાઉ પણ અન્ય વ્યક્તિઓ પાસેથી વાંધા અરજીઓ ખેંચવા માટે સાત લાખ જેવી માતબર રકમ પડાવી હતી અને ગામના અન્ય ખેડૂતોને પણ નિરાધાર અરજીઓ કરી પરેશાન કર્યા હતા. આરોપીઓના ત્રાસથી કંટાળી ગામના લોકોએ એસ.પી.ને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી, જેના આધારે એલ.સી.બી.એ તપાસ હાથ ધરી ઓસમાણ લુહારની ધરપકડ કરી હતી, જ્યારે તેનો પુત્ર હજુ ફરાર છે. આરોપીએ કોર્ટમાં જામીન મેળવવા અરજી કરી હતી, ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે ગુનાની ગંભીરતા અને આરોપીની સક્રિય ભૂમિકાને ધ્યાને લઈ જામીન અરજી નામંજૂર કરી તેને પાલારા જેલ મોકલી આપવાનો હુકમ કર્યો છે. ફરિયાદીના વકીલ દેવાયત બારોટ અને ખીમરાજ ગઢવીએ દલીલો કરી હતી.

# નખત્રાણા તાલુકા કોંગ્રેસે ચૂંટણીઓનો શંખનાદ ફુંક્યો




**'સેન્સ' પ્રક્રિયામાં ઉમેદવારોનો રાફડો ફાટ્યો : જિલ્લા પ્રમુખ વી.કે. હુંબલ સહિત નેતાઓએ માર્ગદર્શન આપ્યું : કોંગ્રેસ એકજુટ થઈ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાની ચૂંટણી લડશે : સ્વચ્છ પ્રતિભા ધરાવતા યુવાઓને તક અપાશે**

નખત્રાણા - કચ્છઉદય : આગામી સ્થાનિક સ્વરાજ્ય અને નગરપાલિકાની ચૂંટણી નજીકના સમયમાં આવી રહી છે, ત્યારે જે.પી. હોટલ ખાતે તાલુકા શહેર કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની 'સેન્સ' પ્રક્રિયા હાથ ધરાઈ હતી, જેમાં જિલ્લા પંચાયતની ૪ બેઠક, તાલુકા પંચાયતની ૧૮ અને નગરપાલિકાની ૨૭ બેઠકો માટે ઉમેદવારોનો રાફડો ફાટ્યો હતો.

તાલુકા કોંગ્રેસ પ્રમુખ રાજેશભાઈ આહિરે તમામ કાર્યકરો નેતાઓને આવકારી કાર્યક્રમનો એજન્ડા રજુ કર્યો હતો. શહેર કોંગ્રેસના પ્રમુખ લખમીરભાઈ રબારી સૂર પુરાવ્યો હતો. જિલ્લા કોંગ્રેસના પ્રમુખ વી.કે. હુંબલ, ચૂંટણી પ્રભારી રામદેવસિંહ જાડેજા, દેવેન્દ્રસિંહ જેઠવા, ડો. શાંતિલાલભાઈ સેંઘાણી, પી. સી. ગઢવી, જિલ્લા પંચાયત સભ્ય મામદભાઈ જુંગે જરૂરી ચૂંટણીલક્ષી માર્ગદર્શન આપીને કહ્યું કે, તમામ સીટો પર સક્ષમ અને મજબૂત યુવા ઉમેદવાર કોંગ્રેસ ઉભો રાખશે. અને સંગઠન શક્તિના મનોબળથી તમામ સીટો પર કોંગ્રેસ જવલંત વિજય મેળવશે. ભાજપના એકહથુ શાસનથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અને મતદારો હવે પરિવર્તન ઝંખીને કોંગ્રેસને શાસન કરવાની તક આપશે. દરેક સીટ વાઈઝ ઉપર ૩ ઉમેદવારોના સેન્સ લેવાશે. તેમાંથી આખરી ઉમેદવારને કોંગ્રેસ સીમ્બોલ આપશે. ચૂંટણીમાં તમામ કાર્યકરો આજથી કામે લાગી જાય તેવો અનુરોધ પણ કર્યો હતો.

બેઠકમાં કિરણબેન પોકાર, યોગેશભાઈ પોકાર, વિશનજીભાઈ પાંચાણી, લાખાજી સોઢા, ભગવતીબેન પટેલ, કલ્પનાબેન પટેલ, ઓસમાણ સુમરા, અમૃતભાઈ ધોળુ, ગીતેશ ઠક્કર, કેતનભાઈ પાંચાણી, વેરસીભાઈ મહેશ્વરી, નરેશભાઈ રમેશ સીજુ, હુસેન ખલીફા, જયંતીલાલ પરમાર, ભીમજીભાઈ વાઘેલા, મણિલાલ પટેલ, હંસરાજ ભાણજી કેસરાણી, મંગલ રબારી, પરબતભાઈ કુંવટ, રણજીતસિંહ જાડેજા, પ્રેમસિંહ સોઢા, દલપતસિંહ સોઢા, પ્રેમજીભાઈ લોચા, લક્ષ્મણ વાઘેલા, સલીમ ચાકી, મુસ્તાક ચાકી, સાવન ઠક્કર, કમલસિંહ સોઢા, મંગાભાઈ મારવાડા, મામદ ખમીસા, નરેશ શાહ, હુસેન રાયમા, ઓસમાણ સુમરા, ખેતશી ગજરા, રાણુભા જાડેજા, રાજેશ રૂડાણી, રવાભાઈ આહિર, વિનોદપુરી ગોસ્વામી સહિત કાર્યકરો, હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન અશ્વિનભાઈ રૂપારેલે કર્યું હતું.

# તેલના ભાવ પર કાબૂ મેળવવા G7 દેશો એક્શનમાં!

**ઈમરજન્સી ઓઈલ રિઝર્વના ઉપયોગ પર લેવાઈ શકે છે મોટો નિર્ણય : વૈશ્વિક અર્થતંત્ર પર મધ્ય પૂર્વના યુદ્ધનું જોખમ: ઇમરજન્સી ઓઇલ રિઝર્વના ઉપયોગ માટે G7 દેશોની તૈયારી**

નવી દિલ્હી : પશ્ચિમ એશિયા (મિડલ ઈસ્ટ) માં ચાલી રહેલા યુદ્ધને કારણે વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં જોરદાર ઉછાળો આવ્યો છે. આ સ્થિતિને પહોંચી વળવા અને વિશ્વના અર્થતંત્રને બચાવવા માટે ૭ દેશોના નાણામંત્રીઓ સોમવારે એક ઈમરજન્સી બેઠક યોજવા જઈ રહ્યા છે.આ બેઠકનો મુખ્ય એજન્ડા ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી સાથે મળીને વ્યૂહાત્મક તેલ ભંડાર માંથી તેલ મુક્ત કરવાનો છે.ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેના સંઘર્ષની અસર સોમવારે એશિયન બજારોમાં સ્પષ્ટપણે જોવા મળી હતી. બ્રેન્ટ ક્રૂડના ભાવમાં ૨૪ ટકાનો ઉછાળો આવતા તે પ્રતિ બેરલ ઈ૧૧૬.૭૧ પર પહોંચી ગયું હતું. અમેરિકામાં પણ પ ટ્રોલના ભાવમાં ભારે વધારો થયો છે, જે એક સપ્તાહમાં ઈ૨.૯૮ થી વધીને ઈ૩.૪૫ પ્રતિ ગેલન પર પહોંચી ગયા છે. જો આ વધારો ચાલુ રહેશે, તો વિશ્વભરના મોંઘવારીનો મોટો વિસ્ફોટ થઈ શકે છે.અત્યાર સુધી અમેરિકાની ટ્રમ્પ સરકાર એવું કહી રહી હતી કે બજારને સ્થિર કરવા માટે તેલના ભંડારનો ઉપયોગ કરવાની જરૂર નથી. જોકે, છેલ્લા એક સપ્તાહમાં જે પ્રકારે ભાવ વધ્યા છે, તેને જોતા હવે સરકારને પોતાની રણનીતિ બદલવી પડી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, અમેરિકા અને અન્ય ૭૭ દેશો કુલ ૧.૨ અબજ બેરલના ભંડારમાંથી ૩૦ કરોડ થી ૪૦ કરોડ બેરલ તેલ બજારમાં છોડવા અંગે ચર્ચા કરી શકે છે.

કતારના ઉર્જા મંત્રી સાદ અલ-કાબીએ શુક્રવારે ચેતવણી આપી હતી કે આ યુદ્ધ "વિશ્વના અર્થતંત્રને તોડી પાડી શકે છે." તેમણે આગાહી કરી છે કે જો સ્થિતિ ન સુધરે તો આખાતના ઉર્જા નિકાસકારો આગામી થોડા દિવસોમાં ઉત્પાદન બંધ કરી શકે છે. ભારત, ચીન, જાપાન અને જર્મની જેવા દેશો જે મોટા પાયે તેલની આયાત કરે છે, તેમના માટે આ ભાવ વધારો અત્યંત નુકસાનકારક સાબિત થઈ શકે છે.IEA ના ૩૨ સભ્ય દેશો પાસે હાલમાં ૧.૨૪ અબજ બેરલનો જાહેર સ્ટોક છે. આ સ્ટોક આયાત પર નિર્ભર દેશોની ૧૪૦ દિવસની જરૂરિયાત પૂરી કરવા માટે પૂરતો છે.

# ચોટીલા નાયબ કલેક્ટરનું મધરાત્રે ઓચિંતુ ચેકિંગ, કોલસાના ખનન સામે કાર્યવાહી

ગાંધીનગર : ચોટીલા સબ ડિવિઝન હેઠળના મુળી અને થાનગઢ તાલુકામાં ગેરકાયદેસર કોલસા ખનન સામે તંત્રએ કડક કાર્યવાહી હાથ ધરી છે. નાયબ કલેક્ટર એચ.ટી. મકવાણાએ ગત રાત્રે આકસ્મિક તપાસ કરી હતી. અગાઉ બુરાણ કરાયેલા ગેરકાયદેસર કૂવાઓ ફરી સક્રિય ન થાય તે મુખ્ય હેતુ હતો. ગત ૭ માર્ચ, ૨૦૨૬ના રોજ રાત્રિના ૧૦ કલાકે, ચોટીલા નાયબ કલેક્ટર એચ.ટી. મકવાણાએ જાતે મેદાનમાં ઉતરીને મુળી અને થાનગઢ તાલુકાના સંવેદનશીલ વિસ્તારોની મુલાકાત લીધી હતી. તેમણે ખનન પ્રવૃત્તિની સ્થિતિની સમીક્ષા કરી હતી. આ તપાસ મુળી તાલુકાના આસુન્દ્રાળી અને ઉમરડા તેમજ થાનગઢ તાલુકાના વેલાળા (સા) અને મનડાસર ગામોમાં કરવામાં આવી હતી. વહીવટી તંત્રનો મુખ્ય ઉદ્દેશ એ સુનિશ્ચિત કરવાનો હતો કે અગાઉ પૂરી દેવાયેલા ગેરકાયદેસર કૂવાઓમાં ફરીથી ખોદકામ શરૂ ન થાય અને અન્ય વિસ્તારોમાં થતા ગેરકાયદેસર ખનન પર રોક લગાવી શકાય. નાયબ કલેક્ટરે આ ચારેય ગામોમાં જઈને બુરાણ કરાયેલા કૂવાઓની સ્થિતિ ચકાસી હતી. આ ઉપરાંત, આસપાસના અન્ય વિસ્તારોમાં પણ ક્યાંય નવું ખનન તો નથી થઈ રહ્યું ને, તેની ઝીણવટભરી તપાસ કરી સ્થળ પર ખાતરી કરી હતી.વહીવટી તંત્રની આ કડક કાર્યવાહીને પગલે પંથકના ગેરકાયદેસર ખનન કરતા માફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. આગામી સમયમાં પણ આવી આકસ્મિક તપાસ ચાલુ રહેશે તેવા સંકેતો મળી રહ્યા છે.

## ગાંધીનગરના દ્વારેથી....

### કચ્છ જિલ્લામાં ૨૮૩ એકમોની ક્લેઈમ અરજીઓ મંજૂર કરવામાં આવી



ગાંધીનગર:કચ્છ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં આત્મનિર્ભર ગુજરાત યોજના -૨૦૨૨ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ માઈક્રો સ્મોલ એન્ડ મીડીયમ એન્ટરપ્રાઇઝ ૨૮૩ એકમોની ક્લેઈમ અરજીઓ મંજૂર કરવામાં આવી હોવાનું રાજ્યના લઘુ સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ વિભાગના નાયબ મુખ્યમંત્રીએ માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવે એ પૂછેલા એક લેખિત તારાંકિત પ્રશ્નના ઉત્તરમાં જણાવીને જણાવ્યું હતું કે રૂ ૨૦૮૩.૮૭ લાખની વ્યાજની સહાય ચૂકવવામાં આવી.

### વાજપાઈ બેકેબલ યોજના અંતર્ગત ૧૪૬૩ અરજદારોને લોન આપવામાં આવી



ગાંધીનગર : કચ્છ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં શ્રી વાજપાઈ બેકેબલ યોજના અન્વયે ૧૯૧૯ અરજીઓ મળી હોવાનું રાજ્યના ખાદી કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રીએ રાપ રના ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાએ પૂછેલા એક લેખિત તારાકિત પ્રશ્નના ઉત્તરમાં જણાવીને જણાવ્યું હતું કે આ અરજીઓ પૈકી ૧૯૧૫ અરજીઓ ની બેંકોને ભલામણ કરવામાં આવી હતી તે પૈકી બેંકો દ્વારા ૧૪૬૩ અરજદારોને લોન આપવામાં આવી છે.

### કચ્છ જિલ્લામાં કોઈ તાલુકામાં સ્પોટ્ર્સ કોમ્પ્લેક્સને મંજૂર કરવામાં આવી નથી

**મુન્દ્રા તાલુકામાં સ્પોટ્ર્સ કોમ્પ્લેક્સ બનાવવા માટે સરકારને એક અરજી મળેલ**



ગાંધીનગર : કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં મુન્દ્રા તાલુકામાં સ્પ ોટ્ર્સ કોમ્પ્લેક્સ બનાવવા માટેની એક અરજી સરકારને મળી હોવાનું રાજ્યના રમતગમત યુવક સેવા વિભાગના મંત્રીએ અબડાસા ના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા એ પૂછેલા એ લેખિત તારાકિત પ્રશ્નના ઉત્તરમાં જણાવીને જણાવ્યું હતું કે કોઈ સ્પોર્ટ કોમ્પ્લેક્સ ને મંજૂરી આપવામાં આવેલ નથી. મંત્રીએ ઉમેર્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા હાલ જિલ્લા કક્ષાએ સ્પોર્ટ સંકુલને અગ્રતા આપેલ હોય પ્રશ્નો ઉપસ્થિત થતો નથી .

### નખત્રાણા ખાતે નવીન આધુનિક બસપોર્ટ અપગ્રેડ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે

ગાંધીનગર : કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નખત્રાણા ખાતે નવીન આધુનિક બસપોર્ટ અપગ્રેડ કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હોવાનો એકરાર કરતા રાજ્યના વાહન વ્યવહાર મંત્રીએ અબડાસા ના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ પૂછેલા એક લેખિત તારાંકિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું અને ઉમેર્યું હતું કે રાજ્ય સરકારના નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના મૂડીકૃત બજેટમાંથી નખત્રાણા બસ સ્ટેશન ના સ્પેશિયલ રીપેરીંગ બ્યુટીફિકેશન માટે બસ સ્ટેશનને કલર બારી દરવાજા બદલવા પ્લાસ્ટર ચાઇના મોજેક ફ્લોરિંગ ડ્રાઇવર કંડકટર રેસ્ટ રૂમ ટોઈલેટ બ્લોક અપગ્રેડેશનની કામગીરીઓ ઓગસ્ટ ૨૦૨૪માં કરવામાં આવેલ છે.

# કોરિયામાં યુદ્ધના ભણકારા? ટ્રમ્પે હજારો અમેરિકી સૈનિકો મોકલ્યા કોરિયા

(એજન્સી દ્વારા) નવી દિલ્હી: વિશ્વ અત્યારે મધ્ય પૂર્વમાં અમેરિકા અને ઈરાન વચ્ચેના ભીષણ સંઘર્ષ પર નજર રાખી રહ્યું છે, ત્યારે બીજી તરફ એશિયામાં પણ યુદ્ધના વાદળો ઘેરાવા લાગ્યા છે. અમેરિકાએ દક્ષિણ કોરિયા સાથે મળીને સોમવારથી 'ફ્રીડમ શીલ્ડ' નામનો મોટા પાયે સૈન્ય અભ્યાસ શરૂ કર્યો છે. આ અભ્યાસ ૧૯ માર્ચ સુધી ચાલશે, જેમાં હજારો સૈનિકો અને આધુનિક શસ્ત્રો ભાગ લઈ રહ્યા છે.દક્ષિણ કોરિયાના જોઈન્ટ ચીફ્સ ઓફ સ્ટાફના જણાવ્યા અનુસાર, આ અભ્યાસમાં દક્ષિણ કોરિયાના લગભગ ૧૮,૦૦૦ સૈનિકો સામેલ છે. જોકે, અમેરિકાએ તેના સૈનિકોની ચોક્કસ સંખ્યા જાહેર કરી નથી, પરંતુ સૂત્રોના જણાવ્યા મુજબ હજારો અમેરિકી સૈનિકો આ કવાયતમાં જોડાયા છે. આ અભ્યાસનો મુખ્ય હેતુ ઉત્તર કોરિયાના કોઈપણ સંભવિત હુમલાનો સામનો કરવા માટેની તૈયારીઓ ચકાસવાનો છે.

આ અભ્યાસ દરમિયાન એક મહત્વની ચર્ચા એ પણ ચાલી રહી છે કે શું અમેરિકા દક્ષિણ કોરિયામાં તૈનાત તેની 'પેટ્રિઅટ એન્ટિ-મિસાઇલ સિસ્ટમ' અને અન્ય સંસાધનોને ઈરાન સામેના યુદ્ધમાં વાપરી રહ્યું છે? દક્ષિણ કોરિયાના મીડિયામાં આવી અટકળો વહેતી થઈ છે. જોકે, સત્તાવાર રીતે બંને દેશોએ સુરક્ષાના કારણોસર આ બાબતે મૌન સેવ્યું છે અને જણાવ્યું છે કે આનાથી સાથી દેશોની સંરક્ષણ વ્યૂહરચના પર કોઈ નકારાત્મક અસર પડશે નહીં.

# ગાંધીનગરમાં AAPએ સભા પહેલા માણસામાં પાડ્યું ગાબડું

ગાંધીનગર: આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ બે દિવસીય ગુજરાત પ્રવાસે છે. આજે ગાંધીનગરમાં આમ આદમી પાર્ટીની ખેડૂત સભામાં અરવિંદ કેજરીવાલ પણ હાજર રહેવાના છે. ત્યારે આ સભા પહેલા અરવિંદ કેજરીવાલના હસ્તે આમ આદમી પાર્ટીનો ખેસ ધારણ કરી માણસાના ઠાકોર સમાજના આગેવાન છછમાં જોડાયા છે. ઠાકોર સમાજના આગેવાન અને માણસાના યુવા નેતા દયાલ ઠાકોર AAPમાં જોડાયા છે. દૂધસાગર ડેરીના ૨૦૧૫-૨૦૨૦ના ચેરમેન અને ઠાકોર સમાજના આગેવાન આશાબેન ઠાકોર AAPમાં જોડાયા.



**અરવિંદ કેજરીવાલના હાથે ઠાકોર સમાજના આગેવાને ખેસ કર્યો ધારણ**

# કોલકતા: વિરોધ પ્રદર્શનો વચ્ચે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર કાલીઘાટ મંદિર પહોંચ્યા




કોલકતા, નવી દિલ્હી, ૯ માર્ચ (હિ.સ.). પશ્ચિમ બંગાળના ત્રણ દિવસના પ્રવાસે રહેલા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સોમવારે સવારે કોલકતાના પ્રખ્યાત કાલીઘાટ મંદિરમાં દર્શન કરવા પહોંચ્યા. આ મુલાકાત દરમિયાન કેટલાક લોકોએ મંદિરની બહાર વિરોધ પ્રદર્શન કર્યું અને ચૂંટણી પંચ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા.રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી મનોજ કુમાર અગ્રવાલ પણ મુખ્ય ચૂંટણી કમિશનર સાથે હાજર હતા. બંનેના આગમન પહેલાં જ મંદિર પરિસરની બહાર વિરોધ પ્રદર્શન શરૂ થયું. વિરોધીઓએ કાળા ઝંડા લહેરાવ્યા અને ચૂંટણી પંચ અને વિશેષ સુધારણા પ્રક્રિયા વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા.વિરોધીઓએ આરોપ લગાવ્યો કે, વિશેષ સુધારણા પ્રક્રિયા દ્વારા ઘણા લોકોના નામ મતદાર યાદીમાંથી બિનજરૂરી રીતે દૂર કરવામાં આવ્યા છે. વિરોધીઓએ મુખ્ય ચૂંટણી કમિશનરની સામે પંચ સામે પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો. વિરોધ પ્રદર્શનો વચ્ચે, જ્ઞાનેશ કુમાર મંદિરમાં પ્રવેશ્યા અને પ્રાર્થના કરી. તેમણે તે સમયે કોઈ ટિપ્પણી કરી ન હતી. મંદિર છોડ્યા પછી પત્રકારો સાથેની ટૂંકી વાતચીતમાં, તેમણે ફક્ત એટલું જ કહ્યું, પશ્ચિમ બંગાળના તમામ ભાઈઓ અને બહેનોને મારી શુભેચ્છાઓ. દેવી કાલી સૌને આશીર્વાદ આપે. તેમણે વિરોધ પ્રદર્શન અંગેના પ્રશ્નોના જવાબ આપ્યા નહીં અને ચાલ્યા ગયા.

ચૂંટણી પંચની પૂર્ણ બેન્ચ રવિવારે રાત્રે કોલકતા આવી પહોંચી. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારની સાથે ચૂંટણી કમિશનર સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશી પણ છે. સોમવારે સવારે લગભગ ૧૦ વાગ્યે પંચ વિવિધ રાજકીય પક્ષો સાથે બેઠક યોજવાનું છે.

# રાજ્યના મુખ્ય જળાશયોમાં હાલની સ્થિતિએ સંગ્રહાયેલ કુલ પાણીનો જથ્થો ૭૨ ટકાથી વધુ !

ગાંધીનગર : જરાતમાં ચાલુ વર્ષે ચોમાસામાં સાવાર્ત્રિક અને ભારે વરસાદના પરિણામે રાજ્યના મુખ્ય જળાશયો એટલે કે ડેમમાં પૂરતા પ્રમાણમાં પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને જળ સંપત્તિ-પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલના નેતૃત્વમાં પાણી સંચય અંગેના સુચારૂ વ્યવસ્થાપન થકી રાજ્યમાં દિન-પ્રતિદિન પીવાના અને સિંચાઈ માટેના પાણીની ઉપલબ્ધતા વધી રહી છે.રાજ્યમાં ચાલુ વર્ષે ચોમાસામાં સરેરાશ ૧૨૮ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જેના પરિણામ સ્વરૂપે તા. ૦૫ માર્ચ ૨૦૨૬ની સ્થિતિએ રાજ્યના મુખ્ય જળાશયોમાં સંગ્રહાયેલ કુલ પાણીનો જથ્થો ૬.૪૬ લાખ મિલિયન ક્યુબિક ફીટ-MCFT એટલે કે, કુલ પાણીનો જથ્થો ૭૨ ટકાથી વધુ છે.આમ ગત વર્ષની સાપેક્ષમાં વિસ્તારવાર એકંદરે રાજ્યમાં ૪.૧૫ ટકા જેટલો વધારે જ્યારે સરદાર સરોવર જળાશયમાં પણ ગત વર્ષની સાપેક્ષમાં ૧.૬૩ ટકા વધારે પાણીનો જથ્થો સંગ્રહાયેલ છે.

# પ્રતિબંધ છતાં વિદેશી સટ્ટાબાજી વેબસાઈટો ચાલુ : યુ.પી.આઈ.થી પૈસા જમા કરી રહ્યા છે યુઝર્સ !!

(એજન્સી દ્વારા) મુંબઈ : લગભગ છ મહિના પહેલાં સરકારે દેશમાં રિયલ મની ગેમિંગ અને ઓનલાઈન સટ્ટાબાજી પર પ્રતિબંધ મૂક્યા બાદ ઘણા ભારતીય પ્લેટફોર્મ બંધ થઈ ગયા અથવા પોતાનો વ્યવસાય મોડલ બદલવું પડ્યું. પરંતુ સામાન્ય ભારતીય યુઝર્સ માટે આ પ્રતિબંધનો ખાસ કોઈ ફરક પડ્યો નથી.તપાસમાં સામે આવ્યું છે કે વિદેશમાં ચાલતી સટ્ટાબાજી વેબસાઈટો આજે પણ ખૂબ સરળતાથી ઉપલબ્ધ છે અને લોકો થોડી જ મિનિટોમાં તેમાં એકાઉન્ટ બનાવી શકે છે. માત્ર મોબાઈલ નંબર, ઓટીપી અને વોલેટમાં થોડી રકમ ઉમેરવાથી યુઝર તરત જ રમવાનું શરૂ કરી શકે છે. આ પ્લેટફોર્મોમાં પેરીમેચ, વનએક્સબેટ અને સ્ટેક જેવા મોટા નામો ઉપરાંત રાબેટ્સ, ડાફાબેટ, ફોરઆરાબેટ અને ઑડ્સ ૯૬ જેવા પ્લેટફોર્મ પણ સામેલ છે. ઉદ્યોગના જાણકારોના કહેવા મુજબ આ કંપનીઓ સામાજિક માધ્યમ પર ડિજિટલ જાહેરાતો અને નાના ઈન્ફ્લુએન્સરો દ્વારા જોરદાર પ્રમોશન કરી રહી છે.તપાસમાં જાણવા મળ્યું કે આ વેબસાઈટો ખોલવા માટે કોઈ ખાસ ટેકનિકલ રીત જેવી કે વર્ચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્કની જરૂર નથી. સાઈટ સીધી જ ખૂલી જાય છે. આ વેબસાઈટો હિન્દી, મરાઠી, તમિલ અને બંગાળી જેવી ભારતીય ભાષાઓની સુવિધા પણ આપે છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે તેમનું ધ્યાન ખાસ કરીને નાના શહેરો અને ટિયર-૨ તથા ટિયર-૩ શહેરોના યુઝર્સ પર છે.

આ પ્લેટફોર્મ પર પૈસા જમા કરવા માટે યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ, નેટ બેંકિંગ, ઈ-વોલેટ, પ્રીપેડ કાર્ડ અને ક્રિપ્ટોકરન્સી જેવા વિકલ્પ આપવામાં આવે છે. પરંતુ સૌથી વધુ ઉપયોગ યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસનો એટલે કે યુપીઆઈનો થાય છે કારણ કે તે સીધો બેંક ખાતા સાથે જોડાયેલો હોય છે. ફોનપે, ગુગલ પે અને પેટીએમ જેવી એપ દ્વારા યુઝર્સ ક્યુઆર કોડ સ્કેન કરીને પૈસા ટ્રાન્સફર કરી શકે છે.

# ગોંડલમાં રાજકુમાર જાટ આપઘાત કેસમાં SITએ ગણેશ ગોંડલને ક્લીનચીટ આપી, રિપોર્ટ કોર્ટમાં સબમીટ કર્યો

ગાંધીનગર : ગોંડલમાં રાજકુમાર જાટ આપઘાત કેસમાં ગણેશ ગોંડલનો હાથ હોવાનો આક્ષેપ કરાયો હતો. આ કેસની તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમની રચના કરવામાં આવી હતી. SITની ટીમ દ્વારા નિવેદન અને સીસીટીવી સહિતના પુરાવાની તપાસ કરવામાં આવી હતી. આ તપાસમાં ગણેશ જાડેજા સામે કોઈ પુરાવો નહીં મળતાં SITની ટીમે હાઈકોર્ટમાં ગણેશ જાડેજાને ક્લીનચીટનો રીપોર્ટ કર્યો હતો.

ગુજરાતમાં બહુચર્ચિત રાજકુમાર જાટ આપઘાત કેસમાં ગણેશ જાડેજા સામે તપાસમાં કોઈ પુરાવો નહીં મળતા તેને ક્લીનચીટ આપતો રીપોર્ટ SIT દ્વારા કોર્ટમાં સબમીટ કરવામાં આવ્યો છે.

મૃતક રાજકુમારના પરિવાર દ્વારા ગણેશ ગોંડલ સામે ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતાં અને પોતાના પુત્રની હત્યા કરવામાં આવી હોવાની હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. ત્યાર બાદ હાઈકોર્ટે સમગ્ર કેસની તપાસ માટે SITરચવાનો આદેશ કર્યો હતો.

SIT દ્વારા સમગ્ર કેસની તપાસ કરવામાં આવી હતી. બસ ડ્રાઈવર અને ગણેશ જાડેજાના સાથીદારોના નિવેદનો લેવાયા હતાં. સીસીટીવી ફૂટેજની પણ તપાસ કરવામાં આવી હતી. ત્રણેક મહિના સુધીમાં વિવિધ દિશામાં તપાસ કરીને અંતે SITદ્વારા હાઈકોર્ટમાં રીપોર્ટ સબમીટ કરાયો હતો. જેમાં રાજકુમાર જાટનું મોત અકસ્માતને કારણે થયું હોવાનો ઉલ્લેખ કરાયો છે. આ બનાવમાં ગણેશ ગોંડલનો કોઈ હાથ નહીં હોવાથી એસઆઈટીના રીપોર્ટમાં તેને ક્લીનચીટ આપવામાં આવી છે.

# ઇરાન - અમેરિકા - ઇઝરાયલ તણાવ વચ્ચે UAE માં લોકોએ ખાદ્ય પદાર્થોની ખરીદી વધારી!

દુબઇ : પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે સંયુક્ત આરબ અમીરાત સરકારે લોકોને વિશ્વાસ આપ્યો છે કે દેશમાં બજારો સંપૂર્ણપણે સ્થિર છે અને ખાદ્યપદાર્થોનો જથ્થા સુરક્ષિત છે. તાજેતરમાં ઈરાન, અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચે થયેલાં મિસાઈલ હુમલાઓને કારણે ગલ્ફ પ્રદેશના શહેરોમાં ચિંતા વધી હતી અને એલર્ટ જાહેર કરવામાં આવ્યા હતા.આ પરિસ્થિતિ છતાં સંયુક્ત આરબ અમીરાતના અર્થતંત્ર અને પર્યટન મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે દેશભરના તમામ રિટેલ બજારોમાં ખાદ્ય અને અન્ય જરૂરી વસ્તુઓ પૂરતી માત્રામાં ઉપલબ્ધ છે. હાલ કોઈ અછત કે પુરવઠામાં વિક્ષેપ જોવા મળતો નથી.યુએઈ મંત્રાલયે જણાવ્યું છે કે અદ્યતન ડિજિટલ વ્યવસ્થાઓ દ્વારા દરરોજ બજારમાં ઉપલબ્ધ માલનો જથ્થો અને ભાવ સંબંધિત માહિતી એકત્ર કરીને તેનું વિશ્લેષણ કરવામાં આવે છે. આ વ્યવસ્થાથી ખાતરી કરવામાં આવે છે કે બજારમાં પુરતો પુરવઠો રહે અને ભાવ સ્થિર રહે, ભલે પ્રદેશમાં અનિશ્ચિતતા વધી રહી હોય.

## પહેલા પાનાથી...

**હરિયાણા રાજ્યસભા**

હરિયાણા જેવા મહત્વના રાજ્યની જવાબદારી સોંપાતા રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. આગામી દિવસોમાં તેઓ હરિયાણા જઈને રાજ્યસભાની બેઠકો માટે પક્ષની વ્યુહરચના અને આંતરિક સંકલન પર દેખરેખ રાખશે.

**ખાડી દેશોમાં વસતા**

વિદેશ પ્રધાને જણાવ્યું હતું કે વર્તમાનમાં સર્જાયેલી વૈશ્વિક અસ્થિરતા અને અમેરિકાની યુદ્ધને લઈને જે પ્રકારની ભૂમિકા છે તે તમામ પાસાઓ પર મોદી સરકાર ખૂબ જ ઝીણવટપૂર્વક અને સટીક નજર રાખી રહી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ખાડીના વિવિધ દેશોમાં અંદાજે એક કરોડ જેટલા ભારતીયો વસવાટ કરી રહ્યા છે અને આ તમામ નાગરિકોની સુરક્ષા ભારત સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. સરકાર દરેક ભારતીયની સુરક્ષા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે અને કોઈપણ વિપરીત પરિસ્થિતિને પહોંચી વળવા માટે વહીવટીતંત્ર સજ્જ છે.

જોકે, વિદેશ પ્રધાન જ્યારે આ ગંભીર મુદ્દે સરકારનો પક્ષ રજૂ કરી રહ્યા હતા ત્યારે વિપક્ષ દ્વારા વિવિધ મુદ્દાઓને લઈને ભારે હોબાળો મચાવવામાં આવ્યો હતો, પરંતુ સરકારે સ્પષ્ટ કર્યું હતું કે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતના હિતો અને ભારતીયોના રક્ષણ માટે કોઈ પણ પ્રકારની બાંધછોડ કરવામાં આવશે નહીં. બજેટ સત્રના આ બીજા તબક્કામાં સરકારનો અભિગમ અત્યંત સ્પષ્ટ રહ્યો છે કે યુદ્ધ જેવી સ્થિતિમાં પણ ભારતીય રાજદ્વારી ચેનલો સતત કાર્યરત છે જેથી વિદેશમાં રહેતા આપણા ભાઈ-બહેનોને સમયસર સુરક્ષા અને માર્ગદર્શન મળી રહે.

**દિલ્હી નજીક**

હતું. સવારે ૭.૦૧ કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૨.૮ નોંધવામાં આવી છે.છેલ્લા કેટલાક દિવસોમાં દેશ-વિદેશના અનેક વિસ્તારોમાં ભૂકંપની ઘટનાઓમાં વધારો જોવા મળ્યો છે.પૃથ્વીના અંદર ૭ ટેક્ટોનિક પ્લેટ્સ છે. આ પ્લેટ્સ સતત પોતાની જગ્યાએ હલનચલન કરતી રહે છે. ક્યારેક આ પ્લેટ્સ એકબીજા સાથે અથડાય છે અથવા ઘર્ષણ થાય છે, જેને કારણે પૃથ્વી પર ભૂકંપ આવે છે. ભૂકંપથી સામાન્ય જનજીવનને સૌથી વધુ નુકસાન થાય છે. મકાનો તૂટી પડે છે અને તેમાં દબાઈને હજારો લોકોનાં મોત પણ થઈ શકે છે.ભૂગર્ભ વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ ભારતના કુલ ભૂભાગનો લગભગ ૫૯ ટકા વિસ્તાર ભૂકંપ માટે સંવેદનશીલ માનવામાં આવે છે. વૈજ્ઞાનિકોએ ભારતમાં ભૂકંપના વિસ્તારોને ઝોન-૨, ઝોન-૩, ઝોન-૪ અને ઝોન-૫ એમ ચાર ભાગમાં વહેંચ્યા છે. તેમાં ઝોન-૫ સૌથી વધુ સંવેદનશીલ ગણાય છે જ્યારે ઝોન-૨ ઓછું સંવેદનશીલ માનવામાં આવે છે. દેશની રાજધાની દિલ્લી ઝોન-૪માં આવે છે. અહીં ૭થી વધુ તીવ્રતાનો ભૂકંપ પણ આવી શકે છે, જેને કારણે મોટી તબાહી થઈ શકે છે. ભારતમાં હિમાલય વિસ્તાર અને કેટલાક ફોલ્ટ લાઈન (જેમ કે કચ્છ અને પૂર્વોત્તર ભારત)ને કારણે ભૂકંપની સંભાવના વધુ છે, કારણ કે ભારતીય પ્લેટ યુરેશિયન પ્લેટ સાથે અથડાઈ રહી છે.

**ભાજપ સંગઠનમાં**

નેતાઓના પરિવારના સભ્યોને સંગઠનમાં સ્થાન આપીને પાયાનું માળખું મજબૂત કરવામાં આવી રહ્યું છે. અંજલીબેન રૂપાણીને રાજકોટ શહેરની જવાબદારી સોંપાતા હવે પક્ષના મહિલા પાંખ અને અન્ય સામાજિક ગતિવિધિઓમાં પણ ગતિ આવશે તેવું મનાઈ રહ્યું છે. લાંબા સમય બાદ સંગઠનમાં મળેલી આ નવી જવાબદારી સાથે તેઓ ફરી એકવાર જાહેર જીવનમાં સક્રિય ભૂમિકા ભજવતા જોવા મળશે.

**'જો બંગાળને નબળું**

સાથી પક્ષોના ટેકા પર ચાલી રહી છે. CM મમતા બેનર્જીએ એમ પણ કહ્યું કે, BJP મતોનું વિભાજન કરીને બંગાળને વિભાજીત કરી શકતી નથી. તેમણે કહ્યું કે, બંગાળ જાણે છે કે કેવી રીતે લડવું અને રાજ્યના લોકો તેમના અધિકારો માટે લડતા રહેશે.

આ દરમિયાન, પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી પહેલા રાજ્યપાલ C. V. આનંદ બોઝના રાજીનામા અંગે રાજકીય નિવેદનબાજી તેજ થઈ ગઈ છે. CM મમતા બેનર્જીએ દાવો કર્યો હતો કે આ નિર્ણય કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના દબાણ હેઠળ લેવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે, ચૂંટણી પહેલા ફક્ત શાહ જ આવો નિર્ણય લઈ શકે છે. CM મમતા બેનર્જીએ કહ્યું કે, બોઝે રાજીનામું કેમ આપ્યું તે અંગે કોઈ સ્પષ્ટ માહિતી નથી, પરંતુ એ સ્પષ્ટ છે કે આ પગલું રાજકીય લાભને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યું હતું.

CM મમતા બેનર્જીએ જણાવ્યું કે, શાહે તેમને જાણ કરી હતી કે બોઝના ગયા પછી, તમિલનાડુના રાજ્યપાલ અને ભૂતપૂર્વ નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર ઇ. ન્ન. રવિને પશ્ચિમ બંગાળના રાજ્યપાલ પદનો વધારાનો હવાલો સોંપવામાં આવશે.આ દરમિયાન, C. V. આનંદ બોઝે દિલ્હીથી તેમના રાજીનામાની પુષ્ટિ કરતા કહ્યું, 'હા, મેં રાજીનામું આપ્યું છે. હું લગભગ સાડા ત્રણ વર્ષથી બંગાળનો રાજ્યપાલ રહ્યો છું, અને આ સમય મારા માટે પૂરતો છે.' જોકે તેમણે અચાનક રાજીનામાના કારણો જાહેર કર્યા નથી, તેમનો કાર્યકાળ નવેમ્બર ૨૦૨૭ સુધીનો હતો, આના કારણે તેમનો સમય પૂરો થયા પહેલા રાજીનામુ આપવાનું રાજકીય વર્તુળોમાં અટકળો ચાલી રહી છે.

**દાહોદ, અમરેલી**

પગલા રૂપે બંને કોર્ટપરિસરને તાત્કાલિક ખાલી કરાવી દેવામાં આવ્યા છે અને વકીલો સહિત અરજદારોને સુરક્ષિત સ્થળે ખસેડાયા છે. હાલમાં સુરક્ષા એજન્સીઓ દ્વારા મેટલ ડિટેક્ટર અને સ્નિફર ડોગની મદદથી સમગ્ર સંકુલમાં ખૂણેખૂણાનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. આ ધમકી કોણે અને કયા હેતુથી આપી છે તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે અને પત્રના સ્ત્રોત સુધી પહોંચવા માટે ટેકનિકલ મદદ લેવામાં આવી રહી છે. જ્યાં સુધી સંપૂર્ણ ખાતરી ન થાય ત્યાં સુધી કોર્ટ પરિસરમાં કડક પોલીસ બંદોબસ્ત તૈનાત કરી દેવામાં આવ્યો છે.

# હોર્મુઝની સમુદ્રધુનિ બંધ થતાં દુબઈમાં માત્ર ૮ દિવસ ચાલે તેટલું જ ખાદ્યાન્ન છે

(એજન્સી દ્વારા)

દુબઈ: વિશ્વમાં સૌથી ઊંચી ઈમારત 'બુર્ઝ-એ-ખલીફા' ધરાવતી સંયુક્ત આરબ અમીરાતમાં ખાદ્યાન્નની ભારે કટોકટી ઉભી થઈ છે. મૂળ હકીકત તે છે કે ઈરાન યુદ્ધ અમેરિકાએ ધાર્યા કરતાં ઘણું વધુ લંબાઈ ગયું છે. નીરિક્ષકો કહે છે હોર્મુઝની સમુદ્ર ધુનિ (સ્ટ્રેટસ) ઈરાને બંધ કરતાં સંયુક્ત આરબ અમીરાતમાં ખાદ્ય પદાર્થોની ભારે અછત ઉભી થઈ છે. દુબઈમાં તો પરિસ્થિતિ ઘણી ખરાબ બની છે.અત્યારે પવિત્ર રમજાન માસ ચાલે છે ત્યારે હાથ મોં ધોઈ પહેલાં ફ્રૂટ ખાવા સાથે રોજા ખોલવાની પરંપરા છે તેવામાં ફ્રૂટ નહીં મળતાં ત્યાં ભારે મોટી મુશ્કેલી ઊભી થઈ છે. માત્ર ફ્રૂટ જ નહીં, ફળફળાદી ઉપરાંત શાકભાજીની પણ ખેંચ પડી રહી છે. અહેવાલો જણાવે છે કે આ સાથે અત્યારે યુએઈમાં માત્ર આઠ દિવસ ચાલે તેટલો જ ખાદ્યાન્નનો સ્ટોક છે. તેવામાં જો યુદ્ધ વધુ લાંબુ ચાલ્યું - જે સંભાવના સ્પષ્ટ થતી જાય છે - તો સંયુક્ત આરબ અમીરાત, કતાર અને બહેરિયન બધામાં ખાદ્યાન્નની સ્થિતિ ઘણી જ વણસવા સંભવ છે. કુવૈતમાં પણ તે મુશ્કેલી થશે જ.

# ઉનાળાની શરૂઆતમાં જ મોંઘવારીનો ડામ: એસીની ભાવમાં ૧૫ ટકા સુધીનો વધારો

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી: દેશમાં ઉનાળાની શરૂઆત થતાની સાથે જ એર કન્ડિશનર (એસી) ખરીદનારાઓને મોંઘવારીનો ઝટકો લાગી શકે છે. અનેક મોટી કંપનીઓએ પોતાની એસીની કિંમતોમાં ૫ થી ૧૫ ટકાનો વધારો કરવાની યોજના બનાવી રહી છે. કાચા માલનો વધતા ખર્ચ, નબળો રૂપિયો અને નવા ઉર્જા કાર્યક્ષમતા ધોરણોના કારણે આ વધારો કરવામાં આવી રહી છે.

કંપનીઓના જણાવ્યા અનુસાર, ફેબ્રુઆરીથી એપ્રિલ વચ્ચે એસીના અલગ અલગ મોડલના આધારે ભાવમાં વધારો કરવામાં આવી રહ્યો છે. મુખ્ય કંપનીઓમાં ડાઇકિન, વોલ્ટાસ, બ્લુ સ્ટાર, એલજી ઈલેક્ટ્રોનિક્સ, હાયર અને મિત્સુબિશી હેવી ઈન્ડસ્ટ્રીઝનો સમાવેશ થાય છે. કંપનીઓનું કહેવું છે કે કૉપર જેવી ધાતુઓના વધતા ભાવ, નબળો રૂપિયો, નવી ઉર્જા-કાર્યક્ષમતા નીતિઓ અને વધેલા નૂર ચાર્જ સતત ખર્ચમાં વધારો કરી રહ્યા છે, જેના કારણે ભાવમાં વધારો જરૂરી બન્યો છે.

ડાઇકિન ઇન્ડિયાના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર કંવલજીત જાવાએ જણાવ્યું હતું કે કંપની એપ્રિલથી એસીની કિમતોમાં ૧૨ ટકાનો વધારો કરશે જે અલગ અલગ મોડલ પર નિર્ભર રહેશે. જ્યારે બ્લુ સ્ટારના મેનેજિંગ ડિરેક્ટર બી. થિયાગરાજનના જણાવ્યા પ્રમાણે, કંપનીએ ફેબ્રુઆરીના મધ્યમાં પહેલાથી જ ભાવમાં ૮-૧૦ ટકાનો વધારો કરી દીધો હતો.

# પરમાણુ યુદ્ધ થાય તો માત્ર ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા જ બચશે

નવી દિલ્હી : મધ્ય પૂર્વમાં વધી રહેલા ભૌગોલિક-રાજકીય તણાવથી વ્યાપક વૈશ્વિક સંઘર્ષની ભય સર્જાયો છે. નિષ્ણાંતોએ ચેતવણી આપી છે કે પરમાણુ શસ્ત્ર ધરાવતા રાષ્ટ્રો વચ્ચે તણાવ વધતા તેના વિનાશકારી પરિણામો આવી શકે. અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાનને સંડોવતા તાજેતરના મિસાઈલ હુમલાએ વૈશ્વિક ચિંતા વધારી છે.

એક નવા વૈજ્ઞાનિક અભ્યાસમાં પરમાણુ શસ્ત્રોનો વ્યાપક ઉપયોગ થાય તો માનવીય અસ્તિત્વ વિશે ચિંતાજનક સવાલો ઉપસ્થિત કરાયા છે. નિષ્ણાંતોના મતે પરમાણુ યુદ્ધથી અબજો લોકોના મોત થઈ શકે અને તેના વિનાશમાંથી વિશ્વના માત્ર બે જ દેશો, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ બચી શકે.

જો કે તેમણે પણ અનેક પડકારોનો સામનો કરવો પડે.નેચર સામયિકમાં અગ્રણીઓએ કરેલા અવલોકન અનુસાર મોટા પાયે પરમાણુ યુદ્ધથી વિશ્વભરમાં લગભગ પાંચ અબજ જેટલા લોકોના મોત થઈ શકે. પરમાણુ શસ્ત્રોમાંથી થતા સ્ફોટથી લગભગ ૧૦ કરોડ ડીગ્રી સેલ્સિયસના તાપમાન સુધી પહોંચતા અગનગોળા સર્જાઈ શકે. વિજ્ઞાનીઓએ ચેતવણી આપી છે કે શહેરો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નાશ સાથે વાતાવરણમાં પ્રવેશતા વિશાળ પ્રમાણમાં ધૂમાડા અને રાખથી પરમાણુ શિયાળો સર્જી શકે, જેનાથી સમગ્ર પૃથ્વી વર્ષોના અંધકાર અને અભૂતપૂર્વ નીચા વૈશ્વિક તાપમાનમાં ગરકાવ થઈ જશે.સંશોધકોએ જણાવ્યું છે કે પરમાણુ યુદ્ધના પરિણામમાંથી માત્ર બે દેશો, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ સરખામણીએ બહેતર રીતે બચી શકે.

# ઉત્તર પ્રદેશમાં કોડિન યુક્ત કફ સિરપ દાણચોરી કેસમાં રૂપિયા ૧૨.૫૫ કરોડની મિલકત જપ્ત...

(એજન્સી દ્વારા)

લખનઉ: ઉત્તર પ્રદેશમાં કોડિન યુક્ત કફ સિરપની દાણચોરી કેસમાં મોટી કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં નંદગ્રામ પોલીસે કોડીન કફ સિરપની દાણચોરીમાંથી કમાયેલી રૂપિયા ૧૨.૫૫ કરોડની સ્થાવર અને જંગમ મિલકત જપ્ત કરી છે. ગાઝિયાબાદ પોલીસના જણાવ્યા અનુસાર ૩ અને ૪ નવેમ્બર ૨૦૨૫ ના રોજ આઠ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. એક ગુપ્ત માહિતીના આધારે. તપાસ દરમિયાન, ચાર ટ્રકમાં છુપાવેલી ૧,૧૫,૭૩,૫૦૦ કોડીન ધરાવતી કફ સિરપની બોટલો મળી આવી હતી, જેની કિંમત આશરે રૂપિયા ૩૦ કરોડ છે.

પોલીસના જણાવ્યા અનુસાર આ ઉપરાંત એક કાર, એક ટ્રક, રૂપિયા ૨૦ લાખ રોકડા, ૨ લેપટોપ, ૧૦ આઈફોન, ૪ મોબાઈલ સિમ કાર્ડ અને ટેપેન્ટાડોલ એક્સટેન્ડેડ રિલીઝ ટેબ્લેટની ૧૯ સ્ટ્રીપ્સ સહિત અનેક દસ્તાવેજો પણ જપ્ત કરવામાં આવ્યા હતા. તપાસમાં જાણવા મળ્યું કે વિભોર રાણા અને વિશાલ સિંહ, તેમના સહયોગી અભિષેક શર્મા અને પવન યાદવ સાથે મળીને કોડિન યુક્ત કફ સિરપની દાણચોરી કરતા હતા.

આ આરોપીઓએ આ ગેરકાયદે વેપાર માટે ઘણી કંપનીઓનો ઉપયોગ કર્યો હતો. જેમાં સહારનપુરમાં નોંધાયેલ ય્ઇ ટ્રેડિંગ કંપની અને દિલ્હી-દ્રઝઇમાં અન્ય કંપનીઓનો સમાવેશ થાય છે.

# કચ્છ ભાજપ સંગઠનની દ્રષ્ટિએ મજબુત : ફલજીભાઈ ચૌધરી




**જિલ્લામાં ભાજપે ચૂંટણીની તૈયારી શરૂ કરી : સંગઠન પ્રભારીએ જિલ્લાનો પ્રવાસ ખેડયો : ભુજમાં કચ્છ કમલમ ખાતે વિવિધ મોરચાના હોદ્દેદારો સાથે બેઠક યોજી : બપોર બાદ માતાનામઢ ખાતે શીશ ઝુકાવશે**

ભુજ - કચ્છઉદય : રાજયમાં સ્થાનીક સ્વરાજયની ચૂંટણીનો ધમધમાટ શરૂ થયો છે. પાંચ મહાનગરોમાં વહીવટદાર શાસન લાગુ કરવામાં આવ્યું છે. સંભવતઃ એપ્રીલ કે મે મહિનામાં મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા - તાલુકા પંચાયતની ચૂંટણી થવાની સંભાવના વચ્ચે હાલમાં વિકાસ કાર્યોના લોકાર્પણ - ખાતમુર્હૂત સહિતના કાર્યક્રમો થઈ રહ્યા છે. તેમજ મોટે ભાગે સીટોનું રોટેશન જાહેર થઈ જતા ઉમેદવારોએ પણ અત્યારથી કઈ સીટ પર લોબીંગ કરવું તેની તજવીજ હાથ ધરી દીધી છે. આ વચ્ચે ભાજપે પણ રાજકીય રીતે ચૂંટણીની તૈયારી શરૂ કરી છે. જિલ્લાના સંગઠન પ્રભારી બે દિવસ માટે કચ્છની મુલાકાતે આવ્યા છે. આજે તેઓએ ભુજ ખાતે કાર્યાલયમાં પહોંચ્યા હતા. જયાં હોદ્દેદારો સાથે મીટીંગ કરી હતી.

આ બાબતે મળતી વિગત મુજબ પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા દ્વારા તાજેતરમાં કચ્છ જિલ્લા ભાજપના પ્રભારી તરીકે ફલજીભાઈ ચૌધરીની નિમણૂંક કરવામાં આવી હતી. નિમણૂંક બાદ તેઓ પ્રથમ વખત ભુજ ખાતે આવ્યા હતા. પ્રથમ કચ્છ કમલમ ખાતે જિલ્લા ભાજપ પ્રમુખ અને મહામંત્રી તેમજ આગેવાનો દ્વારા તેઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કમલમ ખાતે કાર્યકર્તા પરીચય બેઠક રાખવામાં આવી હતી. જિલ્લામાં વિવિધ મંડલો, હોદ્દેદારો, કાર્યકરો સાથે પરીચય, વિસ્તારથી વાકેફ તેમજ રૂબરૂ મુલાકાત કરી રાજકીય, સામાજીક પરિસ્થિતિ જાણી કાર્યકર્તાઓ સાથે ટીફીન બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.

કચ્છઉદયને આપેલી મુલાકાતમાં ફલજીભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, કચ્છ જિલ્લા ભાજપ સંગઠનની દ્રષ્ટિએ મજબુત છે. કચ્છમાં પક્ષને લીડ મળતી આવી છે. કાર્યકરો સાથે વાતચીત કરશે. દરેક વિસ્તારના કાર્યકરો સાથે બેઠક કરશે. વિસ્તારનું પ્રવાસ કરી સંગઠન બાબતે ચર્ચા કરી આવનારી ચૂંટણીમાં સારા પરીણામ બાબતે બેઠકો કરશે. વધુમાં શ્રી ચૌધરીએ જણાવ્યું હતું કે, કચ્છ જિલ્લામાં સરપંચથી લઈ સાંસદ સુધી ભાજપનો વિજય વાવટો ફરકી રહ્યો છે. ત્યારે આગામી ચૂંટણીઓમાં પણ ભાજપ પક્ષ વધુ બેઠકો પર વિજય મેળવશે તેવો આશાવાદ અને વિશ્વાસ વ્યકત કર્યો હતો.

જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદે જણાવ્યું કે, પ્રભારી પ્રથમ વખત કચ્છમાં આવ્યા છે. કાર્યકરો સાથે બેઠક યોજવામાં આવી છે. બપોર પછી માતાનામઢ જશે અને તે બાદ નખત્રાણા, લખપત, રાત્રે ભુજ અને આવતીકાલે અંજાર - ભચાઉના હોદ્દેદારો સાથે બેઠક યોજવામાં આવશે. રાત્રે અને સવારે કાર્યકર્તાના ઘરે જ ટીફીન બેઠકોનું આયોજન કરી આત્મિયતાનો સબંધ કેળવવામાં આવશે.

કચ્છ જિલ્લા ભાજપ સંગઠનના પ્રભારી ફલજીભાઈ ચૌધરીના સતાવાર પ્રવાસ પર નજર કરીએ તો આજે બપોરે ૩ કલાકે માતાનામઢ ખાતે મા આશાપુરાના દર્શન કરી લખપત તાલુકાના કાર્યકર્તાઓ સાથે બેઠક કરશે. સાંજે નખત્રાણા સર્કિટ હાઉસ ખાતે તાલુકાના મુખ્ય કાર્યકરો સાથે બેઠક કરશે. તા. ૧૦-૩ના સવારે ૯:૩૦ કલાકે કચ્છ કમલમ ખાતે ભુજ શહેર મંડલના હોદ્દેદારો સાથે બેઠક કરશે. બપોરે ૧૧:૩૦ કલાકે અંજારના લક્ષ્મીનારાયણ મંદિરે મંડળના હોદ્દેદારો સાથે બેઠક ત્યારબાદ શહેરના હોદ્દેદારો સાથે ટિફિન બેઠક કરશે. જયારે બપોરે અટલ વડલો ભચાઉ ખાતે તેઓ ભચાઉ શહેર તેમજ તાલુકા મંડલના હોદ્દેદારો સાથે મુલાકાત કરશે.

આ તકે જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, મહામંત્રી ધવલભાઈ આચાર્ય, હિતેશભાઈ ખંડોર, ભીમજીભાઈ જોધાણી, તેમજ જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા, મુરજીભાઈ મ્યાત્રા સહિત વિવિધ આગેવાનો હાજર રહ્યા હતા.

# ભુજ અને ગાંધીધામમાં આત્મહત્યા અટકાવવા તાલીમ અપાઈ



ભુજ - કચ્છઉદય : નેશનલ સુસાઈડ પ્રિવેન્શન ફોરમના પ્રતિનિધિ ડો. ઉંમર મુશીરના માર્ગદર્શનમાં કચ્છ સુસાઈડ પ્રિવેન્ટ ફોરમ પૂર્વ અને પશ્ચિમ કચ્છમાં આત્મહત્યાના બનાવો અટકાવવા લોકોને જાગૃત કરવા માટે મનોચિકિત્સક ડો. ધૈવલ મહેતા અને ડો. દેવજ્યોતિ શર્મા ગાંધીધામ અને ભુજ ખાતે વૈશ્વિક સ્તરે અનુમોદિત લાઈફ સ્કીલ્સ ડાયનેમિક મેડિહેશન ગેરકીપર ટ્રેનિંગ ફોર સુસાઈડ પ્રિવેન્શન તાલીમ દર ત્રીજા મહિને અપાશે. જેમાં આત્મહત્યા વિશે ખુલ્લીને ચર્ચા કરવામાં આવશે. જેમાં આત્મહત્યા કરનાર વ્યક્તિના જોખમી લક્ષણો અને અન્ય વ્યક્તિ તેને કેવી રીતે મદદ કરીશ. પ્રશ્નોતરી સમાધાન, તણાવ નિયંત્રણ અને હતાશાથી બચાવ માટે માર્ગદર્શન આપીને તાલીમાર્થીઓને તાલીમ અંગે સર્ટીફિકેટ અપાશે. કાર્યક્રમને સફળ બનાવવ ડો. સુરેશ પટેલ, જયંતીભાઈ વાઘેલા, શૈલેન્દ્ર રાવલ, ધવલ રાવલ, દિપક મકવાણા, વત્સલ ભાનુશાલી, સુનિલ મહેશ્વરી, હેમંતભાઈ ઠક્કર, બીનાબેન ઠક્કર, પલ્લવીબેન વગેરેએ જહેમત ઉઠાવી હતી. નોધનીય છે. ઓમ ફાઉન્ડેશનના પ્રમુખ ડો. શર્માએ ૧૦ સપ્ટેમ્બરના વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસની ઉજવણી કરવા માટે ભારત સરકાર પાસેથી માન્યતા પ્રાપ્ત કરી છે. દેશમાં આત્મહત્યા અટકાવવા માટે રાષ્ટ્રીય નીતિ ડો. શર્માની અપીલની નોંધ કરી ભારત સરકારે ૨૦૨૨માં અમલમાં મુકી છે. કચ્છમાં આત્મહત્યાના બનાવો અટકાવવા વિનામુલ્યે લોક જાગૃતિ કાર્યક્રમ કરવા માટે લોકો કચ્છ સુસાઈડ પ્રિવેન્શન ફોરમના સિવિલ જયંતીભાઈ મો. નં. ૯૪૨૮૦ ૩૩૩૨૦નો સંપર્ક કરવા જણાવાયું છે.

# અમદાવાદના પનોતા પુત્રની વૈશ્વિક ઉડાન : સાબરમતીથી અમેરિકાના સોલ્ટ લેક સિટી સુધીની અવિસ્મરણીય સફર



**સાબરમતીના રહેવાસી મઝહર અસલમ કાઠીની અમેરિકામાં મેયર ઓફિસની બિઝનેસ એડ્વાઈઝરી કમિટીમાં સભ્ય તરીકે નિમણૂક : ગુજરાત અને ભારતનું ગૌરવ વધારતી સિદ્ધિ**

ભુજ - કચ્છઉદય : અમદાવાદની સાબરમતીના સાનિધ્યમાં ઉછરેલા અને સંસ્કાર પામેલા મઝહર અસલમ કાઠીએ સાત સમંદર પાર અમેરિકામાં ડંકો વગાડી ગુજરાત અને ભારતનું નામ રોશન કર્યું છે. મઝહર કાઠીની અમેરિકાના સોલ્ટ લેક સિટી મેયર ઓફિસના બિઝનેસ એડ્વાઈઝરી કમિટીના સભ્ય તરીકે વરણી કરવામાં આવી છે. આ નિમણૂક માત્ર એક વ્યક્તિગત સફળતા નથી, પરંતુ અમદાવાદના શિક્ષણ, સંસ્કાર અને નૈતિક મૂલ્યોના વૈશ્વિક સ્વીકારનું જીવંત પ્રતિક છે. મઝહર હવે વૈશ્વિક સ્તરે આર્થિક અને વ્યાપારિક નીતિઓના ઘડતરમાં પાયાની ભૂમિકા ભજવશે, જે સમગ્ર ભારત માટે ગૌરવની ક્ષણ છે.

મઝહર કાઠીની આ સફળતા પાછળ તેમનો મજબૂત શૈક્ષણિક પાયો રહેલો છે. તેમણે પ્રાથમિક શિક્ષણ અમદાવાદની પ્રતિષ્ઠિત સી. યુ. શાહ પ્રાયમરી સ્કૂલ (જીએલએસ) માંથી મેળવ્યું હતું, જ્યાં તેમનામાં શિસ્ત અને સમયપાલનના પાઠ આત્મસાત થયા હતા. ત્યારબાદ એમ. કે. સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલમાં માધ્યમિક અભ્યાસ દરમિયાન તેમનામાં નેતૃત્વ અને આત્મવિશ્વાસના ગુણો વિકસ્યા હતા. ઉચ્ચ શિક્ષણ માટે તેમણે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન એચ. એ. કોલેજ ઓફ કોમર્સમાંથી બી.કોમ.ની પદવી મેળવી અને ત્યારબાદ એમબીએ પૂર્ણ કરી પોતાના જ્ઞાનને વૈશ્વિક સ્તરે પ્રસ્તુત કરવા સજ્જ થયા હતા.

અમેરિકા સ્થાયી થયા બાદ મઝહરે 'ધ કેટાલિસ્ટ બિઝનેસ ડેવલપમેન્ટ કન્સલ્ટિંગ એલએલસી' ની સ્થાપના કરી હતી. બિઝનેસ ડેવલપમેન્ટ ડિરેક્ટર તરીકે તેમણે અનેક સ્ટાર્ટઅપ્સ અને નાના ઉદ્યોગોને સફળતાના શિખરે પહોંચાડવા માટે વ્યૂહાત્મક માર્ગદર્શન પૂરું પાડ્યું છે. યુટાહના બિઝનેસ ઈકોસિસ્ટમમાં તેમના નોંધપાત્ર પ્રદાનને કારણે જ તેમને આ મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. તેમની આ સફર આજના વિદ્યાર્થીઓ માટે પ્રેરણાનો સ્ત્રોત છે કે દૃઢ નિશ્ચય અને મહેનત હોય તો સામાન્ય પૃષ્ઠભૂમિ ધરાવતી વ્યક્તિ પણ અનંત ઉડાન ભરી શકે છે. હોળીના પાવન પર્વે મળેલી આ સફળતાના સમાચાર ગુજરાતીઓમાં આનંદ અને ગૌરવની લહેર પ્રસરાવી રહ્યા છે. તેવું કચ્છના મૌલાના આઝાદ શૈક્ષણિક સંઘના ચેરમેન અમીર ફૈઝલ મુતવાની યાદીમાં જણાવાયું છે.

# ભચાઉથી સામખિયાળી રસ્તા પર બનતા પુલનું નિર્માણ રોકવા ગ્રામજનોની માંગ



**સાંતલપુર સામખીયારી નેશનલ હાઈવે અંતર્ગત બનાવાતા બે નવા પુલની કોઈ જરૂરિયાત નથી, ઉલટાના ગામ લોકોને અડચણરૂપ થશે તેવો સામખિયાળી, લાકડીયા, ઘરાણા સહિતના ગામલોકોનો સૂર : રજૂઆતથી થાકેલા ગામ લોકો ગાંધીચીંધ્યા માર્ગે આંદોલન કરશે**

ભચાઉ - કચ્છઉદય : લાકડીયા, સામખિયાળી, ઘરાણા ગ્રામજનોએ નવા બની રહેલા બ્રિજનું કામ નડતરરૂપ ગણાવીને તાત્કાલિક અટકાવવા સામખિયાળી અને લાકડીયા ગ્રામ પંચાયત તથા રાયશી કોલીએ નાયબ કલેકટર, મુખ્ય અધિકારી આઈ.આર.બી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ભચાઉ નેશનલ હાઈવે ઓથોરીટીના ચેરમેનને પત્ર લખીને માંગણી કરી છે, જેમાં જણાવ્યું છે કે, ભચાઉ તાલુકાથી થઈને સાંતલપુર - સામખીયારી નેશનલ હાઈવે રોડનુ કામ ચાલુ છે, જે અંતર્ગત લાકડીયાના રેવન્યુ સર્વે નંબર ૫૮૯ પાસેથી ટુકા ટુકા ગાળામાં જ બે બીજનુ કામ ચાલુ થયું છે, જેની કોઈ જ જરૂરીયાત નથી. આ જગ્યામાંથી ઘરાણાથી પીરપરાપાટીનો વર્ષો જૂનો રાજમાર્ગ આવેલ છે. પુલ માટે લાકડીયા તથા સામખીયારી ગ્રામ પંચાયત તથા ગ્રામજનોએ સખત વિરોધ નોંધાવ્યા છતાં પણ તેમની ઉપેક્ષા કરવામાં આવતી હોવાનું જણાવાયું છે. મે મહિનાના અંતે નેશનલ હાઈવે ઓથોરીટીને ગ્રામ લોકો અને ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવેલી વાંધા અરજીઓ તરફ ધ્યાન આપવામાં આવ્યું નથી. આ જગ્યાએથી ત્રણ ગામના લોકોને અસંખ્ય મુશ્કેલીઓ પડે તેમ છે. ખેડુતોને તેમની જમીનોનુ યોગ્ય વળતર ન અપાયાનું જણાવી ખેડુતોને તેમના રસ્તાઓના પ્રશ્નો ઉભા થશે. પુલ બનાવવાથી પડી રહેલી તકલીફ અંગે રજૂઆત કરાતા જણાવ્યું છે કે પુલથી મોટા પ્રમાણમાં નુકસાન ઉદભવે તેમ છે, જેના કારણો જણાવતા ગ્રામ લોકોએ રજૂઆત કરી છે કે પુલથી સામાન્ય જનજીવનમાં ખલેલ પડશે. ગામના રોજિંદા પરિવહન માટે એક માત્ર માર્ગ કે જ્યાંથી સ્કૂલના બાળકો, ખેતીવાડીના વાહનો અને આકસ્મિક સેવાઓની અવરજવરને અસર થશે. ભારે ટ્રાફિક લોકોના દૈનિક જીવનમાં અડચણ પાડશે અને પર્યાવરણ પર પણ અસર થશે. નિર્માણ જગ્યાની આસપાસ ખેતીવાડી જમીન અને નાની જળસાંસદીઓના પાણીની ગુણવત્તા અસર થશે. જમીનનુ ખાદ્યમૂલ્ય ઘટવાથી ખેતીની જમીનમાં મોટા પ્રમાણમાં નુકસાન થશે. હાઈવે સાથે સીધુ જોડાણ થવાથી સુરક્ષા સંબંધી સમસ્યાઓ અને અકસ્માતનુ ખાસ કરીને બાળકો અને વૃદ્ધો માટે જોખમ વધવાની સંભાવના છે.

ગામના સામાજિક અને ધાર્મિક પ્રસંગો સમયે આવજાવમાં અવરોધ થવાની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે. જે રસ્તા પર પૂલ બનાવવામાં આવી રહ્યો છે, તે રસ્તા ઉપર આવતા. પીપરાળા ગામને પુલ બનવાથી ફાયદો ન હોવાનું જણાવી કહેવાયું છે કે હાઈવે નંબર ૮ પર આ પુલ બનવાથી ખેડૂતોની તકલીફો વધી જશે. પીપરાળાના ખેડૂતો માટે ગામનો રસ્તો હાઈવે ૮થી જાય તો જ ઉપયોગી થાય તેમ છે, આ રસ્તો સામખીયારી પણ જાય છે ત્યાંથી બધા મોરબી સહિત બધા ગામ તરફ જઈ શકાય છે. ઘરાણા ગામનો રાજમાર્ગ આવેલો જાના લોકોનું કહેવું છે કે પૂલનુ નિર્માણ લોકોને ફાયદાકારક નથી. માત્ર કંપનીઓ અને તથા પેટ્રોલ પંપના ધંધાના લાભ માટે બનાવાતો હોવાનો આક્ષેપ કરીને, તેમના પ્રશ્નનો સાત દિવસમાં ઉકેલ ન મળે તો ગાંધી ચીધ્યા રસ્તે આંદોલન કરીને શાંતિપુર્વક વિરોધ કરવાનું એલાન કરી અને આંદોલન સમયે પોલીસ પ્રોટેકશન માંગવામાં આવ્યું છે. પુલ અંગે યોગ્ય ફેર વિચારણા કરી આ જગ્યાએ પુલ ન બનાવવા માંગણી કરાઈ છે.

# જ્ઞાન, ગમ્મત અને વિદ્યાર્થીઓને મોટીવેટ કરતું શાળા જીવન એટલે આનંદનો મેળો




ભુજ - કચ્છઉદય : શિક્ષણ એ બાળકો ના જીવન ઘડતરનું માઈલસ્ટોન છે અભ્યાસ સાથે રમત, ગમત સાથે આનંદ મેળવવા શાળાઓ તરફથી પ્રયાસો હાથ ધરવામાં આવે તો બાળકો ના અભ્યાસક્રમ આનંદમય અને ટેન્શન મુક્ત બની રહે છે તેવા પ્રયાસ સાથે ભુજની બી.એલ બી. સંચાલિત હંસાબેન પોપટલાલ ઠક્કર ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ ખાતે આનંદ મેળા ગેમ સાથે આનંદમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધો. ૫થી ૧૧ના બાળકોએ ૫૧ સ્ટોલ લગાવી ભાગ લીધો હતો. દરેક સ્ટોલ પર જુદી જુદી ગેમ્સ સાથે ઈનામી ગેમ્સ અને વિવિધ પ્રકારની ખાદ્ય આઈટમો ખુદ બાળકો બનાવીને આનંદ મેળામાં આવનાર લોકોને સ્વાદનો અનુભવ દેવડાવતાં હતા.

મેળાના મુખ્ય મહેમાન તરીકે પૂજા નીર રૂપોરલ અને નીરભાઈ રૂપારેલના હસ્તે ખુલ્લું મૂકવામાં આવેલ, મહેમાનોએ દરેક સ્ટોલની મુલાકાત લઈ વિધાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. વિધાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. મોટી સંખ્યામાં લોકો સાથે બાળકોનો જુસ્સો વધારવા વાલીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. મેનેજિંગ ટ્રસ્ટી લલિતભાઈ કોટકે જણાવ્યું હતું કે, સ્કૂલના દરેક ધોરણમાં અભ્યાસ કરતો વિધાર્થી અભ્યાસ સાથે પોતાના જીવનને સમયાંતરે ઘડતર કરી શકે અને રોજબરોજ ધંધા વેપાર વિગેરે વ્યવહારિક બાબતો સાથે કેળવાય તે માટે આવા આયોજન સ્કૂલ તરફથી કરવામાં આવતા હોય છે. મેળાને સફળ અને આનંદમય બનાવવા સ્કૂલના પ્રિન્સીપાલ પુજાબેન ઠક્કર સાથે ટીચીંગ અને નોન ટિચિંગ સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

## વાપીના દારૂના ગુના કામે આરોપી પકડાયો



ગાંધીધામ - કચ્છઉદય : વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દારૂના ગુના કામે આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો. એલસીબીએ રાપરના લોદ્રાણીના હાલે સેલારી નાકા પાસે રહેતા હરેશ ભાવેશભાઈ લુહારને પકડી આગળની કાર્યવાહી માટે રાપર પોલીસને સોંપ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

# દુષ્કર્મ અને અપહરણના ગુનામાં આરોપીનો નિર્દોષ છુટકારો

ભુજ - કચ્છઉદય : શહેરના બી-ડિવિઝન પોલીસ મથકે નોંધાયેલા સગીરાના અપહરણ અને વારંવાર દુષ્કર્મ આચરવાના ગંભીર ગુનામાં સંડોવાયેલા આરોપી અલ્તાફ અબ્દુલ ઉર્ફે બુધા લુહારને ભુજની નામદાર સ્પેશિયલ પોક્સો અદાલતે નિર્દોષ જાહેર કરી મુક્ત કરવાનો મહત્વનો ચુકાદો આપ્યો છે. આ કેસની વિગત મુજબ આરોપી વિરુદ્ધ એવી ફરિયાદ નોંધાઈ હતી કે તેણે સગીર વયની દીકરીને લગ્નની લાલચ આપી ફોસલાવીને વાલીપણામાંથી અપહરણ કરી સુમરાસર ગામના સીમ વિસ્તારમાં લઈ જઈ તેની સાથે અવારનવાર શારીરિક સંબંધો બાંધ્યા હતા. આ મામલે ગત તારીખ ૦૩/૦૮/૨૦૨૫ ના રોજ પોલીસ ફરિયાદ નોંધાયા બાદ આરોપીની ધરપકડ કરી તેને જેલ હવાલે કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પોલીસ દ્વારા તપાસ પૂર્ણ કરી નામદાર અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. કેસ દરમિયાન ફરિયાદી પક્ષ દ્વારા રજૂ કરાયેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ તેમજ કુલ ૦૯ સાક્ષીઓની તપાસ કરવામાં આવી હતી. અદાલતે બંને પક્ષોની દલીલો અને રેકોર્ડ પરના પુરાવાઓને ધ્યાને લઈ આરોપીને શંકાનો લાભ આપી તમામ આરોપોમાંથી નિર્દોષ મુક્ત કરતો આદેશ કર્યો હતો. આ કેસમાં આરોપી પક્ષે ભુજના ધારાશાસ્ત્રી કે.પી. ગઢવી હાજર રહ્યા હતા. વી.આર. ભાનુશાલી, બી.જે. ભાનુશાલી, પી.ડી. ખુંગલા અને એચ.પી. ગઢવીએ સહયોગ આપ્યો હતો.

# ભચાઉની જેગુઆર કંપનીની કોલોનીમાં યુવકે ફાંસો ખાઇ લેતા અરેરાટી વ્યાપી

**અગમ્ય કારણોસર યુવાને જીવન ટૂંકાવતા ચકચાર : ભચાઉ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો**

ભચાઉ - કચ્છઉદય : તાલુકાના ઔધોગિક વિસ્તારમાં આવેલી જેગુઆર કંપનીની કોલોનીમાં રહેતા ૨૮ વર્ષીય આશાસ્પદ યુવાને કોઈ અગમ્ય કારણોસર ફાંસો ખાઈ આપ ઘાત કરી લેતા અરેરાટી ફેલાઈ ગઈ છે. ભરજુવાનીમાં યુવાને આત્મહત્યા જેવું અંતિમ ડગલું ભરતા પરિવાર અને સાથી કર્મચારીઓ સ્તબ્ધ થઈ ગયા છે. આ બનાવ અંગેની જાણ થતા ભચાઉ પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસે ઘટનાસ્થળનું પંચનામું કરી યુવાનના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ભચાઉની સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડ્યો છે. હોસ્પિટલ ખાતે પીએમ સહિતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, હાલ યુવાનની ઓળખની તજવીજ ચાલી રહી છે. યુવાને કયા સંજોગોમાં અને કયા કારણોસર આત્મહત્યા કરી છે તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી. પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને પ્રાથમિક પૂછપરછ બાદ જ આપઘાત પાછળનું સાચું કારણ બહાર આવશે. હાલમાં ભચાઉ પોલીસે આ મામલે પ્રાથમિક નોંધ દાખલ કરી વધુ તપાસ તેજ કરી છે.

# દેવપર યક્ષમાં નેત્ર નિદાન કેમ્પ યોજાયો



નખત્રાણા - કચ્છઉદય : તાલુકાના દેવપર યક્ષ મધ્યે ગ્રામ પંચાયત આયોજિત નિઃશુલ્ક નેત્ર રોગ નિદાન કેમ્પમાં આંખને લગતા તમામ પ્રકારના રોગોનું નિદાન ઉપચાર કરવામાં આવ્યું હતું. કચ્છ વિકાસ ટ્રસ્ટ, રાયધણપર સ્થિત આંખની હોસ્પિટલના અનુભવી ડોક્ટર તથા ટેક્નિશિયન દ્વારા દેવપર ગામના આંખની તકલીફ ધરાવતા વ્યક્તિઓને નિશુલ્ક લાભ અપાવવામાં આવ્યું હતુ. નેત્ર રોગ નિદાન કેમ્પ અંતર્ગત નિશુલ્ક દવા, ગોળી, મલમ તથા જરૂરિયાત મુજબ મફત ચશ્મા પણ આપવામાં આવ્યા હતા. ઓપરેશન લાયક દર્દીઓને ભુજ સંસ્થાની આંખની હોસ્પિટલમાં વિનામુલ્યે ટાંકા વગરનું ઓપરેશન કરી આપવામાં આવશે. કેમ્પમાં બહોળી સંખ્યામાં ગામ લોકોએ લાભ લીધો હતો. કેમ્પને સરપંચ કસ્તૂરબેન વિરેન્દ્રભાઇ ગરવા દ્વારા દીપ પ્રાગટ્ય કરી ગામ લોકો માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ પ્રસંગે આચાર્ય સૂર્યોદયભાઈ પટેલ, વિરેન્દ્રભાઈ ગરવા, સુરેશભાઈ કેસરા (ઉપસરપંચ), કાંતિભાઈ રૂડાણી, કરશનભાઈ ભીમાણી, ફકુભાઈ લોન્ચા, ભાણજીભાઈ લીંબાણી, પિયુષભાઈ ઠક્કર, તુલસીદાસભાઈ લીંબાણી, જેઠાલાલ લીંબાણી, દીપકભાઈ કોલી સહિત લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# બિબ્બર ગામે સેવા સેતુમાં ૧૯ ગામોના લાભાર્થીઓએ લાભ લીધો



નખત્રાણા - કચ્છઉદય : તાલુકાના બિબ્બર ગામે આજે યોજાયેલા સેવા સેતુમાં ૧૯ ગામોના લાભાર્થીઓએ લાભ લીધો હતો. તાલુકા મામલતદાર રાકેશભાઈ પટેલે દિપ પ્રાગટય કરી કાર્યક્રમને ખુલ્લો મુકતા કહ્યું કે, સેવા સેતુથી અંતરિયાળ ગામડાઓના લાભાર્થીને સરકાર ઘર આંગણે સુવિધા પુરી પાડે છે. આયુષ્યમાનકાર્ડ, અરજી, દાખલા, પ્રમાણપત્ર, વિધવા સહાય, આવાસ યોજના સહિત અનેક વિભાગોની વિવિધ ટેબલો કાર્યરત છે અને તેનો બહોળા પ્રમાણમાં લોકો લાભ લે તેવું કહ્યું હતું. ૧૯ ગામોમાંથી ૨૦૦ ઉપરાંત લાભાર્થીઓએ સેવાસેતુંનો લાભ લીધો હતો. આ ટાંકણે ના.મા. નિકેશભાઈ જોષી, બિબ્બરના સરપંચ નરેન્દ્રસિંહ જાડેજા, તલાટી કિંજલબેન ચૌધરી, મહેશ રબારી, કિસનભાઈ સીજુ, કલ્પેશ બુચિયા સહયોગી રહ્યા હતા.


''અભિનંદન સહ હાર્દિક શુભેચ્છાઓ''



ડૉ. વિશાલ ખીમજીભાઈ ઓઝા
M.B.B.S., M.D. (Medicine), Dr. N.B.
(Medical ONCOLOGY- કેન્સર)
Super Specialist (First Class)
Shree Krishna Hospital, KARAMSAD

પરમકૃપાળુ પરમાત્માની અસીમ કૃપા તેમજ વડીલોના આશીર્વાદથી તેમજ આપની સખત મહેનત, ઘગશ તથા ઉત્સાહથી સુપર સ્પેશીયાલીસ્ટની ડીગ્રી પ્રાપ્ત કરવા બદલ અંતરના આશીર્વાદ સાથે જીવનમાં ઉતરોતર પ્રગતિ કરતા રહો તેવી હાર્દિક શુભકામનાઓ.

● ખીમજી એચ. ઓઝા - પિતા (એડવોકેટ એન્ડ નોટરી), અંજાર
● રમીલાબેન ખીમજીભાઈ ઓઝા - માતા
● રવિ ખીમજીભાઈ ઓઝા - મોટાભાઈ, નાયબ ઇજનેરશ્રી જેટકો અંજાર
● હેતલ વિશાલ ઓઝા, પત્ની



**(એ.એન.શર્મા) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, ભુજ-ગ્રામ્યની કોર્ટ સમક્ષ**
એકોર્ડ હોસ્પિટલ સામે, તાલુકા સેવા સદન, મુંદરા રોડ, ભુજ-કચ્છ.
ફોન નં. ૦૨૮૩૨-૨૩૦૮૩૨ ઈ-મેઈલ mamlatdar-bhuj@gmail.com

**જાહેર નોટીસ** નં.જન્મ-મરણ નોંધણી કેસ રજી નંબર-૨૧/૨૦૨૬

(૧) શ્રી મહેન્દ્રસિંહ ભીખુભા ઝાલા, રહે.શારદાનગર, મોખાણા, તા.ભુજ-કચ્છ
વિરૂધ્ધ
(૧) રજીસ્ટ્રારશ્રી જન્મ-મરણ નોંધણી અને તલાટી સહ મંત્રીશ્રી, કનૈયા બે ગ્રામ પંચાયત, તા.ભુજ-કચ્છ.

**વિષયઃ- જન્મ-મરણ નોંધણી (સુધારા) અધિનિયમ-૨૦૨૩ ની કલમ-૧૩ (૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટિસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી મહેન્દ્રસિંહ ભીખુભા ઝાલા, રહે.શારદાનગર, મોખાણા, તા.ભુજ-કચ્છની તા.૧૨/૦૧/૨૦૨૬ વાળી અરજીથી તેઓના બહેન નામે કૃષ્ણબા ભીખુભા ઝાલાનો તા.૧૧/૦૭/૧૯૭૮ના રોજ મોજે- કનૈયા બે, તા.ભુજ-કચ્છ મધ્યે તેઓના નિવાસ સ્થાને જન્મ થયેલ, પરંતુ શરતચૂક તથા કાયદાની અજ્ઞાનતાના કારણે જન્મ નોંધણી કનૈયા બે ગ્રામ પંચાયત, તા.ભુજ-કચ્છના વર્ષ-૧૯૭૮ના જન્મ રજીસ્ટરે કરાવવાનુ રહી ગયેલ હોવાનું જણાવી જન્મ નોંધણી કરવાનો હુકમ થવા અરજી કરેલ છે. જે અરજી અત્રેની કચેરીના જન્મ-મરણ નોંધણી રજી નં.૨૧/૨૦૨૬ ઉપર નોધવામાં આવેલ છે. સદર જન્મ નોંધણી કરાવવા બાબતે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો નોટિસ પ્રસિધ્ધ થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમા વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આ કેસ અંગે નિયમાનુસારની કાર્યવાહી કરવામા આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

તા. ૧૮/૦૨/૨૦૨૬

એ. એન. શર્મા
એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ભુજ–ગ્રામ્ય



**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ભચાઉ**
સામખીયાળી રોડ, વાગડ વેલ્ફર હોસ્પિટલની સામે, ભચાઉ-કચ્છ. પીનઃ ૩૭૦૧૪૦
Email : mambhachau@gmail.com મેજીસ્ટ્રીયલ શાખા ફેક્સ નં./ફોન નં. ૦૨૮૩૭-૨૨૪૦૨૬

નં.મેજી/જન્મ-મરણ/વશી/૩૮/૨૦૨૦ **જાહેર નોટીસ** તા.૨૬/૦૨/૨૦૨૬
મરણ રજી.નં.૩૮/૨૦૨૬

શ્રી અશોક હિરજીભાઈ શાહ
રહે.ખારોઇ,તા.ભચાઉ-કચ્છ ........................ અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને
તલાટી સહમંત્રીશ્રી ખારોઈ,. ........................ સામાવાળા

**વિષયઃ- મરણની નોંધ કરવા અંગે.**

જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદારશ્રીએ તેમના માતા નામે સ્વ.લાડુબેન હીરજી શાહ રહે.ખારોઇ, વાળાનું અવસાન તા.૩૧-૦૩-૨૦૧૧ ના રોજ ખારોઈ,તા.ભચાઉ મધ્યે તેમના નિવાસસ્થાને કુદરતી રીતે મરણ થયેલ તેવુ અરજદારશ્રી દ્વારા જણાવેલ છે. તેમના મરણની નોંધ, જે તે સમયે કાયદાની અજ્ઞાનતાને કારણે સામાવાળા ના મરણ રજીસ્ટરે મરણ નોંધ થઇ શકેલ ન હોય જેથી મરણ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઇને વાંધો તકરાર હોય તો તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત.તા.૨૫/૦૩/૨૦૨૬ ના રોજ બપોરના ૦૪:૦૦ કલાકે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૬/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર-ભચાઉ.



**::: જાહેર નિવિદા :::**

**રોયલ સીટી ની રસીદો સાથેની ફાઈલ ગુમ થવા અંગે**

આથી સર્વે જાહેર જનતાને જણાવીએ છીએ કે, અમારી ફાઈલ રોયલ પ્લોટ્સ એલ એલ પી ગાંધીધામ મધ્યે જે પ્લોટ ની ચોજના ચાલુ હતી તે નામે રોયલ સીટી જેના સભ્ય નંબર ૨૯૯૫, પ્લોટ નં. ૬૦-એ, સર્વે નં. ૨૦૯ નામે મેઘરાજસિંહ એ. ઝાલા રહેવાસી ગાંધીધામ-કચ્છ વાળા મારા ઉપરોક્ત સભ્યપદની ફાઈલ જેના હપ્તા નં - ૧ થી ૫૨ (કુલ્લ-૫૨) રસીદો સાથેની ફાઈલ કોઇ કારણસર ગુમ થયેલ છે જેની જાણ અમે કંપનીના આયોજકોને કરેલ છે અને એ સર્વે પહોંચો (રશીદો) આજરોજ તા-૧૦-૦૩-૨૦૨૬ થી સર્વે રસીદો પહોચો જે કંપની એ રદબાતલ કરી અને નવું સ્ટેટમેન્ટ કાઢી આપેલ છે જેથી ઉપર મુજબ ની સર્વે રસીદો હવેથી રદબાતલ ગણાશે.અને એ રસીદોની કોઇ પણ પ્રકાર ની કાનૂની અસર રહેશે નહી.જેની સર્વેએ નોધ લેવા વિનંતી.

લી. ટોકન નં-૨૯૯૫
(મેઘરાજસિંહ એ. ઝાલા)

# કચ્છમાં વધતું સાયબર ગુનાખોરીનું પ્રમાણ ચિંતાજનક : જનજાગૃતિનો અભાવ

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લો ભૌગોલિક રીતે દેશનો સૌથી મોટો જિલ્લો હોવાની સાથે ઔદ્યોગિક અને પ્રવાસન ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યો છે ત્યારે આર્થિક સમૃદ્ધિની સાથે અહીં સાયબર ગુનાખોરીનું પ્રમાણ પણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. સરહદી જિલ્લાના ભોળા નાગરિકો ડિજિટલ યુગમાં સ્માર્ટફોનનો ઉપયોગ તો કરતા થયા છે પરંતુ તેની સુરક્ષા બાબતે હજુ પણ અનેક અંશે અજ્ઞાત છે. ખાસ કરીને ભુજ, ગાંધીધામ જેવા શહેરી વિસ્તારોમાં ઓનલાઇન છેતરપિંડીના કિસ્સાઓ દિન-પ્રતિદિન અખબારોની હેડલાઈન્સ બની રહ્યા છે. સાયબર અપરાધીઓ હવે લોકોની લાલચ અથવા તો ડરનો લાભ ઉઠાવીને લાખો રૂપિયાની છેતરપિંડી આચરી રહ્યા છે જે સ્થાનિક તંત્ર અને સમાજ માટે મોટો પડકાર છે.

કચ્છમાં હાલમાં મોડસ ઓપરેન્ડીમાં ઘણું વૈવિધ્ય જોવા મળી રહ્યું છે. સામાન્ય રીતે બેંક અધિકારી તરીકેની ઓળખ આપીને કેવાયસી અપડેટ કરવાના બહાને ઓટીપી મેળવી લેવો એ જૂની પદ્ધતિ થઈ ગઈ છે.

હવે સાયબર માફિયાઓ વીજળી બિલ બાકી હોવાનું જણાવી જોડાણ કાપી નાખવાની ધમકી આપીને લિંક મોકલે છે અને લોકો ડરના માર્યા તે લિંક પર ક્લિક કરીને પોતાના બેંક ખાતા ખાલી કરી બેસે છે. આ ઉપરાંત સોશિયલ મીડિયા પર સસ્તા દરે સોનુ કે અન્ય વસ્તુઓ વેચવાની લોભામણી જાહેરાતો, ઓનલાઇન લોન આપવાની એપ અને ટાસ્ક પૂરા કરવાના નામે રોકાણ કરાવીને વળતર ન આપવાના કિસ્સાઓ પણ કચ્છમાં ખૂબ વધી રહ્યા છે.

શેરબજારમાં ટિપ્સ આપવાના નામે પણ અનેક નિવૃત્ત કર્મચારીઓ અને વેપારીઓ પોતાની જીંદગીની મૂડી ગુમાવી રહ્યા છે.

કચ્છના જાગૃત નાગરિકો જણાવે છે કે, સાયબર ક્રાઈમ વધવાનું મુખ્ય કારણ લોકોમાં રહેલો જાગૃતિનો અભાવ છે. ડિજિટલ સાક્ષરતા માત્ર ફેસબુક કે વોટ્સએપ ચલાવવા પૂરતી સીમિત રહી ગઈ છે પરંતુ ઓનલાઇન વ્યવહાર કરતી વખતે કઈ સાવચેતી રાખવી તે અંગે લોકો હજુ સજાગ નથી. ઘણા કિસ્સાઓમાં ભોગ બનનાર વ્યક્તિ સામાજિક પ્રતિષ્ઠા ગુમાવવાના ડરે અથવા તો પોલીસ કાર્યવાહીની જટિલતાને કારણે ફરિયાદ કરવા આગળ આવતા નથી.

આ માનસિકતા સાયબર ગુનેગારોને વધુ પ્રોત્સાહન આપે છે. ગ્રામીણ વિસ્તારોમાં તો સ્થિતિ વધુ ગંભીર છે કારણ કે ત્યાં ડિજિટલ પેમેન્ટનો વ્યાપ વધ્યો છે પરંતુ સાયબર સુરક્ષા વિશેની માહિતી શૂન્ય સમાન છે.

પૂર્વ અને પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા સાયબર ક્રાઈમ સેલને વધુ મજબૂત બનાવવામાં આવ્યો છે અને સમયાંતરે લોકસંપર્ક કાર્યક્રમો દ્વારા જાગૃતિ લાવવાના પ્રયાસો કરવામાં આવે છે. જોકે સાયબર અપરાધીઓ આંતરરાજ્ય ગેંગ સાથે સંકળાયેલા હોવાથી તેમને પકડવા પોલીસ માટે પણ કઠિન બને છે.

નાગરિકોએ એ સમજવાની જરૂર છે કે કોઈપણ બેંક ક્યારેય ફોન પર અંગત વિગતો માંગતી નથી. જો કોઈ વ્યક્તિ છેતરપિંડીનો ભોગ બને તો તુરંત જ રાષ્ટ્રીય સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરવો જોઈએ જેથી નાણાં ફ્રીઝ થવાની શક્યતા વધી જાય. માત્ર પોલીસ કે સરકારના ભરોસે બેસી રહેવાને બદલે જો દરેક નાગરિક સતર્ક બને અને અજાણી લિંક કે અજાણ્યા ફોન કોલ્સથી સાવધ રહે તો જ કચ્છને સાયબર ક્રાઈમ મુક્ત બનાવી શકાશે.

# ભારત ફરી બન્યું T૨૦ વર્લ્ડ ચેમ્પિયન : ગાંધીધામમાં દિવાળી જેવો માહોલ, રસ્તાઓ પર ઉમટ્યા ક્રિકેટપ્રેમીઓ





ગાંધીધામ : અમદાવાદ ખાતે રમાયેલી ૨૦ વર્લ્ડ કપની રોમાંચક ફાઈનલ મેચમાં ભારતે ન્યૂઝીલેન્ડને ૯૬ રનથી પરાજિત કરી સતત બીજી વખત વર્લ્ડ ચેમ્પિયન બનવાનો ગૌરવ મેળવ્યો છે. આ જીત સાથે ભારતે અત્યાર સુધીમાં કુલ ત્રણ વખત ૨૦ વર્લ્ડ કપ જીત્યો હોવાનો ઈતિહાસ રચ્યો છે. યજમાન દેશ તરીકે વર્લ્ડ કપ જીતનાર ભારત વિશ્વનો પ્રથમ દેશ બન્યો હોવાને કારણે સમગ્ર દેશમાં આનંદ અને ગૌરવની લાગણી ફેલાઈ ગઈ છે.





ફાઈનલ મુકાબલામાં ભારતીય ટીમના બોલરોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. જસપ્રીત બુમરાહે પોતાની ઘાતક બોલિંગથી ૪ મહત્વપૂર્ણ વિકેટ ઝડપીને ન્યૂઝીલેન્ડની બેટિંગ લાઇનને હચમચાવી દીધી હતી. ઉપરાંત અક્ષર પટેલે પણ ૩ વિકેટ મેળવી ભારતની જીતમાં મહત્વપૂર્ણ ફાળો આપ્યો હતો. ભારતીય ખેલાડીઓના આ ઉત્કૃષ્ટ પ્રદર્શનથી ટીમે મજબૂત જીત મેળવી સમગ્ર દેશને ગર્વ અનુભવાવ્યો છે.

ભારતની આ ઐતિહાસિક જીત બાદ દેશભરમાં ખુશીની લહેર દોડી ગઈ હતી. વિવિધ શહેરોમાં લોકો રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા અને ફટાકડા ફોડી ઉજવણી કરી હતી.

ગાંધીધામ શહેરમાં પણ ક્રિકેટપ્રેમીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. શહેરના ઝંડા ચોક પાસે આતસબાજી ઓ કરવામાં ફ્ફદ્દે હતી અને મુખ્ય માર્ગો પર યુવાનો તથા ક્રિકેટ ચાહકો તિરંગા સાથે ઉમટી પડ્યા હતા. ફટાકડા ફોડી, એકબીજાને મીઠાઈ ખવડાવી અને "ભારત માતા કી જય" તથા "વંદે માતરમ"ના નારા લગાવી વિજયોત્સવ ઉજવાયો હતો. આ ઉજવણીને કારણે સમગ્ર શહેરમાં દિવાળી જેવો આનંદમય માહોલ સર્જાયો હતો અને લોકો મોડીરાત સુધી જીતની ખુશીમાં ઝૂમી ઉઠ્યા હતા.

# પૂર્વ કચ્છ મહિલા પોલીસ દ્વારા મહિલા દિવસની ઉજવણી કરાઈ



ગાંધીધામ - કચ્છઉદય : પૂર્વ કચ્છ આદીપુર મહિલા પોલીસ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સ્થાનીક બાજીગર સમાજની બહેનો તથા જાતે મહેનત કરી પોતાનું અને પરીવારનું ગુજરાન ચલાવતા બહેનો, આર્થિક રીતે નબળા પરિવારમાંથી આવતી દિકરીઓને સ્વનિર્ભર બનાવવા સામાજીક રીતે કાર્યરત શ્રી સાંઈ સેવા ટ્રસ્ટના બ્યુટીપાર્લર, સીલાઈ કામ, કોમ્પ્યુટર, ભરત ગુંથણ જેવી પ્રવૃતિની તાલીમ આપતા શિક્ષક બહેનો તથા ટ્રસ્ટ સંચાલકનું સન્માન કરવામાં આવ્યું હતું. મહિલા પોલીસ દ્વારા બહેનોને લગતા કાયદા, શી ટીમ, પોલીસ હેલ્પલાઈન નંબર ૧૧૨, સાયબર હેલ્પ લાઈન નંબર ૧૯૩૦, અભયમ, મહિલા સહાયતા કેન્દ્ર, સખી વન સ્ટોપ કેન્દ્ર વગેરેની માહિતી આપી કેક કટીંગ કરવામાં આવ્યું હતું. તેમજ પીઆઈ એન.બી. ડોડીયાએ જણાવ્યું હતું.

# ભુજના રઘુવંશીનગરમાં વિશ્વ મહિલા દિવસ ઉજવાયો



ભુજ - કચ્છઉદય : માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા ભુજ શહેર ભાનુશાલીનગર પાછળ આવેલ રઘુવંશીનગર મધ્યે શ્રી રઘુવંશીનગર મહિલા મંડળનાં સહકારથી વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે કાર્યક્રમનું અધ્યક્ષપદ ભરતભાઇ રાણાએ શોભાવ્યું હતું.

પ્રારંભે જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ભુજના પેરાલીગલ વોલીન્ટીર પ્રબોધ મુનવર તથા પૃથ્વીરાજસિંહ જાડેજાએ મહિલાઓ માટેના કાયદા અને સુરક્ષાની સમજ પૂરી પાડી હતી. સુરેશભાઇ માહેશ્વરી, ભરતભાઇ વી. સોનીએ મહિલાઓને દરેક ક્ષેત્રે આગળ આવવા સમજ આપી હતી.

માનવજ્યોતની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં વર્ષોથી સહકાર આપનાર રઘુવંશીનગરનાં માલાબેન જોષી, સરલાબેન ગોસ્વામી, કંચનબેન વ્યાસ, સેજલબા ઝાલા, ઝંખનાબા પરમારની નારીશક્તિને બિરદાવી માનવજ્યોત દ્વારા સન્માનપત્રો અર્પણ કરવામાં આવેલ. અને તેઓની સેવાઓને બિરદાવવામાં આવેલ. સંચાલન પ્રબોધ મુનવરે આભારવિધિ પ્રવિણ ભદ્રાએ કરેલ. વ્યવસ્થા આનંદ રાયસોની, કનૈયાલાલ અબોટી, લક્ષ્મણગર ગોસ્વામીએ સંભાળી હતી.

# આદિપુરમાં ટ્રાફિક પોલીસ દ્વારા મહિલા દિવસ ઉજવાયો



ગાંધીધામ - કચ્છઉદય : આંતરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે પૂર્વ કચ્છ જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા કરૂણા વિહાર કન્યા છાત્રાલય આદિપુર ખાતે જિલ્લા ટ્રાફિક શાખા દ્વારા અભ્યાસ કરતી દીકરીઓને છાત્રાલયમાં ભોજન અને મીઠાઈ વિતરણ કરી ટ્રાફિક નિયમો અંગેની સમજ કરી મહિલા દિવસની ઉજવણી કરી શુભકામનાઓ પાઠવવામા આવી હતી.

આ સમયે જિલ્લા ટ્રાફિક પીએસઆઇ ડી.જે. પ્રજાપતિ, એએસઆઇ પુષ્પાબેન લખમશીભાઈ, હીરાભાઈ, ધર્મેન્દ્રસિંહ, દિનેશભાઈ, ભરતભાઈ, ઈશ્વરભાઈ, રાજેશભાઈ, જયપાલસિંહ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# જાયન્ટ્સ ગ્રુપ ભુજ દ્વારા ડાયાલીસીસ દર્દીઓને સહાય અપાઈ

ભુજ-કચ્છઉદય : જાયન્ટસ ગ્રુપ ભુજ દ્વારા ડાયલીસીસ કરાવતા દર્દીઓને સહાયરૂપ થવાના હેતુથી પ્રોજેક્ટ ઉમ્મીદ શરૂ કરવામાં આવેલ છે. તે અંતર્ગત તાજેતરમાં લાયન્સ ડાયાલિસિસ સેન્ટર ખાતે ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આ પસંગે ગ્રુપ પ્રમુખ અભિલાષ મહેતા, મંત્રી બિપીનભાઈ ઠક્કર, પ્રદીપકુમાર જોષી, શૈલેન્દ્ર રાવલ, વિનોદભાઈ ગોર, તરૂણ ભાઈ કોઢિયા અને હર્ષાબેન કોઢીયા હાજર રહ્યા હતા.

## ભુજમાં ટી-૨૦ વર્લ્ડકપની જીતનો વિજયોત્સવ મનાવાયો



ભારતીય જનતા યુવા મોરચા કચ્છ દ્વારા ભારત - ઈંગ્લેન્ડની ટી ૨૦ વર્લ્ડકપ ફાઇનલ મેચનું લાઇવ પ્રસારણ ભુજ વિરામ હોટેલ મધ્યે કરવામાં આવ્યું હતું, જેમાં કચ્છ જિલ્લા ભાજપ મહામંત્રી હિતેશભાઈ ખંડોર, કચ્છ જિલ્લા યુવા ભાજપના અધ્યક્ષ રામભાઈ ગઢવી, મહામંત્રી ભાર્ગવભાઈ શાહ, રાહુલભાઈ ગોસ્વામી, ભુજ શહેર ભાજપના અધ્યક્ષ મિતભાઈ ઠકકર, ભુજ શહેર ભાજપના ઉપપ્રમુખ જયંતભાઈ ઠકકર તથા સંગઠનના હોદેદારો તથા યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. ભાજપની જીત બાદ જ્યુબેલી સર્કલ ખાતે વિજયોત્સવ મનાવવામાં આવ્યો હતો.

# કલાકાર શિલ્પાબેન ગોરનું સન્માન કરાયું



મુન્દ્રા - કચ્છઉદય : સમસ્ત બ્રહ્મસમાજ કચ્છ જિલ્લા મહિલા મંડળ પૂર્વ કચ્છ અને અંજાર તાલુકા સમસ્ત બ્રહ્મસમાજના સંયુક્ત ઉપક્રમે નારાયણ સરોવરના અધ્યક્ષા સોનલ લાલજી મહારાજની ઉપસ્થિતિમાં "સમસ્ત બ્રહ્મ નારીશક્તિ સન્માન - ૨૦૨૬'નું આયોજન અંજારના રાધે રિસોર્ટ ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં મુંદરા બારોઇ નગરપાલિકાના અધ્યક્ષા રચનાબેન પ્રણવભાઇ જોશી, રેસ્ક્યુ ફાઉન્ડેશનના સી.ઇ.ઓ. ત્રિવેણીબેન આચાર્ય અને પૂર્વ કચ્છની બ્રહ્મનારી ઉપસ્થિત રહ્યા હતા. ભુજના જાણીતા નાટ્યકાર અને ગાયક શિલ્પાબેન ઉદયનભાઇ ગોરનું વિશેષ સન્માનિત કકરવામાં આવ્યું હતું. સન્માન બદલ ભુજ રાજગોર સમાજના કારોબારી સભ્યો, જાણીતા સાહિત્યકારો કવિ જગદીશ ગોર "શરમાળ', કવિ જયંતી ગોર 'જખ્મી', રવિભાઇ પેથાણી "તિમિર' તથા ડો. ગોતમભાઇ જોશીએ શિલ્પાબેન ગોરને અભિનંદન આપ્યા હતા.

# ભુજની વિષ્ણુ ધર્મ સ્કૂલમાં મહિલા દિવસ ઉજવણી કરાઈ

**સ્કૂલમાં ૭૦ જેટલી મહિલાઓનું કરાયું સન્માન : સમાનતાની ભાવના કેળવવા અપાયો સંદેશ**



ભુજ - કચ્છઉદય : ૮મી માર્ચના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસ મહિલાઓના સન્માન તેમના અધિકારો અને સમાજમાં તેમના મહત્વપૂર્ણ યોગદાનને માન આપવા માટે ઉજવવામાં આવે છે.

વિષ્ણુ ધર્મ સ્કૂલમાં મહિલા દિવસ ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરાઈ હતી.

બાદમાં મુખ્ય મહેમાન ડીવાયએસપી એમ.જે. ક્રિશ્ચિયન માટે નાનકડી દીકરીઓ રૂહી ઠક્કર અને હીવા ઠકકરે નૃત્ય સાથે સ્વાગત ગીત રજૂ કર્યું હતું.

આચાર્ય ગીતાબેને મહિલા દિવસના મહત્વ વિશે માર્ગદર્શન આપ્યું હતું.

મહિલા સશક્તિકરણ અને સમાજમાં મહિલાઓના ઉત્થાન થાય તે હેતુસર પ્રો. બીના ભાનુશાળી અને શાળાના મેનેજીંગ ડાયરેક્ટર હેતલ બારોટે ૭૦ જેટલી મહિલાઓનુ સન્માન કર્યું અને પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

આ પ્રસંગે શિક્ષિકાઓનું સન્માન પણ કરવામાં આવ્યું અને તેમના કાર્યની પ્રશંસા કરવામાં આવી હતી.

આ કાર્યક્રમ મહિલાઓ પ્રત્યે સન્માન અને સમાનતાની ભાવના વિકસે તેવો સારો સંદેશ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન ઓમની પ્રેમજીયાણી અને મિત્તલ શાહે કર્યું હતું.

## કવિ કલાવૃંદ સાહિત્ય સંસ્થાની બેઠક યોજાઈ

ભુજ - કચ્છઉદય : કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થાના ઉપક્રમે વિવિધ સાહિત્ય ગોષ્ટી સાથે સભ્ય દ્વારા કાવ્ય પઠન કરવામાં આવી હતી, જેની બેઠક દિલીપ આચાર્યના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી, જેમાં જ્યોતિબેન એમ.ગોહિલની વિવિધ પ્રવૃતિઓ સાથે સાહિત્ય સેવાને બિરદાવીને રાજ્ય કક્ષાએ પ્રથમ વિજેતા સ્પોર્ટસ દોડમાં આવતા અભિનંદન સહ શુભ કામના પાઠવવામાં આવી હતી.



વાગડ બે ચોવીસી સ્થાનકવાસી જૈન યુવક મંડળ - ભુજ દ્વારા ટી-૨૦ વર્લ્ડ કપની ફાઈનલ મેચ મોટી સ્ક્રીન પર જોવાનું આયોજન વીબીસી આરટીઓ સંકુલ ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં સમાજના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ભારતની જીત બાદ ઉત્સવ જેવો માહોલ સર્જાયો હતો.


## પૂ. લુણંગદાદાની યાત્રા અને શ્રી ગણેશ દેવના મેળા પ્રસંગે

**સ્ટોલ માટેની નોંધણી**

**શ્રી લુણંગધામ-લુણી, તા. મુંદરા મધ્યે તા. ૨૧/૦૩/૨૦૨૬, શનિવાર સાંજથી તા. ૨૨/૩/૨૦૨૬, રવિવાર સવાર સુધી યાત્રા/મેળો યોજાશે. આ પ્રસંગે મેળામાં ખાણી-પીણી, મનોરંજનના સ્ટોલ રાખવા માગતા ધંધાર્થીઓએ આ નંબર પર સંપર્ક કરવો.**

**પૂજારીશ્રી મગનદાદા (૮૯૮૦૦ ૬૨૧૨૦) અને ભચુભાઈ પિંગોલ (૯૯૦૯૬ ૬૯૨૬૯)**

**તેજસ્વી તારલાઓનું સન્માન**

**મહેશ્વરી સમાજના તેજસ્વી તારલાઓ/વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓએ પોતાના પ્રમાણપત્રો તા. ૧૮/૦૩/૨૦૨૬ સુધી આ નંબર પર અને આ સરનામે મોકલવા.**

**ગૃહપતિ રામશી બામણિયા (૯૯૧૩૯ ૯૪૯૮૦) શ્રી લુણંગધામ શૈ. સંકુલ-લુણી, તા. મુંદરા (કચ્છ)**

**કિશોરભાઈ જી. પિંગોલ** પ્રમુખશ્રી | **લાલજીભાઈ વી. ફફલ** મહામંત્રી

**અખિલ કચ્છ ગણેશ સેવક સાર્વજનિક ટ્રસ્ટ**
**ગામ : લુણી, તા. મુંદરા (કચ્છ)**


# મંત્રી અને કચ્છ પ્રભારી કાંતિભાઈ અમૃતિયાના જન્મદિવસ ભુજમાં ઉજવણી કરાઈ




ભુજ : ગુજરાત સરકારના મંત્રી કાંતિભાઈ અમૃતિયા (શ્રમ અને રોજગાર વિભાગ) તેમજ કચ્છના પ્રભારીમંત્રીશ્રીના જન્મદિવસ નિમિત્તે ભુજ ખાતે શ્રી લોક સેવા સાર્વજનિક ટ્રસ્ટ સંચાલિત "મા-બાપનું ઘર" માનસિક નિરાધાર લોકોના આશ્રમ ખાતે સેવાભાવી રીતે ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે રાજ્ય મંત્રી અને કચ્છના પ્રભારી મંત્રી કાંતિભાઈ અમૃતીયાજીના ૬૪મા જન્મદિવસની વિશિષ્ટ ઉજવણી દિવ્યાંગો સાથે કરવામાં આવી હતી. આ અવસરે કેક કટિંગ તેમજ ભોજન કરવામાં આવ્યું હતું. આ વેળાએ ભુજ શહેર ભાજપ અધ્યક્ષ મિતભાઈ ઠકકર, જયંતભાઈ ઠકકર, દિવ્યરાજસિંહ ઝાલા, ધીરેનભાઈ લાલન, કિરણભાઈ ગૌરી, કાસમભાઈ કુંભાર હાજર રહ્યા હતા. નિરાધાર અને આશ્રિત ભાઈ-બહેનો સાથે કેક કાપી જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. સાથે તમામ આશ્રિતોને કાફી અને વિશિષ્ટ ભોજન કરાવી માનવતાભરી સેવા કરવામાં આવી હતી. કાંતિભાઈ અમૃતિયા લાંબું આયુષ્ય પામે તથા તેઓ સમાજસેવામાં સતત કાર્યરત રહે તેવી શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી હતી. આ પ્રસંગે લોક સેવા સાર્વજનિક ટ્રસ્ટ ભુજના મંત્રી હેમેન્દ્ર જણસારી સહિત આશ્રમના સેવકો અને આશ્રિતો હાજર રહ્યા હતા. સેવા કાર્ય બદલ કાઉન્સિલર ધીરેનભાઈ લાલનનો આભાર વ્યક્ત કર્યો હતો.

# કચ્છના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના ૬૦ ડ્રાઈવરોને છૂટા કરાતાં કચવાટ

**છેવાડાના ગામડાઓમાં આરોગ્ય સેવાઓ ખોરવાઈ જવાની ભીતિ**



ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં વર્ષોથી સેવા આપતા ડ્રાઈવરોને અચાનક નોકરીમાંથી છૂટા કરી દેવામાં આવતા અનેક પરિવારો મુશ્કેલીમાં મુકાયા છે. મળતી વિગતો મુજબ, જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને ૧૫મા નાણાપંચ અને વિવિધ ફાઉન્ડેશનો દ્વારા દાનમાં મળેલી એમ્બ્યુલન્સનો વહીવટ ખાનગી કંપની જીવીકે ૧૦૮ ને સોંપવામાં આવ્યો છે. આ વહીવટી ફેરફારને કારણે વર્ષોથી એમ્બ્યુલન્સ ચલાવતા અંદાજે ૬૦ જેટલા ડ્રાઈવરોને છૂટા કરી દેવામાં આવ્યા છે, જેના કારણે તેઓ બેરોજગાર બન્યા છે.

ખાસ કરીને ભૌગોલિક દ્રષ્ટિએ વિશાળ એવા કચ્છના લખપત, અબડાસા અને નખત્રાણા તાલુકાના છેવાડાના ગામડાઓમાં આરોગ્ય સેવાઓ જાળવી રાખવી પડકારજનક બની છે. આ ત્રણ તાલુકાના જ અંદાજે ૨૧ જેટલા ડ્રાઈવરોને ફરજમુક્ત કરવામાં આવ્યા છે. ડ્રાઈવરો અને સ્થાનિકોની રજૂઆત છે કે એમ્બ્યુલન્સની સુવિધા ન હોવાને કારણે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હેઠળ આવતા ૨૫થી ૩૦ જેટલા ગામડાઓમાં દર્દીઓને સમયસર સારવાર મળવી મુશ્કેલ બનશે.

આ ઉપરાંત, આરોગ્ય વિભાગના મહત્વના રાષ્ટ્રીય કાર્યક્રમો જેવા કે રસીકરણ, પોલિયો અભિયાન, મમતા દિવસ, ફેમિલી પ્લાનિંગ, સગર્ભા માતાઓની સોનોગ્રાફી તેમજ ડેન્ગ્યુ, મેલેરિયા અને ટીબીના કેમ્પ જેવી કામગીરી પણ એમ્બ્યુલન્સ અને ડ્રાઈવરોના અભાવે ખોરવાય તેવી શક્યતા છે.


આ ગંભીર પરિસ્થિતિને ધ્યાને લઈ, છૂટા કરાયેલા ડ્રાઈવરોને તાત્કાલિક અસરથી પરત લેવામાં આવે અને ગ્રામ્ય વિસ્તારની જનતા માટે પૂરતી એમ્બ્યુલન્સ ફાળવવામાં આવે તેવી ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવી છે.

# પાવરપટ્ટી નમક પરિવહન કરતા ભારે વાહનો સામે સરપંચોએ આપ્યું આવેદનપત્ર



નખત્રાણા - કચ્છઉદય : પાવરપટ્ટી વિસ્તારના નિરોણા સહિત ગામોમાંથી પસાર થતા નમક પરિવહન કરતા ભારે વાહનોથી નિરોણા પુલ તુટી પડ્યો હતો. તમામ વાહન વ્યવહાર ખોરવાયેલ હતો. વળી ભીમાસર પાસે ૨ કિ.મી. અંદાજી રોડ નવો બનેલ હાલમાં જ વાહનોના લીધે તુટી જતાં આસપાસના ગામોના સરપંચ એન.ટી. આહિર, ડાયાલાલ પટેલ, દિલાવરસિંહ જાડેજા સહિતના ગામોના સરપંચોએ આજે પ્રાંત અધિકારી ઉત્કર્ષ ઉજજવલને આવેદનપત્ર પાઠવી આ વિસ્તારમાંથી તાકીદે ભારે વાહનો પર પ્રતિબંધ મુકવા અને કલેકટર દ્વારા જાહેરનામામનો કડક અમલ થાય અને રૂટ મુજબ હાજીપીરથી ખાવડા, લોરિયા ભુજથી દેશલપર થઈ વાહનો પસાર થાય તેવી માંગ કરી હતી. હાલ જ રૂપિયા ૨૩ કરોડના ખર્ચે આ સ્ટેટ હાઈવેનું ૨ મહિના પહેલા જ ખાતમુહૂર્ત થઈ બનેલ છે. જો આ તાકીદે બંધ નહીં થાય તો સરકારના રૂપિયા ૨૩ કરોડની માતબર રકમનું ધોવાણ થશે તેવી દહેશત સરપંચો સેવી હતી. માર્ગ મકાન વિભાગ સ્ટેટ દ્વારા પુરતા પ્રમાણમાં સ્પીડ બ્રેકરો ઉપર પાટા, દિશા સૂચક બોર્ડ તેમજ રોડની બંને સાઈડ પાટા તાકીદે લગાડવામાં આવે, જેથી મોટા વાહનોને કારણે નાના વાહનો ભોગ બને તેવા મુદા પર રજૂઆત કરવામાં આવી હતી. આ ટાંકણે ખેંગારભાઈ મારવાડા, દેવાભાઈ રબારી સહિત સરપંચો સાથે રહ્યા હતા.

# ભુજના નિરેન ઠક્કરે જન્મદિવસની પ્રેરણાદાયી ઉજવણી



## બ્લડ ડોનેશન અને આર્થિક સહાય સહિતના વિવિધ સેવાકીય કાર્યો કર્યા

ભુજ - કચ્છઉદય : આજના ભૌતિકવાદી યુગમાં પોતાના જન્મદિવસની ઉજવણી માત્ર મોજ - મસ્તી પાછળ કરવાને બદલે સામાજિક જવાબદારી સમજીને સેવાથી ઉજવવાનો ઉત્તમ રાહ ભુજના નિરેન દીપકભાઈ ઠક્કરે ચિંધ્યો છે. નિરેનભાઈએ પોતાના શુભ જન્મદિવસ નિમિત્તે માનવતાવાદી અભિગમ દાખવીને વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરી સમાજમાં એક સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું છે.

જન્મદિવસની શરૂઆત નિરેનભાઈએ બ્લડ ડોનેશન (રક્તદાન) કરીને કરી હતી, જે અન્યના જીવન બચાવવા માટેનો અમૂલ્ય ઉપહાર સાબિત થશે. ત્યારબાદ, નવચેતન અંધજન મંડળ ખાતે દિવ્યાંગોને શુદ્ધ અને સાત્વિક ભોજન કરાવીને તેમના આશીર્વાદ મેળવ્યા હતા. આ અવસરે તેમણે સામાજિક કાર્યકર મિતેષભાઇ હીરાલાલ શાહની સેવાકીય પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈને, ડાયાલિસિસ કરાવતા જરૂરિયાતમંદ દર્દીઓની મદદ માટે રૂપિયા ૯,૯૯૯ નો ચેક અર્પણ કર્યો હતો.

સ્વ. ડૉ. રામકુમાર ગઢવી પરિવાર દ્વારા મેડિકલ સહાય સાથે જ, માનવસેવાના યજ્ઞમાં સ્વ. ડૉક્ટર રામકુમાર ગઢવીના પરિવારજનો પણ જોડાયા હતા. મેડિકલ ક્ષેત્રે આર્થિક રીતે નબળા દર્દીઓને ઉપયોગી થઈ શકાય તે હેતુથી ગઢવી પરિવાર તરફથી પણ મિતેષભાઇ શાહને રૂપિયા ૧૧,૦૦૦નું દાન અર્પણ કરવામાં આવ્યું હતું.નિરેન ઠક્કર અને ગઢવી પરિવાર દ્વારા કરવામાં આવેલા આ ઉમદા કાર્યોની સમાજ અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા ભારે પ્રશંસા કરવામાં આવી રહી છે.

# કુટુંબ સંબંધોની ઉષ્મા જાળવવા મણિલક્ષ્મી તીર્થ ખાતે બે દિવસીય કુટુંબ મિલન

## વાગડ બે ચોવીસી સમાજના મહેતા પરિવાર દ્વારા ૨૧ માર્ચથી આયોજન : પેઢીઓ વચ્ચે સંવાદ અને સંસ્કાર મજબૂત કરવાનો પ્રયાસ

ગાંધીધામ - કચ્છઉદય : આધુનિક યુગમાં માનવી ભૌતિક રીતે ઝડપી ગતિએ આગળ વધી રહ્યો છે, પરંતુ આ વિકાસની દોડમાં કુટુંબ સંસ્થાની આત્મિયતા અને સંબંધોની ઊષ્મા ધીમે ધીમે ઘટતી જોવા મળે છે. સંયુક્ત કુટુંબોની પરંપરા ઓછી થતી જાય છે અને એક જ પરિવારના સભ્યો પણ વ્યસ્ત જીવનશૈલીના કારણે એકબીજા સાથે પૂરતો સમય વિતાવી શકતા નથી. આવી પરિસ્થિતિમાં પરિવાર અને સમાજ વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે આણંદ નજીક આવેલ પવિત્ર મણિલક્ષ્મી તીર્થ ખાતે વાગડ બે ચોવીસી સમાજના મહેતા પરિવાર દ્વારા આગામી ૨૧ માર્ચથી બે દિવસીય કુટુંબ મિલનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કુટુંબ મિલન માત્ર પરિવારના સભ્યોને એકત્ર લાવવાનો કાર્યક્રમ નથી, પરંતુ તે સમાજમાં કુટુંબ મૂલ્યોને જાળવી રાખવાનો મહત્વપૂર્ણ પ્રયાસ છે. આ સમાગમનો મુખ્ય હેતુ પરિવારના સભ્યોને તેમના પૂર્વજો, બાપ-દાદા અને વંશપરંપરાની ઓળખ સાથે ફરી જોડવાનો છે. આજની પેઢી પોતાના મૂળ, સંસ્કાર અને પરંપરાને સમજે તેમજ જુદી જુદી પેઢીઓ વચ્ચે સંવાદ અને સમજ વધે તે આ કાર્યક્રમનો મૂળ આશય છે.

બે દિવસ સુધી ચાલનારા આ સમાગમ દરમિયાન વિવિધ પ્રકારના સામાજિક, સાંસ્કૃતિક અને પ્રેરણાત્મક કાર્યક્રમો યોજવામાં આવશે. જેમાં પરિવારના વડીલો, યુવાનો તેમજ બાળકો માટે પણ અલગ અલગ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમ દ્વારા પરિવારના સભ્યો એકબીજા સાથે સમય વિતાવી શકે, સંબંધોને વધુ મજબૂત બનાવી શકે અને સંસ્કારસભર વાતાવરણમાં જોડાઈ શકે તેવો પ્રયાસ કરવામાં આવશે.

આ આયોજનમાં બહેન અને દીકરીઓ માટે ખાસ કાર્યક્રમો પણ રાખવામાં આવ્યા છે. કુટુંબની સંવેદનાત્મક ધરી તરીકે બહેન-દીકરીઓની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. તેઓ માત્ર સંબંધોની સાક્ષી જ નથી, પરંતુ પરિવારને એકસાથે બાંધી રાખવાની શક્તિ તરીકે પણ મહત્વ ધરાવે છે. આ કાર્યક્રમો દ્વારા બહેન-દીકરીઓને પોતાના પરિવાર, વંશપરંપરા અને મૂળ સાથે વધુ ગાઢ રીતે જોડવાનો પ્રયાસ કરવામાં આવશે.

આ પહેલ દ્વારા આધુનિકતાની વચ્ચે પણ સંસ્કાર, સંવેદના અને સામૂહિક જવાબદારીને કેન્દ્રમાં રાખીને કુટુંબ સંસ્થાને વધુ મજબૂત બનાવવાનો સંદેશ આપવામાં આવશે. સમાજમાં પરિવાર પ્રત્યેની લાગણી અને પરસ્પર સહકારની ભાવના વિકસે તે માટે આવા કાર્યક્રમો ખૂબ જ જરૂરી હોવાનું આયોજકોનું માનવું છે. મણિલક્ષ્મી તીર્થ ખાતે યોજાનાર આ બે દિવસીય કુટુંબ મિલન માત્ર મહેતા પરિવાર પૂરતું સીમિત નથી, પરંતુ તે સમગ્ર વાગડ બે ચોવીસી સમાજ માટે પણ મહત્વપૂર્ણ બની રહેશે. આ આયોજન દ્વારા સમાજમાં એકતા, સંસ્કાર અને કુટુંબ મૂલ્યોને વધુ મજબૂત બનાવવા પ્રેરણા મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

# મણિનગર સ્વામિનારાયણ મંદિરે ભક્તિભાવથી ફૂલદોલોત્સવની ઉજવણી

## આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસજીની ઉપસ્થિતિમાં અબીલ-ગુલાલથી ઠાકોરજીનો રંગોત્સવ

ભુજ - કચ્છઉદય : સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત અમદાવાદના મણિનગર સ્થિત સ્વામિનારાયણ મંદિરમાં પરંપરાગત ભક્તિભાવ અને ઉત્સાહ વચ્ચે ફૂલદોલોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી મહારાજની પવિત્ર ઉપસ્થિતિમાં ધાર્મિક કાર્યક્રમ યોજાયો હતો, જેમાં હરિભક્તોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

ઉત્સવ દરમિયાન ઘનશ્યામ મહારાજ, હરિકૃષ્ણ મહારાજ, સહજાનંદ મહારાજ તેમજ શ્રીજી સ્વયંમૂર્તિ જીવનપ્રાણ અબજીબાપા અને સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર મુક્તજીવન સ્વામીબાપાની મૂર્તિઓને અબીલ - ગુલાલ અર્પણ કરીને પૂજન કરવામાં આવ્યું હતું. ભજન - કીર્તન અને જયઘોષ વચ્ચે ઠાકોરજી પર અબીલ - ગુલાલનો છંટકાવ કરવામાં આવતા મંદિર પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું હતું. અવસરે હાજર રહેલા હરિભક્તો પણ રંગોત્સવમાં જોડાઈ અબીલ-ગુલાલથી રંગાઈ ગયા હતા અને ઉત્સવની આનંદમય ઉજવણી કરી હતી. કાર્યક્રમ અંગે માહિતી આપતાં સંત ભગવતપ્રિયદાસજીએ જણાવ્યું હતું કે ફૂલદોલોત્સવ ભક્તિ, પ્રેમ અને એકતાનો સંદેશ આપતો પર્વ છે, જે હરિભક્તોને આધ્યાત્મિક રીતે જોડે છે.

# લોકો સ્વદેશી માલની ખરીદી કરી વિકસીત ભારતને બળ આપે : પી.એમ. જાડેજા





## નખત્રાણા નગરપાલિકા દ્વારા સ્વદેશી મેળો ખુલ્લો મુકાયો : મહાનુભાવો ઉપસ્થિત રહ્યા



નખત્રાણા - કચ્છઉદય : રામેશ્વર મંદિર ગ્રાઉન્ડ ખાતે નગરપાલિકા દ્વારા સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે સ્થાનિક વેપારીઓને બળ આપવાના હેતુથી સ્વદેશી મેળો (શોપીંગ ફેસ્ટિવલ)ને ખુલ્લો મુકતા ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજાએ કહ્યું કે, નગરજનો સ્વદેશી માલની ખરીદી કરી વિકસીત ભારતને મજબૂત બનાવે તેમણે મગત, તલ, જુવાર, બાજરી, સીંગદાણા ઉપરાંત બિજોરા, પપૈયા, દાડમ, ખારેકના સ્ટોલ ઉભા કરવા શીખ આપી હતી અને આવા મેળાનો હેત સરે તે માટે નજીકની જગ્યાએ ગોઠવવા કહ્યું હતું.

મામલતદાર રાકેશભાઈ પટેલે સ્વાગત કરી મેળામાં ૩૦ જેટલા સ્ટોલ ઉભા થયા છે, તેની પુરક માહિતી આપી હતી અને આજથી લઈ ૧૪-૩ સુધી મેળો ખુલ્લો રહેશે. અને વોકલ ફોર લોકલ મેળાનો હેતું રહ્યો છે. તાલુકા ભાજપના પ્રમુખ ધર્મેશભાઈ કેસરાણીએ મેળામાં હોદ્દેદારોને વિશ્વાસમાં લઈ અને નખત્રાણા નગરની નજીકમાં મેળા યોજવા ટકોર કરી હતી. પ્રચાર - પ્રસાર પણ વધુ જોઈએ તો જ હેતું સાર્થક થાય. કાર્યક્રમમાં રીબીન કાપી દિપ પ્રાગટય કરી મેળો ખુલ્લો મુકયો હતો. કચ્છી કલાકારોએ રંગત જમાવી હતી. મહેમાનોનું સ્વાગત થયું હતું. જિલ્લા પંચાયત સદસ્યા નયનાબેન પટેલ, ચંદનસિંહજી રાઠોડ, જીતેન્દ્રસિંહ જાડેજા, ગોવિંદ બલિયા, મંગળાબેન વાઘેલા, સરીતાબેન સોલંકી, મામદ ખત્રી, મનોજ પિત્રોડા, મયુર વાઘેલા, ભરત કેસરાણી, મહેશ રબારી, વિશ્રામભાઈ ભાવિક રૂડાણી, ઠાકોરભાઈ, ઉષાબેન પટેલ સહિતના ઉપસ્થિત રહ્યા હતા. સાંસદ વિનોદભાઈ ચાવડાએ શુભેચ્છા પાઠવી હતી. સંચાલન - આભારવિધિ હરિસિંહ રાઠોડે કર્યું હતું.

# ગુટલીબાજ ચીફ ઓફિસર સ્વદેશી મેળામાં ગેરહાજર

## ચીફ ઓફિસર સામે પગલાં લેવા પદાધિકારી ટકોર કરી : ૧૦ લાખનો ખર્ચ મેળાનો હેતુ સરે તે માટે પ્રચાર - પ્રસાર કરવા માંગ કરી

નખત્રાણા - કચ્છઉદય : રામેશ્વર મેદાન ખાતે શરૂ થયેલ નગરપાલિકા દ્વારા સ્વદેશી મેળામાં ખુદ ચીફ ઓફિસર ગેરહાજર રહ્યા હતા. આ બાબતે ઉપસ્થિત ભાજપના અગ્રણીઓ સતત ગેરહાજર રહેતા ચીફ ઓફિસર સામે પગલાં ભરવા માંગ કરી હતી. સરકાર દ્વારા નગરપાલિકાને આ મેળા માટે દસ લાખ જેટલી માતબર રકમ ફાળવાય છે તો તેનો હેતુ સાર્થક કરવા અખબારોમાં જાહેરાત આપવી રિક્ષા દ્વારા જાહેરાત કરવી અને પેમ્લેટ છપાવવા તો વધુ લોકો ભાગ લઈ શકે અને મેળો નગરથી ૧ કિ.મી. દૂર ન ગોઠવાય બસ સ્ટેશન, વિરાણી રોડ આસપાસ ગોઠવાય તો લોકો મોટી સંખ્યામાં લાભ લે અને કાર્યક્રમનો હેતુ પણ સાર્થક થાય તેવી ટકોર ભાજપ તાલુકા પ્રમુખે જાહેર મંચ પરથી કરી હતી. મેળાની જગ્યા દુર હોતા માત્ર ગણ્યા ગાંઠ્યા જ લોકો આવ્યા હતા અને નગરપાલિકા દ્વારા મેળાની કોઈ ગંભીરતા લેવાઈ ન હતી. આ બાબતે પ્રાંત અધિકારી પુછાણા લે તે જરૂરી છે.

# બહેરીનમાં અમેરિકાની પેટ્રિયટ ઈન્ટરસેપ્ટરમાં ખામી સર્જાઈ, ભૂલથી રહેણાંક વિસ્તારમાં પડી

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ઈરાન અને અમેરિકા-ઈઝરાયલ વચ્ચેના યુદ્ધને ૯ દિવસ પૂરાં થઈ ગયા છે ત્યારે ૧૦મા દિવસની શરૂઆતમાં જ ઈરાનમાં નવા સુપ્રીમ લીડરના નામની જાહેરાત કરી દેવામાં આવી જેનાથી અમેરિકા અને ઈઝરાયલ બંને ખિજાયા હતા. આ સાથે નવા લીડર બનતા જ મોજતબા ખામેનેઈ જે આયતુલ્લા ખામેનેઈના દીકરા છે તેમણે ઈઝરાયલ પર કેર વરસાવવાની શરૂઆત કરી દીધી હતી.

અમેરિકાના એક મીડિયાના અહેવાલ પ્રમાણે અમેરિકન પ્રમુખે કહ્યું હતું કે મોજતબા ખામેનેઈ ઈરાનના નવા સુપ્રીમ લીડર બનતાં તે નારાજ છે. ટ્રમ્પે જાહેરમાં આ મામલે કોઈ ટિપ્પણી કરવાનું પણ ટાળ્યું હતું અને કહ્યું હતું કે અમે હવે આગળ જોઈશું. બહેરીનથી એક ચોંકાવનારા અહેવાલ સામે આવી રહ્યા છે. અહીં અમેરિકાની પેટ્રિયટ ઈન્ટરસેપ્ટર એટલે કે ડિફેન્સ સિસ્ટમમાં ખામી સર્જાઈ હતી. તેણે ઈરાનની મિસાઈલોને નિશાન બનાવવાની જગ્યાએ બહેરીનના જ રહેણાંક વિસ્તારોને નિશાન બનાવતા સવાલો ઊઠ્યા હતા.

# સરકારના શ્રેષ્ઠ કર્મચારીઓ માટે ‘અટલ સ્વાંતઃ સુખાય યોજના’

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : એક સપ્તાહના મીની વેકેશન બાદ ૯મીના સોમવારે રાજ્ય વિધાનસભા ગૃહમાં (૧) સામાન્ય વહીવટ વિભાગ (૨) ખનીજ (૩) વાહન વ્યવહાર અને (૪) માર્ગ-મકાન જેવા ચાર મહત્ત્વના વિભાગોના બજેટ (માગણીઓ) રજૂ કરાશે. આ વિભાગીય માગણી (બજેટ) માં સરકારનું મુખ્ય ધ્યાન વહીવટી તંત્રને વધુ ગતિશીલ બનાવવા અને આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટેની પૂર્વ તૈયારીઓ પર કેન્દ્રિત જણાય છે. જેના માટે એકલા ચૂંટણી વિભાગને જ રૂ. ૨૪૦ કરોડથી વધુની ફાળવણી પ્રસ્તાવિત છે. ખાસ કરીને વહીવટમાં પારદર્શિતા અને કાર્યક્ષમતા લાવવા માટે નિષ્ઠાવાન કર્મચારીઓને પ્રોત્સાહિત કરતી ‘અટલ સ્વાંતઃ સુખાય યોજના’ માટે રૂ. ૭ કરોડની નવી જોગવાઈ આકર્ષણનું કેન્દ્ર બની છે.

એવી જ રીતે, રાજ્યના યુવાનો અને ભાવિ વહીવટકર્તાઓ માટે ‘સ્પિપા’ સંસ્થાને આધુનિક ટેકનોલોજીથી સજ્જ કરવા રૂ. ૪.૫૩ કરોડના ખર્ચે સ્માર્ટ ક્લાસરૂમ બનાવવાની યોજના પણ ચર્ચાનો વિષય રહેશે. આ ઉપરાંત, મંત્રી પરિષદના વહીવટી ખર્ચ માટે રૂ. ૭.૮૫ કરોડ અને જાહેર સેવા આયોગ દ્વારા લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓના સુચારુ આયોજન માટે રૂ. ૧૨૩ કરોડથી વધુની જોગવાઈઓ પર ગૃહમાં વિગતવાર ચર્ચા થશે. ખનીજ અને વાહનવ્યવહાર જેવા પાયાના વિભાગો માટે પણ કરોડો રૂપિયાના મૂડી ખર્ચની દરખાસ્તો રજૂ કરાશે. ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં સામાન્ય વહીવટ વિભાગ માટે આધુનિક અને પ્રજાલક્ષી અભિગમ સાથેની મહત્વની જોગવાઈઓ રજૂ કરવામાં આવી છે.

# મહેસાણામાં ૪૧૧ બોટલ રક્તદાન કરીને મહિલાઓએ ઇતિહાસ રચ્યો

મહેસાણા : મહેસાણા શહેરમાં વિશ્વ મહિલા દિવસ નિમિત્તે ઇનરવ્હીલ કલબ ઓફ મહેસાણા અને રોટરી કલબ ઓફ મહેસાણાના સંયુક્ત ઉપક્રમે ફક્ત મહિલાઓ માટે અને મહિલાઓ દ્વારા સંચાલિત રક્તદાન કેમ્પ યોજાયો હતો. આ અનોખા કેમ્પમાં મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કુલ ૪૧૧ બોટલ રક્તદાન કર્યું હતું. આ અભૂતપૂર્વ આયોજનને એશિયા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મળ્યું છે. ખાસ નોંધનીય બાબત એ છે કે આ પ્રકારનું આયોજન આખા ભારત તેમજ એશિયા સ્તરે પ્રથમવાર નોંધાયું છે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહિલાઓએ સ્વયંપ્રેરિત થઈ રક્તદાન કરીને સમાજસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. મહિલાઓ દ્વારા સંચાલિત આ કેમ્પમાં આયોજન, વ્યવસ્થા અને સંચાલન તમામ ક્ષેત્રે મહિલાઓની સક્રિય ભૂમિકા રહી હતી.આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ રક્તદાતા મહિલાઓને સન્માનિત કરી તેમની સેવા ભાવનાને બિરદાવતા જણાવ્યું હતું કે રક્તદાન માનવતા માટેનું સૌથી મહાન દાન છે અને આવી પ્રવૃત્તિઓ સમાજ માટે પ્રેરણાદાયી છે.

# મહિલા દિવસે જ અંકલેશ્વરમાં મહિલા સાડા ત્રણ કિલો ગાંજાના જથ્થા સાથે ઝડપાઈ

અંકલેશ્વર : ભરૂચ એસ.ઓ.જી.એ અંકલેશ્વરના મંગલદીપ સોસાયટીમાંથી એક મહિલાને ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડી છે. પોલીસે મહિલા પાસેથી ૩.૪૪૬ કિલોગ્રામ ગાંજો અને અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ.૧.૭૮ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. મહિલા દિવસે જ અંકલેશ્વરમાં મહિલા ગાંજાના જથ્થા સાથે ઝડપાઈ હતી.જિલ્લા પોલીસ વડા અક્ષય રાજ મકવાણાની ‘‘નો ડ્રગ્સ ઈન ભરૂચ’’ ઝુંબેશ અંતર્ગત તમામ અધિકારીઓને કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના આધારે ભરૂચ એસ.ઓ.જી. સક્રિય બની હતી.એસ.ઓ.જી. પી.આઈ. ના માર્ગદર્શન હેઠળ સ્ટાફ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો. તે દરમિયાન તેમને બાતમી મળી હતી કે અંકલેશ્વરના સારંગપુર વિસ્તારમાં આવેલી મંગલદીપ સોસાયટીમાં રહેતી સોની કુમારી મુકેશ મંડલ પોતાના ઘરે ગાંજો સંતાડી રાખે છે.આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન પોલીસે ૩.૪૪૬ કિલોગ્રામ ગાંજો, જેની કિંમત અંદાજે રૂ.૧.૭૨ લાખ છે, તે ઉપરાંત એક મોબાઈલ ફોન પણ જપ્ત કર્યો હતો. આમ કુલ રૂ.૧.૭૮ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.પોલીસે સોની કુમારી મુકેશ મંડલની ધરપકડ કરી છે. આ કેસમાં ઓડિશાના એક ઈસમને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે અને તેની શોધખોળ ચાલી રહી છે.

# મકનપર પ્રાથમિક શાળાની વિદ્યાર્થિનીની ઇન્સ્પાયર એવોર્ડ માટે પસંદગી



ભુજ - કચ્છઉદય : ભારત સરકારના વિજ્ઞાન અને પ્રદ્યોગિકી વિભાગ દ્વારા સંચાલિત ઈન્સ્પાયર એવોર્ડ માનાંક યોજના જે ધો.૬થી ૧૨ના વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક શક્તિ તથા રચનાત્મક વિચારોને જાગૃત કરવા સાથે વિજ્ઞાન અને પ્રદ્યોગિકીના માધ્યમથી સામાજિક જરૂરિયાતોને પૂર્ણ કરવા માટેની પહેલ છે. યોજના અંતર્ગત વિદ્યાર્થીઓના મૌલિક વિચારો / નવીનતાઓને આમંત્રિત કરવામાં આવે છે, જે સમાજની રોજિંદી સમસ્યાઓનું નિરાકરણ લાવી શકે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે સપ્ટેમ્બર મહિનામાં વિદ્યાર્થીઓ પાસે તેમના વિચાર / નવીનતાઓની શોધ માટેની અરજી મંગાવવામાં આવી હતી. જેમાં મકનપર (ઘોસા) પ્રાથમિક શાળાની વિદ્યાર્થિનીની બલોચ નિયામત હસનની પસંદગી થયેલ છે. નિયામતએ શાળાની એસએમસી સમિતિના અધ્યક્ષ હસનભાઈ બલોચના દીકરી છે. ભુજ તાલુકામાં પસંદગી પામે શાળા પૈકી અંતરિયાળ ગામ વસ્તીની શાળાની વિદ્યાર્થીની પસંદગી બદલ શાળા પરિવાર તથા ઓઢેજા બાઉખા જુથગ્રામ પંચાયતના સરપંચ સલમાબેન હનીફભાઈ સુમરા અને ગ્રામજનોએ હર્ષની લાગણી અનુભવી હતી.

સિદ્ધિને કચ્છ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી પૃથ્વીરાજસિંહ ઝાલા, ભુજ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી નિલેશભાઈ ગોર, ભુજ -૧ના ગૃપ આચાર્ય, રાજેશભાઈ ગોર, સીઆરસી સુનિલભાઈ ગોસ્વામીએ સન્માન કરી વિદ્યાર્થિનીને બિરદાવી હતી. દીકરીના પ્રોત્સાહન સમયે હાજર રહેલ નિયામતના પિતા અને ભાઈ હસનભાઈ બલોચ અને અકબરભાઈ હસનભાઈ બલોચને પરિવારને પણ અધિકારીઓએ અભિનંદન પાઠવ્યા હતા. વિદ્યાર્થિનીને વિચારની પ્રેરણા શાળાના આચાર્ય ભાવનાબેન મહેશ્વરી તથા માર્ગદર્શન શાળાના ગણિત-વિજ્ઞાન શિક્ષિકા મેઘા મહેતા આપેલ હતું. શાળા પરિવારના શિક્ષિકાઓ જયશ્રીબેન મકવાણા, વંદનાબા જાડેજા અને ડિમ્પલબેન અબોટીનો સહયોગ મળ્યો હતો.

# વર્માનગર ખાતે ગૌ પ્રેમીઓની બેઠક યોજાઈ



## ૨૭મી એપ્રિલે ગૌ સમ્માન દિવસે દયાપર ખાતે મેજીસ્ટ્રેટને પ્રાર્થનાપત્ર અપાશે

ભુજ - કચ્છઉદય : લખપત તાલુકાના વર્માનગર ખાતે ગૌપ્રેમીઓની મહત્વ પૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન ગૌસેવા, ગૌસુરક્ષા અને ગૌસમ્માન જેવા મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ગૌસંરક્ષણ માટે સમાજમાં વધુ જાગૃતિ ફેલાય અને ગૌમાતાના હિત માટે સરકાર દ્વારા યોગ્ય પગલાં લેવાય તે અંગે પણ વિચાર વિમર્શ થયો હતો. બેઠકમાં ઉપસ્થિત ગૌપ્રેમીઓએ એક મતથી નક્કી કર્યું હતું કે ૨૭મી એપ્રિલે ગૌ સમ્માન દિવસ નિમિત્તે દયાપર ખાતે તાલુકા મેજીસ્ટ્રેટને પ્રાર્થના પત્ર આપવામાં આવશે. પ્રાર્થના પત્ર દ્વારા ગૌ માતાના સંરક્ષણ, સેવા અને સમ્માન માટે વિવિધ માંગણીઓ રજૂ કરવામાં આવશે. ગૌપ્રેમીઓ દ્વારા રજૂ થનાર પ્રાર્થના પત્રમાં મુખ્યત્વે ત્રણ મુદ્દાઓને પ્રાથમિકતા આપવામાં આવશે, જેમાં ગૌસેવા અંતર્ગત ગૌ માતા માટે યોગ્ય સંવર્ધન, સંશોધન અને સરકાર તરફથી પૂરતું અનુદાન મળે તેવી માંગ કરવામાં આવશે. ઉપરાંત ગૌ સુરક્ષા અંતર્ગત સમગ્ર ભારતમાં ગૌહત્યા સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવે અને ગૌમાતાનું કાયદેસર સંરક્ષણ વધુ મજબૂત બનાવવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવશે. ઉપરાંત ગૌ સમ્માન અંતર્ગત ગૌ માતાને ‘‘રાષ્ટ્રમાતા’’ તરીકે માન્યતા આપવામાં આવે અને તેને મૌલિક અધિકાર પ્રાપ્ત થાય તેવી માંગ પણ કરવામાં આવશે. બેઠકમાં ગૌ પ્રેમીઓએ જણાવ્યું હતું કે, ગૌ માતા ભારતીય સંસ્કૃતિ અને પરંપરામાં મહત્વનું સ્થાન ધરાવે છે, તેથી તેના સંરક્ષણ અને સમ્માન માટે સમાજ અને સરકાર બંનેએ મળીને પ્રયત્ન કરવા જરૂરી છે. બેઠકના અંતે ઉપસ્થિત ગૌ પ્રેમીઓએ આગામી કાર્યક્રમને સફળ બનાવવા માટે એકતા દર્શાવી હતી અને વધુમાં વધુ લોકો જોડાઈ ગૌ સંરક્ષણ માટે અવાજ ઉઠાવે તેવી અપીલ કરવામાં આવી હતી.

# ભાવિતા ચાવડા સમાજ માટે પ્રેરણાસ્ત્રોત બન્યા

## ભૂકંપમાં પગ ગુમાવ્યા બાદ પણ કૃત્રિમ પગથી સમાજને નવી દિશા આપી





અંજાર - કચ્છઉદય : અંજાર તાલુકાના ખંભરા ગામના ભાવિતા ચાવડા ધરતીકંપ દરમ્યાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં દિવ્યાંગ બન્યા હતા. મુશ્કેલ સમયમાં બિદડા સર્વોદય ટ્રસ્ટ દ્વારા તેમને ઉત્તમ સારવાર તથા કુત્રિમ પગ આપવામાં આવ્યો, જેના કારણે તેઓ ફરીથી પગભર બની શક્યા અને જીવનને નવી દિશા મળી. કાર્યમાં બચુભાઈ રાંભિયા, વિજયભાઈ છેડા, હેમંત રાંભિયા, સરહદભાઈ રાંભિયા, ડો. વીરેન્દ્ર, મુકેશભાઈ દોષી તેમજ ટ્રસ્ટના તમામ સ્ટાફ અને ટ્રસ્ટીઓ અત્યંત મદદરૂપ બન્યા હતા. દિવ્યાંગતા બાદ પણ તેમણે હિંમત હાર્યા વગર સમાજસેવામાં પોતાને સમર્પિત કર્યા. ગામડે ગામડે જઈ સિલાઈ મશીન દ્વારા ૬૦૦૦થી વધુ લોકોને તાલીમ આપી તેમને આત્મનિર્ભર બનાવ્યા છે. હાલમાં તેઓ ઢોરી શાળામાં સીવણના વર્ગના ટ્રેનર તરીકે સેવા આપી રહી છે અને સમાજ માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યા છે.

# કચ્છ યુનિ.માં સરદાર વલ્લભભાઈ પટેલનાં વિઝન પર રાષ્ટ્રીય સેમિનાર યોજાયો

ભુજ - કચ્છઉદય : ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીમાં ઈતિહાસ વિભાગઅને અખિલ ભારતીય ઈતિહાસ સંકલન સમિતિ, ગુજરાત પ્રાંતના સંયુક્ત ઉપક્રમે સરદાર વલ્લભભાઈ પટેલનું આત્મનિર્ભર ભારત, સામાજિક ન્યાય, જાતિગત સમાનતા અને ખેડૂતોના અધિકારો માટેનું વિઝન" વિષય પર રાષ્ટ્રીય સેમિનારનું આયોજન યુનિવર્સિટી કોર્ટ હોલમાં કરવામાં આવ્યું હતું. સેમિનાર રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન (રુસા) દ્વારા કમ્પોનન્ટ ૧૧ : ફેકલ્ટી ઈમ્પ્રુવમેન્ટ યોજનાનાં સહયોગથી યોજવામાં આવ્યો હતો. સેમિનારમાં મુખ્ય મહેમાન અને ઉદ્ઘાટક તરીકે રાજ્ય સરકારના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના મંત્રી ત્રિકમભાઈ છાંગા ઉપસ્થિત રહ્યા હતાં. સેમિનારનાં પ્રેરણાસ્રોત તરીકે ઉચ્ચ શિક્ષણ કમિશ્નર અને રૂસાનાં સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર દિલીપ રાણા (આઈએએસ) તેમજ કચ્છ યુનિવર્સિટીનાં કુલપતિ ડો. મોહન પટેલ રહ્યા હતાં. ઉદઘાટન સત્રની શરૂઆતમાં વિભાગની વિદ્યાર્થીનીઓ પ્રિયંકાબા જાડેજા અને ધનલક્ષ્મી ગઢવીએ પ્રાર્થના રજુ કરી હતી. ત્યારબાદ મહેમાનોએ દીપ પ્રાગટ્ય કરી સેમિનારને ખૂલ્લો મુક્યો હતો. ઈતિહાસ વિભાગના



## રાજ્યમંત્રીની હાજરીમાં સ્થાનિક ઇતિહાસ અને સંસ્કૃતિ પરના પુસ્તકનું થયું વિમોચન

અધ્યક્ષ ડો. નંદલાલ છાંગાએ મહેમાનોને શાબ્દિક આવકાર આપી સેમિનારનો ઉદ્દેશ્ય સ્પષ્ટ કર્યો હતો. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોનું કચ્છી મડવર્કથી બનેલ મોમેન્ટો, સાલ અને પુસ્તક દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. સરદાર વલ્લભભાઈ ગ્લોબલ યુનિવર્સિટી, અમદાવાદનાં પ્રોવોસ્ટ પ્રોફેસર ડો. સુભાષભાઈ બ્રહ્મભટ્ટે પોતાના વક્તવ્યમાં સરદાર પટેલનું ભારતની આઝાદીમાં યોગદાનની સાથે સાથે ઈતિહાસનું અજ્ઞાત પાનું પોસ્ટમેન સત્યાગ્રહમાં સરદારનું પ્રદાન વિષય પર પ્રકાશ પાડ્યો હતો. ઈતિહાસ વિભાગના અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થીઓનાં સંશોધનને આધારે તૈયાર થયેલ સ્થાનિક ઈતિહાસ અને ગ્રામીણ સંસ્કૃતિને ઉજાગર કરતા પુસ્તક "ભુજ તાલુકાની સાંસ્કૃતિક વિવિધતા" નું વિમોચન પણ રાજ્યમંત્રી અને ઉપસ્થિત મહાનુભાવોનાં હસ્તે કરવામાં આવ્યું હતું.

મંત્રી ત્રિકમભાઈ છાંગાએ સરદાર પટેલનું ભારતનાં એકીકરણમાં પ્રદાન જણાવી કાશ્મીરનાં એકીકરણમાં સરદાર પટેલને દુર રાખવાથી રાષ્ટ્રીય અને વૈશ્વિક કક્ષાએ ઉદભવેલી સમસ્યા વિશે ધ્યાન દોર્યુ હતું. ઉપરાંત તેમણે સરદાર પટેલના કચ્છ રાજ્ય અને મહારાઓ સાથેનાં સંબધોનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો. તેમણે વર્તમાન સમયમાં સરદારનાં વિચારોની પ્રસ્તુતતા તેમજ ભારતનાં વિશ્વમાં વધી રહેલાં કદ વિશે છણાવટ કરી હતી. તેમણે આ પ્રકારના સેમિનાર કરવા બદલ કચ્છ યુનિવર્સિટી તેમજ સ્થાનિક ઈતિહાસ વિશે સંશોધન બદલ ઈતિહાસ વિભાગને અભિનંદન આપ્યા હતા અને ભવિષ્યમાં આવા પ્રકલ્પો હાથ ધરાય તે માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

કુલપતિ ડો. મોહન પટેલે અમૂલ ડેરી તેમજ વલ્લભ વિદ્યાનગરનાં વિકાસમાં સરદાર પટેલની ભૂમિકા વિશે છણાવટ કરી હતી. ઉપરાંત તેમણે આ સેમિનાર માટે ઈતિહાસ વિભાગને અભિનંદન પાઠવી યુનિવર્સિટી દ્વારા હાથ ધરવામાં આવતા વિવિધ પ્રકલ્પોથી માહિતગાર કર્યા હતાં. આભારવિધિ કરતાં કુલસચિવ ડો. અનિલ ગોરે સંશોધન માટે યુનિવર્સિટીને મળેલ ૭૫ લાખના અનુદાન બદલ કેસીજી અને રાજ્યમંત્રીનો વિશેષ આભાર માન્યો હતો. આ સત્રનું સુંદર સંચાલન ઈતિહાસ વિભાગની વિદ્યાર્થીની પ્રિન્સી ગોસ્વામીએ કર્યુ હતું. બીજા સત્રમાં સરદાર પટેલ યુનિવર્સિટીનાં ઈતિહાસ વિભાગના પ્રોફેસર અને અધ્યક્ષ ડો. વસંતભાઈ પટેલે સરદાર પટેલનાં બાળપણની વાતો, વિઠ્ઠલભાઈ સાથે તેમના સંબંધો, દક્ષિણ ગુજરાતનાં આદિવાસીઓના ઉત્કર્ષમાં સરદારનું યોગદાન, શિક્ષકો અને શિક્ષણ વ્યવસ્થા વિશેના તેમના વિચારો અને તેમની કચ્છયાત્રાની જાણકારી આપી હતી. ત્યારબાદ બીજા વક્તા ભારતીય ઈતિહાસ સંકલન સમિતિ ગુજરાત પ્રાંતના મહામંત્રી શ્રી હસમુખભાઈ જોશીએ સામ્રાજ્યવાદી ઈતિહાસલેખનની નિંદા કરી સરદાર પટેલનું ભારતીય ચિંતન રજુ કર્યું હતું. ભોજન પછીના સત્રમાં ઉદયપુર રાજસ્થાનના પ્રતાપ ગૌરવ કેન્દ્રનાં રીસર્ચ ડાયરેક્ટર ડો. વિવેક ભટનાગરે મેવાડ અને સરદાર પટેલનાં સંબધો, માઉન્ટ બેટન અને સરદારનાં સંબંધો તેમજ સોમનાથ મંદિર અને સરદારનું યોગદાન વિશે રજૂઆત કરી હતી. દ્વિતીય અને તૃતીય સત્રનું સંચાલન વિદ્યાર્થીની કુજલ જોશી દ્વારા અને આભારવિધિ અધ્યાપક ધ્રુહી ગોરે કરી હતી.

સેમિનારમાં રાજ્યની જુદી જુદી યુનિવર્સિટીઓમાંથી ૨૫૦ કરતાં વધારે સહભાગીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું તેમાંથી અંતિમ સત્રમાં ૧૭૦ કરતાં વધારે શોધાર્થીઓએ પોતાના સંશોધન પેપરો રજુ કર્યા હતાં. સેમિનારનાં માર્ગદર્શક તરીકે રૂસાનાં સ્ટેટ નોડલ ઓફિસર ડૉ. યોગેશ યાદવ તેમજ યુનિવર્સિટીનાં કુલસચિવ ડો. અનિલ ગોર રહ્યા હતાં. સેમિનારનાં સંયોજક તરીકે ઈતિહાસ વિભાગનાં અધ્યક્ષ ડો. નંદલાલ છાંગા રહ્યા હતાં તેમજ વિભાગના અધ્યાપક ડો. પવનકુમાર ભાનાણી તેમજ માંડવી કોલેજના અધ્યાપક વિપુલ મિસ્રીએ વ્યવસ્થા સંભાળી હતી. વિભાગના વિદ્યાર્થીઓએ સેમિનાર માટે જહેમત ઉઠાવી હતી.

# એબીવીપી દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે 'નારી શક્તિ સંવાદ' કાર્યક્રમનું આયોજન





ભુજ - કચ્છઉદય : આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ પશ્ચિમ કચ્છ દ્વારા નારી શક્તિ સન્માન અને જાગૃતિ અર્થે 'નારી શક્તિ સંવાદ' કાર્યક્રમનું આયોજન કોર્ટ હોલ કચ્છ યુનિવર્સિટી ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ કચેરી ભુજના દેવાંશીબેન ગઢવી, અભયમ ૧૮૧ ના કાઉન્સિલર પૂજાબેન ચૌહાણ, અભાવિપ કચ્છ વિભાગ સંયોજક જયભાઈ આહિર, ડૉ.આંબેડકર ઓપન યુનિવર્સિટીના શિવાનીબેન ઉમારનીયા, અભાવિપ પશ્ચિમ કચ્છ જિલ્લા પ્રમુખ ડો. ધ્રુવભાઈ પુરબીયા, જિલ્લા સંયોજક શૈલેષભાઈ પરમાર, કચ્છ યુનિવર્સિટી અધ્યક્ષ મહીપાલસિંહ જાડેજા, મંત્રી મહેન્દ્રસિંહ વાઘેલા, કાર્યક્રમના ઇન્ચાર્જ ખુશીબેન સોલંકી, ઉપાધ્યક્ષ કુંજલબેન બરાડીયા સહિત સૌ વિધાર્થિનીઓ વિધાર્થીઓ, કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં જોડાયા હતા. કાર્યક્રમની શરૂઆત મંચસ્થ મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. જયભાઈ આહિરે વિધાર્થી પરિષદનો પરિચય આપ્યો હતો. મુખ્ય વક્તા દેવાંશીબેનએ જણાવ્યું હતું કે, નારી માત્ર શક્તિનું સ્વરૂપ નથી, પરંતુ આધુનિક ભારતના નિર્માણનો મજબૂત આધાર સ્તંભ છે સાથે મહિલા સુરક્ષા, શિક્ષણમાં મહિલાઓની ભાગીદારી અને સ્ટાર્ટઅપ ક્ષેત્રે નારી શક્તિના વધતા પ્રભાવ વિશે ઊંડાણ પૂર્વક ચર્ચા કરી હતી. અભયમ્‌ના પૂજાબેનએ ૧૮૧ હેલ્પલાઈન, ૧૧૨ હેલ્પલાઈન, મહિલાને સુરક્ષાલક્ષી કાયદાઓથી વાકેફ કરીને સલામતી અને સુરક્ષાની વાત કરી હતી. જિલ્લા પ્રમુખે જણાવ્યું કે હંમેશા વિદ્યાર્થિનીઓના સશક્તિકરણ માટે કાર્યરત રહ્યું છે. 'નારી શક્તિ સંવાદ' દ્વારા અમે એવો માહોલ ઊભો કરવા માંગીએ છીએ જ્યાં દરેક યુવતી પોતાના સપના સાકાર કરવા માટે સુરક્ષિત અને પ્રોત્સાહિત અનુભવે. જિલ્લા સંયોજકે આભાર વિધિ કરતા જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ માત્ર એક દિવસની ઉજવણી કે દિવસ નથી, પરંતુ તે મહિલાઓના સંઘર્ષ, સાહસ અને સમાજમાં તેમના યોગદાનને સલામ કરવાનો તથા સમાનતાનો સંદેશ આપતો દિવસ છે. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન નિધિબેન ગોરએ કર્યું હતું.

# ફાઇનલ મેચમાં વિજય પછી જ્યારે ગદગદ થઈ ગયેલા સંજુએ કહ્યું "સપનું સાકાર થયું"

**સંજુની સાથે મેચ જીતાડવા માટે હીરો સાબિત થઈ અને લોકોના દિલ જીતી લેનાર અભિષેક શર્મા વારંવાર નિષ્ફળતાથી ભાંગી પડ્યો હતો ત્યારે કોચ ગૌતમ ગંભીરે તેનો આત્મવિશ્વાસ વધારતા જણાવ્યું હતું કે..."તારે બીજા કોઈની કોમેન્ટ ઉપર જરા પણ ધ્યાન આપવાની જરૂર નથી તું એક દિવસ મેચ જીતાડનાર સ્ટાર બનીશ " : સંજુ સેમસન કહે છે કે ૨૦૨૪ના વર્લ્ડ કપ વિજેતા ટીમનો ભાગ હોવા છતાં પણ એક પણ મેચ રમવાની નહીં અને ચાલુ વર્ષના જાન્યુઆરી મહિનાની શરૂઆતમાં ન્યૂઝીલેન્ડ સામેની શ્રેણીમાં પાંચ ઇંચ માત્ર ૪૬ રન બનાવતા સંપૂર્ણપણે હતાશ થઈ અને તૂટી પડ્યો હતો અને સપના ચકનાચૂર થઈ ગયા હતા પરંતુ સચિન તેંડુલકર દ્વારા અપાયેલા માર્ગદર્શને તેનામાં જોમ ભરી દીધો હતો**



ભુજ-કચ્છઉદય : ગઈકાલે ફાઇનલ મેચમાં ન્યૂઝીલેન્ડ સામે વિજય પછી સર્વ ધર્મ મહાઉત્સવ જેવા આનંદના દ્રશ્યો સર્જાયા હતા. ભારતના ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને પોતપોતાના ખાસ ચાર્ટર પ્લેનથી મેચ જોવા આવેલા પચાસથી વધારે સેલિબ્રિટીઓ અને માનવમેદનીરૂપી મહાસાગર ફેરવાયેલા સ્ટેડિયમમાં ડ્રોન કેમેરામાં કીડી જેવા દેખાતા અસંખ્ય લોકોનો આનંદ પરાકાષ્ઠાએ હતો. સમગ્ર ગુજરાતના રસ્તાઓ કેસરી ઝંડા લઈ, રાષ્ટ્ર પ્રેમી સૂત્રોચાર કરતા આનંદની ચીચીયારી કરતા, નાચતા કુદતા લોકો જોવા મળ્યા હતા ત્યારે આ આનંદમાં જેમનો પણ એક ઘણો મોટો ફાળો છે તેવા પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ સંજુ સેમસને શું જણાવ્યું તે ખૂબ જ રસપ્રદ છે. સંજુએ સૌ પ્રથમ તો એકદમ ગદગદ થઈ અને જણાવ્યું કે "સપનું સાકાર થયું..." જીત પછી એણે પોતે પોતાની ભાવના વ્યક્ત કરતા વિગતવાર વાત કરી હતી કે "આ એક સપના જેવું લાગે છે! મારી પાસે શબ્દો નથી, લાગણીઓ વ્યક્ત કરવા માટે કોઈ રસ્તો નથી. ૨૦૨૪માં, જ્યારે હું વર્લ્ડ કપ વિજેતા ટીમનો ભાગ હતો પણ મને એક પણ મેચ રમવાની તક મળી નહોતી ત્યારે પણ મેં સતત સપના જોવાનું ચાલુ રાખ્યું હતું. વિઝ્યુલાઈઝિંગ કર્યું અને મહેનત કરી. મારે બરાબર આ જ હાંસલ કરવું હતું. ભગવાનની કૃપાથી હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે.''''જાન્યુઆરીમાં પછી થઈ પરંતુ શરૂઆતનો સમય મુશ્કેલ હતો. ન્યુઝીલેન્ડ સામેની શ્રેણીમા જેમાં મેં પાંચ ઈનિંગ્સમાં માત્ર ૪૬ રન બનાવ્યા હતા, હું સંપૂર્ણપણે હતાશ થઈ ગયો હતો. મને લાગ્યું કે મારા સપના ચકનાચૂર થઈ ગયા છે, હવે હું બીજું શું કરી શકું પરંતુ ભગવાનની યોજના કંઈક અલગ જ હતી

હું ટીમમાં પાછો ફર્યો અને મારા દેશ માટે જે કરી શકું તે બધું જ મેં કર્યું. હું આશા રાખું છું કે હું અહીં આ વાત શેર કરી શકું છેલ્લા કેટલાક મહિનાઓમાં હું સતત સચિન તેંડુલકર સરના સંપર્કમાં હતો. મેં તેમનો સંપર્ક કર્યો અને અમારી વચ્ચે ઘણી મહત્વની વાતો થઈ. તેમના જેવા મહાન ખેલાડી પાસેથી માર્ગદર્શન મેળવવું, એનાથી વધુ હું શું માંગી શકું". એવું કહી અને સંજુએ પોતાની વાત પૂરી કરી હતી.

ભારતના નવા અને પ્રતિભાશાળી ચહેરાઓએ આ ટુર્નામેન્ટમાં જે જોમ બતાવ્યું છે, તેનો શ્રેય ચોક્કસપણે હેડ કોચ ગૌતમ ગંભીરને આપવો પડે. અભિષેક શર્માની સંઘર્ષગાથા અને કોચ ગૌતમ ગંભીરનો સાથ વિશે પણ જાણવા જેવું છે. ફાઈનલમાં સંજુની સાથે હીરો રહેલા અભિષેક શર્માએ જે ખુલાસો કર્યો તે હૃદયસ્પર્શી છે. તેણે જણાવ્યું કે જ્યારે તે વચ્ચે નિષ્ફળ જઈ રહ્યો હતો ત્યારે તેનો પોતાનો આત્મવિશ્વાસ ડગમગી ગયો હતો. પણ ગૌતમ ગંભીરે તેને માત્ર એક જ વાત કહી "બીજા કોઈની કોમેન્ટ્સ કે ટીકાઓ પર ધ્યાન આપવાની જરૂર નથી. આખી ટીમને તારા પર પૂરો ભરોસો છે. તું એક મોટી મેચનો ખેલાડી છે અને તું ભારતને મોટી મેચ જરૂર જીતાડીશ." ગંભીરના આ શબ્દોએ અભિષેકનો આત્મવિશ્વાસ જગાડ્યો અને પરિણામ આપણી સામે છે. ફાઈનલમાં તેની શાનદાર રમત જે આપણને સૌને જોવા મળી. આ વર્લ્ડ કપ ખાસ કરીને સંજુ સેમસન માટે યાદગાર રહ્યો છે. પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ બનીને તેણે ટીકાકારોના મોઢા બંધ કરી દીધા છે. વિરાટ કોહલીનો રેકોર્ડ તોડવો એ સાબિત કરે છે કે સંજુ હવે ભારતીય બેટિંગનો નવો સ્તંભ છે. તેની સાથે ઈશાન કિશન અને અન્ય નવોદિતોએ જે આક્રમક રમત બતાવી છે, તે ભારતનો 'નવો અવતાર' રજૂ કરે છે. ગૌતમ ગંભીરે ખેલાડીઓને જે રીતે સુરક્ષા અને વિશ્વાસ આપ્યો છે, તેના કારણે જ ભારત ફરી વિશ્વ વિજેતા બન્યું છે. જ્યારે કોચ ખેલાડીની પડખે ઉભો રહે, ત્યારે ખેલાડી મેદાનમાં ચમત્કાર કરી શકે છે. ટીમ ઈન્ડિયાના આ નવા ચેમ્પિયન્સ ખૂબ ખૂબ અભિનંદનને પાત્ર છે.

# કચ્છ યુનિવર્સિટી અને લાયન્સ ઇન્ટરનેશનલ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે સેમિનાર યોજાયો

ભુજ - કચ્છઉદય : ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીના વુમન ડેવલપમેન્ટ સેલ અને લાયન્સ ઈન્ટરનેશનલના ક્લબના સહયોગથી આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી નિમિત્તે ઉચ્ચ સ્તરીય સેમિનારનું આયોજન કર્યુ હતું. લાયન્સ ઈન્ટરનેશનલના ક્લબના મુખ્ય ઓડિટોરિયમમાં યોજાયેલો આ કાર્યક્રમ વર્ષ ૨૦૨૬ની વૈશ્વિક થીમ સાથે સુસંગત હતો, જે સામૂહિક સામાજિક પ્રગતિ તરફ દોરી જાય છે તેના પર કેન્દ્રિત હતો.

લાયન્સ ક્લબના પ્રતિષ્ઠિત સભ્યો અને ડબલ્યુડીસીના અધ્યક્ષ દ્વારા પરંપરાગત દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી. કાર્યક્રમમાં કાયદો, આરોગ્ય અને સાહસિકતા જેવા વિવિધ ક્ષેત્રોના અતિથિ વક્તાઓએ મહિલાઓના કાનૂની અધિકારો અને આર્થિક સ્વતંત્રતાના મહત્વ પર વ્યાખ્યાન આપ્યા હતા. માર્ગદર્શન દ્વારા સશક્તિકરણના સિદ્ધાંતને ઉજાગર કરતા, લાયન્સ ઈન્ટરનેશનલના પ્રતિનિધિઓએ કચ્છ વિસ્તારની યુવતીઓ માટે વ્યવસાયિક તાલીમ અને આરોગ્ય તપાસ પૂરી પાડવાની તેમની ચાલુ પહેલો વિશે ચર્ચા કરી હતી. સેમિનારમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. યુવા અવાજો, જાતિ સમાનતા અને નેતૃત્વ પર પોતાના વિચારો રજુ કરેલ હતું.

ડો કલ્પના સતીજા - વુમન્સ ડેવલપમેન્ટ સેલ, ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીએ સ્વાગત પ્રવચનમા લાયન્સ ઈન્ટરનેશનલ ક્લબ મંચ પર બિરાજમાન મહાનુભાવો ડો ભરત મેહતા, કમલબેન જોશી, રોહિતભાઈ જોશી તથા મુખ્ય વક્તાઓ કલ્પેશભાઈ ગોસ્વામી, ડો. સુરભી વેગડ, ડબલ્યુડીસી ટીમના સભ્યો રમીલા શાહુ, જ્યોત્સનાબેન, ગાયત્રીબેન બારોટ વિગેરે તથા કલ્પના શાહ, અધ્યાપક



મિત્રો, કચ્છ યુનીવર્સીટીના સભ્યો, લાયન્સ ઈન્ટરનેશનલ ક્લબના અતિથિ વિશેષો અને વિદ્યાર્થીઓનું સ્વાગત કરેલ. તેમણે કહ્યું કે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીમાં આપ સૌનું સ્વાગત કરવુંએ મારા માટે ગૌરવની વાત છે. કેલેન્ડરની માત્ર એક તારીખની ઉજવણી નથી કરી રહ્યા પરંતુ આપણે કચ્છના અગરિયાઓથી લઈને વૈશ્વિક નેતૃત્વના સર્વોચ્ચ શિખરો સુધી વિસ્તરેલી સ્ત્રીઓની સ્થિતિસ્થાપકતા, બૌદ્ધિક ક્ષમતા અને તેમના અમૂલ્ય યોગદાનની ઉજવણી કરી રહ્યા છીએ. ઉપરાંતમાં તેમણે કહેલ કે, કાર્યક્રમ લાયન્સ ઈન્ટરનેશનલ ક્લબ સાથેના અમારા સહયોગને કારણે વિશેષ છે. જ્યારે વુમન્સ ડેવલપમેન્ટ સેલ આપણી શૈક્ષણિક દીવાલોની અંદર સુરક્ષિત અને સશક્ત વાતાવરણ પુરૂ પાડવાનું કામ કરે છે, ત્યારે લાયન્સ ક્લબ નિ:સ્વાર્થ સમાજ સેવાના જુસ્સાને સાથે લાવે છે. આપણે સાથે મળીને એ વાત સ્વીકારીએ છીએ કે સ્ત્રીને સશક્ત બનાવવી એ માત્ર ન્યાયનું કાર્ય નથી, પરંતુ સમગ્ર સમાજની પ્રગતિ માટેનું એક પ્રેરક બળ છે.

આયોજનનો મુખ્ય ઉદ્દેશ્યએ છે કે પ્રગતિ માટે નવીનતા અને સમાવેશ બંને જરૂરી છે. કાર્યક્રમના મુખ્ય લક્ષ્યો જેમ કે જે મહિલાઓએ તમામ અવરોધો તોડીને સિદ્ધિઓ હાંસલ કરી છે તેમને ઓળખવી અને સન્માનિત કરવી. જાતિ સમાનતા અંગેના પડકારો વિશે ચર્ચા કરવી. આપણા વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ અને કરુણા સાથે નેતૃત્વ કરવા પ્રોત્સાહિત કરવા.

ટેકનિકલ સત્રનું મુખ્ય આકર્ષણ જાણીતા કાનૂની નિષ્ણાત શ્રી કલ્પેશ ગોસ્વામી દ્વારા આપવામાં આવેલ એક અત્યંત માહિતીપ્રદ અને સચોટ વ્યાખ્યાન હતું. તેમનું આ સત્ર ખાસ કરીને 'કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી (નિવારણ, નિષેધ અને નિવારણ) અધિનિયમ, ૨૦૧૩' પર કેન્દ્રિત હતું. આંતરિક ફરિયાદ સમિતિ શ્રી ગોસ્વામીએ સમિતિ એક 'અર્ધ-ન્યાયિક' સંસ્થા તરીકે કાર્ય કરે છે, જે સમયસર અને ગોપનીય રીતે ફરિયાદોના નિવારણ માટે જવાબદાર છે.

તેમણે ફરિયાદ નોંધાવવા માટેની તબક્કાવાર પ્રક્રિયા અને વેરવૃત્તિ સામે ઉપલબ્ધ કાનૂની રક્ષણની રૂપરેખા આપીને વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોને સશક્ત કર્યા હતા. કાયદાથી આગળ વધીને, તેમણે 'સંમતિની સંસ્કૃતિ અને પરસ્પર આદર કેળવવા પર ભાર મૂક્યો હતો, જેથી કાનૂની હસ્તક્ષેપ એ વારંવારની જરૂરિયાત બનવાને બદલે છેલ્લો વિકલ્પ બની રહે.

ભુજના પ્રખ્યાત ગાયનેકોલોજિસ્ટ અને આઈવીએફ નિષ્ણાત ડૉ. સુરભિ વેગડની ઉપસ્થિતિએ મહિલા દિવસના સેમિનારમાં સ્વાસ્થ્ય અને સુખાકારીનો એક મહત્વપૂર્ણ આયામ ઉમેર્યો હતો. બીજા ટેકનિકલ સત્રમાં ડૉ. સુરભિ વેગડ -સ્પંદન મેટરનિટી હોમ દ્વારા એક પ્રભાવશાળી વ્યાખ્યાન રજૂ કરવામાં આવ્યું હતું. મહિલા સ્વાસ્થ્ય ક્ષેત્રના અગ્રણી નિષ્ણાત ડૉ. વેગડે "સ્વસ્થ નારી, સ્વસ્થ સમાજ" વિષય પર વાત કરતા, યુવતીઓમાં જોવા મળતી શારીરિક પડકારો અને પોષણ સંબંધી જરૂરિયાતો પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે આ વિસ્તારમાં આયર્નની ઉણપના ઊંચા પ્રમાણ વિશે વાત કરી અને હિમોગ્લોબિનનું સ્તર સુધારવા માટે વ્યવહારુ તથા સ્થાનિક આહાર આધારિત ઉકેલો જણાવ્યા. યુનિવર્સિટીની વિદ્યાર્થિનીઓમાં વધી રહેલા 'પોલીસિસ્ટિક ઓવરી સિન્ડ્રોમ'ના કિસ્સાઓ અંગે ડૉ. વેગડે માર્ગદર્શન આપ્યું અને જીવનશૈલીમાં ફેરફાર, નિયમિત વ્યાયામ તથા તણાવ મુક્તિ પર ભાર મૂક્યો. તેમણે યુવતીઓને સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ રહેવા પ્રોત્સાહિત કરી અને નિયમિત હેલ્થ ચેકઅપ તથા રસીકરણના મહત્વ વિશે ચર્ચા કરી.

હોર્મોનલ સ્વાસ્થ્ય સાથે જોડાયેલી સામાજિક માન્યતાઓને દૂર કરતા તેમણે સમજાવ્યું કે કેવી રીતે શારીરિક પોષણએ ભાવનાત્મક અને માનસિક મજબૂતી સાથે સીધું જોડાયેલું છે.

ડૉ. વેગડે પોષણ અને માસિક ધર્મને લગતી માન્યતાઓ અંગે વિદ્યાર્થીઓના અનેક પ્રશ્નોના ઉત્તરો આપ્યા હતા. ત્યારે જ તે તેના પરિવાર, વ્યવસાય અને સમાજને શ્રેષ્ઠ રીતે પોતાનું યોગદાન આપી શકે છે.

આ રમીલા શાહુ દ્વારા સંચાલિત એક મહત્વપૂર્ણ સત્ર હતું, જેઓ ગુજરાત પોલીસના ટીમ મહિલાઓ અને બાળકોની સુરક્ષા અને સશક્તિકરણ માટે સમર્પિત એક વિશેષ એકમના જાણીતા સભ્ય છે. યુવતીઓ અને વિદ્યાર્થીનીઓને ઓનલાઇન સતામણી, સ્ટોકિંગ (પીછો કરવો) અને "હની ટ્રેપિંગ" થી કઈ રીતે બચાવવા.''ગુડ ટચ, બેડ ટચ" નો ખ્યાલ: બાળકો અને શિક્ષકોને અયોગ્ય વર્તનને ઓળખવા અને તેની જાણ કરવા વિશે શિક્ષિત કરવા. કાનૂની સશક્તિકરણ એક્ટ જેવા કાયદાઓને સરળ રીતે સમજાવવા અને ૧૮૧ અભયમ હેલ્પલાઇનનો ઉપયોગ કેવી રીતે કરવો તેની માહિતી આપવી. મહિલાઓને નિર્ભય બનીને જાહેર સ્થળોએ હરવા-ફરવા માટે પ્રોત્સાહિત કરવી હતી.

કલ્પના શાહ દ્વારા મુખ્ય પ્રવચન આપવામાં આવ્યું હતું. તેમણે સમગ્ર રીતે સ્ત્રી સશક્તિકરણ દ્વારા રેખાંકિત કર્યું કે કેવી રીતે ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોની મહિલાઓ હોસ્પિટાલિટી અને પરંપરાગત હસ્તકલાના વ્યવસાયોનું નેતૃત્વ કરીને રૂઢિચુસ્ત માન્યતાઓને તોડી રહી છે. તેમણે પરંપરા અને આધુનિકતાનું સંતુલન કરી વિદ્યાર્થીઓને આધુનિક શિક્ષણ અને ડિજિટલ સાધનો અપનાવવા પ્રોત્સાહિત કર્યા, સાથે સાથે ભારતીય નારીત્વની ભાવનાને વ્યાખ્યાયિત કરતા સાંસ્કૃતિક મૂલ્યો સાથે જોડાયેલા રહેવા પર પણ ભાર મૂક્યો. આર્થિક સ્વતંત્રતા તેમના વ્યાખ્યાનનો મુખ્ય બોધ હતો કે, નાણાકીય સાક્ષરતા એ સાચી સ્વતંત્રતા તરફનું પ્રથમ પગલું છે. સંચાલન તથા આભારવિધિ આશિષ રાવલે કરી હતી.



# રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની આજે પુણ્યતિથિ

**વિશિષ્ટ ઘટનાનું દ્રશ્ય જોતાં જ તેમના મનમાં શબ્દો આકાર લેવા લાગતા : "ચારણકન્યા" અને "રાજ મને લાગ્યો કસુંબીનો રંગ" પ્રસિદ્ધ છે : સૌરાષ્ટ્રના ઇતિહાસની સત્યઘટનાઓ જેમાં લખાયેલી છે તે "સૌરાષ્ટ્રની રસધાર ભાગ ૧ થી ૫ દરેક ગુજરાતી વાંચવા જેવી છે અને પ્રસંગોમાં ભેટ આપવા જેવી છે**

ભુજ-કચ્છઉદય : કદાચ ગુજરાતી ભાષાનુ ગીત "રાજ મને લાગ્યો કસુંબીનો રંગ'સાંભળ્યું ન હોય તેવા બહુ ઓછા લોકો હશે. સૌરાષ્ટ્રમાં બનેલી ઘટનાઓમાં શબ્દ દેહે પ્રાણ પૂરનાર અને જેમને "રાષ્ટ્રીય શાયર" તરીકે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ ઓળખાવ્યા હતા એવા ગુજરાતી સાહિત્યના પિતા ઝવેરચંદ કાળીદાસ મેઘાણીની આજે પુણ્યતિથિ છે. ૨૮મી ઓગસ્ટ ૧૮૯૬ના સુરેન્દ્રનગરના ચોટીલામાં જન્મેલા અને મૃત્યુ નવમી માર્ચ ૧૯૪૭ના ૫૦ વર્ષની ઉંમરે જિલ્લાના બોટાદ ગામમાં થયું હતું. આટલી જિંદગીમાં ગુજરાતી સાહિત્યમાં તેઓ નામ અમર કરી ગયા. એમના મૃત્યુ પછી તેમના પુત્ર મહેન્દ્રભાઈ મેઘાણી અને પૌત્ર ગોપાળભાઈ મેઘાણી દ્વારા પણ ગુજરાતી સાહિત્યમાં ઘણું જ પ્રદાન આપી અને લોક મિલાપ ટ્રસ્ટ શરૂ કરવામાં આવ્યું હતુ જેના દ્વારા ઝવેરચંદભાઈ મેઘાણીના પુસ્તકો ગુજરાતની પ્રજા મેળવતી રહે છે. તેઓ ગુજરાતી ભાષાના ઝળકતા સૂર્ય સમાન અનન્ય સાહિત્યકાર એવા આ સાહિત્યકારના ઉપનામ જેવા કે "દસણી"., "સાહિત્યયાત્રી", "વિલાપી," "તંત્રી" "વિરાટ" "શાણો"હતા પરંતુ તેઓ તેમના મૂળ નામે જ પ્રખ્યાત થયા. ગુજરાતના રાજકીય સંત જેવા રવિશંકર મહારાજની જીવન આધારિત એમની વાર્તા "માણસાઈ નો દીવો"અને સૌરાષ્ટ્રની રસધાર ભાગ એક થી પાંચ બહુ જ પ્રખ્યાત થયા છે દરેક ગુજરાતી તે વાંચવા જેવા છે એમાં સૌરાષ્ટ્રની અનેક જૂની વાતો એ સત્ય ઘટનાઓ વાંચવા મળે છે. ૧૯૨૮માં રણજિતરામ સુવર્ણચંદ્ર શરૂ થયો એટલે સૌથી પહેલા તે મેળવનાર તેઓ હતા.




## અને આ રીતે લખાયું "કસુંબીનો રંગ" ગીત....

ભુજ-કચ્છઉદય : જયારે એક રાજપૂતના લગ્ન લેવાઈ ગયા હતા અને જેની મહેંદી લગાડેલી પત્ની સપના સજાવી રહી હતી અને નવા દાંપત્યજીવનની પળો ગણાતી હતી ત્યારે જ ત્યાંના નિર્દોષ લોકો ઉપર અચાનક જ હુમલો થતાં લગ્નનો જ સાફો પહેર્યો અને જંગ લડવા નીકળી પડ્યો અને પોતાના રાજના લોકોને તો બચાવી લીધા પરંતુ પોતે મીંઢળબંધ નવવધુને કાયમ માટે છોડી અને ચાલ્યો ગયો. પરણવાના ઉમંગ સાથે સોળે શણગાર સજેલી કન્યા સોહામણા ભવિષ્યના વિચારોમાં ખોવાયેલી બેઠી હતી ત્યાં સમાચાર આવ્યા કે તેના પતિ લોકોની રક્ષા કરતા શહીદ થઈ ગયા છે અને પછી તેના મૃતદેહને પોતાના ખોળામાં રાખી અને ચિતા ઉપર સતી થવા બેઠેલી આ કન્યાને જોતાં જોતાં ઝવેરચંદભાઈ મેઘાણીની નજર એક દ્રશ્ય ઉપર સ્થિર થઈ ગઈ.

યુદ્ધમાં ખપી ગયેલા પતિના મૃતદેહનું માથું તેની પત્નીના મહેંદી લગાડેલા પગ ઉપર ઢળી પડ્યું અને હોઠ મહેંદીને અડી ગયા અને એ દ્રશ્ય નજરે જોઈ અને જે શબ્દો મેઘાણીજીના મનમાં આકાર લેવા લાગ્યા એ જ શબ્દો એટલે..."રાજ મને લાગ્યો કસુંબીનો રંગ......"

સૌરાષ્ટ્રમાં ગીરમાં એક ચારણ જ્ઞાતિની નાનકડી કન્યા પોતાની કડીયાળી લાગણીથી સિંહને હિંમતભેર ભગાડતી જોઈ અને ઝવેરચંદભાઈ મેઘાણીએ લખેલુ કાવ્ય "ચારણ કન્યા" વિશે ભાગ્યે જ કોઈ ગુજરાતી નહીં જાણતું હોય. આવી અદ્ભુત વાતો તેમના પુસ્તકોમાં વાંચવા જેવી છે. લગ્ન અને જન્મ તથા બીજા પ્રસંગોએ બીજી બધી ભેટ ભલે અપાય પણ તેની સાથે મેઘાણી નો એક પુસ્તક ભેટ આપવામાં આવે તો જિંદગીને અદ્દભુત યાદગીરી બની જશે.

# કચ્છમાં ૧૯ માર્ચથી બોર્ડ પરીક્ષાના પેપરોની ચકાસણીનો આરંભ

**૧૪ મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો નક્કી કરાયા**



ભુજ - કચ્છઉદય : હાલમાં ધો.૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા ચાલી રહી છે. કચ્છમાં અત્યાર સુધી કોઈ કોપીકેસ સામે આવ્યો નથી. મહત્વના પેપરો લેવાઈ જતા વિદ્યાર્થીઓએ પણ રાહત અનુભવી છે. આ વચ્ચે હાલમાં સીસીટીવી કંટ્રોલ રૂમમાં કલાસરૂમના ફુટેજ ચેક કરવામાં આવી રહ્યા છે. આ વચ્ચે આગામી ૧૯ માર્ચથી બોર્ડ પરીક્ષાના પેપરોની ચકાસણી શરૂ કરવામાં આવશે. કચ્છમાં કુલ્લ ૧૪ મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્ર નક્કી કરવામાં આવ્યા છે. જયારે શાળાઓને હોલ ટીકીટ આપવામાં આવી ત્યારે જ ચકાસણી માટે શિક્ષકોને નીમણૂંક પત્ર આપી દેવામાં આવ્યા હતા. જિલ્લામાં ધો. ૧૦ના પેપર ચેકીંગ માટે ૮ અને ધો. ૧૨ સામાન્ય પ્રવાહના પેપર ચકાસણી માટે ૬ મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે. શિક્ષકોના ઓર્ડર અગાઉ થઈ ગયા છે. ૧૯ તારીખથી અહીં પેપરોની તપાસ શરૂ થશે.

જિલ્લામાં ધો. ૧૦ ના મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્રોની વાત કરીએ તો ભુજમાં એમએસવી હાઈસ્કૂલ, માનકુવા એમકેએમએસ હાઈસ્કૂલ, ઓલ્ફ્રેડ હાઈસ્કૂલ ભુજ, સનરાઈઝ એકેડેમી ભુજ, ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ - ભુજ, કેકેએમએસ હાઈસ્કૂલ - અંજાર, સ્વામિનારાયણ ગુરૂકુળ - ગાંધીધામ, સરકારી હાઈસ્કૂલ - ગણેશનગરનો સમાવેશ થાય છે. જયારે ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં ભુજની ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ, ઓલ્ફ્રેડ હાઈસ્કૂલ - ભુજ, માધાપર મોડેલ સ્કુલ, ડી.વી. હાઈસ્કુલ અંજાર, કેકેએમએસ અંજાર, સ્વામિનારાયણ વિદ્યાલય ગાંધીધામનો સમાવેશ થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, માર્ચના પ્રથમ પખવાડીયામાં પરીક્ષા પૂર્ણ થશે અને બીજી બાજુ પરિણામ સમયસર જાહેર કરી શકાય તે હેતુથી ઉત્તરવહી મૂલ્યાંકનનો આરંભ થશે. સંભવતઃ મે મહીનામાં પરીણામ જાહેર થતા જિકાસ પોર્ટલ મારફતે કોલેજોમાં પ્રવેશ થશે. કોલેજોમાં પ્રવેશ માટે જીકાસ પોર્ટલની કામગીરી પણ હાલમાં શરૂ કરી દેવામાં આવી છે. અત્રે મહત્વનું છે કે, આ વખતે બોર્ડ દ્વારા ડીજીટલ અભીગમ અપનાવવામાં આવ્યો છે. વિદ્યાર્થીના હાથમાં પેપરો પહોંચે ત્યાં સુધી જીપીએસ દ્વારા ટ્રેકીંગ કરવામાં આવે છે. પાટા એપ્લીકેશન પર ફોટા અપલોડ થાય પછી જ પ્રશ્ન પત્રનું પેકેટ ખુલે છે. પરીક્ષા પૂર્ણ થયા બાદ જવાબ પોથીને કપડાની થેલીમાં મુકી ત્રણ સ્થળે સીલ લગાવી આગળ મોકલવામાં આવે છે. પેપર કેન્દ્ર સુધી પહોંચે ત્યાંથી લઈ પરીક્ષા પૂર્ણ થાય ત્યાં સુધી સીસીટીવી ફુટેજનું રેકોર્ડીંગ કરવામાં આવે છે તેમજ પેપર પરિવરહના કન્ટેઈનરની વ્યવસ્થા પણ ગુપ્ત રાખવામાં આવે છે.

**ખેડૂતોના હક્ક પર ઉદ્યોગપતિનો ડાકલો**

# ભચાઉમાં 'રેસીકેમ ઈન્ડસ્ટ્રીઝ'માંથી ઝડપાયેલ યુરિયાનું મોટું કૌભાંડ તો હિમસીલાની ટોંચ સમાન

**લેબોરેટરી રિપોર્ટમાં ફૂટયો ભાંડોઃ નીમ કોટેડ યુરિયા ઉદ્યોગમાં વપરાતું હોવાનું સાબિત, માલિક ભાવેશ મહેતા સામે ગુનો દાખલ, શું સરકાર 'પાશા'હેઠળ કરશે કાર્યવાહી?**

## પ્લાયવુડ ઉદ્યોગમાં યુરિયાની તસ્કરી કેમ?

ગાંધીધામ : પ્લાયવુડ બનાવવા માટે લાકડાના પડને જોડવા 'યુરિયા ફોર્માલ્ડિહાઈડ રેઝિન' (ગુંદર) બનાવવો પડે છે, જેમાં યુરિયા મુખ્ય કાચો માલ છે. ઔદ્યોગિક યુરિયા ઘણું મોંઘું હોય છે, જ્યારે સરકાર ખેડૂતોને ભારે સબસીડી આપી સસ્તા દરે ખાતર આપે છે. પ્રોડક્શન કોસ્ટ ઘટાડવા અને વધુ નફો કમાવવા માટે ભાવેશ મહેતા જેવા તત્વો ગેરકાયદેસર રીતે ખેતીનું યુરિયા ઉદ્યોગમાં વાપરે છે.

## તંત્ર અને સરકાર સામે વેધક સવાલોનો મારો

**●તસ્કરીનું મૂળ ક્યાં?**: ખેડૂતોના હિત માટે અપાતું સબસીડીયુક્ત યુરિયા આટલી મોટી માત્રામાં ઈન્ડસ્ટ્રીઝ સુધી પહોંચે છે ક્યાંથી? આ કાળાબજારીનું નેટવર્ક કેટલું ઊંડું છે? **●માત્ર ફરિયાદ જ કેમ?**: ભાવેશ મહેતા જેવા શખ્સો જે વારંવાર પોલીસ ચોપડે ચડી રહ્યા છે, તેમની સામે સરકાર 'પાશા' હેઠળ કડક કાર્યવાહી કરીને જેલના સળિયા પાછળ કેમ નથી ધકેલતી? **●તંત્રની મીઠી નજર?**: શું સ્થાનિક તંત્ર કે વિતરણ વ્યવસ્થામાં બેઠેલા જવાબદારોની મિલીભગત વગર આટલો મોટો જથ્થો ડાયવર્ટ થવો શક્ય છે? **●ખેડૂતો સાથે અન્યાય ક્યાં સુધી?**: એક તરફ ખેડૂત ખાતર માટે લાઈનમાં ઊભો રહે છે અને બીજી તરફ ઉદ્યોગપતિઓ સસ્તું ખાતર વાપરી તિજોરી ભરે છે, શું આ ખેડૂતોના હક્ક પર તરાપ નથી?

ભચાઉ : કચ્છના ભચાઉ તાલુકાના વોંધ સ્થિત 'રેસીકેમ ઈન્ડસ્ટ્રીઝ'માં ખેડૂતો માટેના સબસીડીયુક્ત નીમ કોટેડ યુરિયાનો ઔદ્યોગિક ઉપયોગ કરવાનું મસમોટું કૌભાંડ થોડા સમય પહેલા ઝડપાયું હતુ. ડાયરેક્ટર જનરલ ઓફ જીએસટી ઈન્ટેલિજન્સ અને ખેતીવાડી વિભાગના સંયુક્ત દરોડા બાદ લેબોરેટરી રિપોર્ટમાં આ જથ્થો સરકારી સબસીડીવાળું ખાતર હોવાનું સાબિત થતા વધારે ખળભળાટ મચી જવા પામી છે. યુરીયા ખાતર ખેડુતોને લાંબી લાઈનોમાં કલાકો સુધી ઉભા રહેવા પછી પણ મળતુ નથી, તો કાળા બજારીયાઓને કયાંથી આટઆટલુ યુરીયા ખાતર મળી જાય છે? આ લેબ રીપોર્ટનો માત્ર ખુલાસો નથી પરંતુ કચ્છમાં યુરીયા ખાતરની કાળા બજારી ધુમ થઈ રહી હોવાની ચાડીનો પણ ખુલાસો થઈ રહ્યો છે. સમગ્ર ઘટના પર પ્રકાશ પાડીએ તો પહેલા સમજીએ કે, શું હતો સમગ્ર મામલો?ગત ૯/૧૨/૨૦૨૫ ના રોજ રાજકોટ DGGI દ્વારા રેસીકેમ ઈન્ડસ્ટ્રીઝમાં તપાસ હાથ ધરાઈ હતી. ત્યાંથી શંકાસ્પદ યુરિયાનો મોટો જથ્થો મળી આવતા ભુજ ખેતીવાડી વિભાગની મદદ લેવાઈ હતી. તા. ૧૨/૧૨/૨૦૨૫ના રોજ ખેતીવાડી અધિકારી ભાવિકભાઈ ચૌધરી અને તેમની ટીમ દ્વારા સર્વે નંબર-૨૪૯ પર દરોડો પાડી ૧,૪૨,૦૦૦ ની કિંમતની ૫૩૫ થેલીઓ (૪૫ કિલોની એક) સીઝ કરવામાં આવી હતી. જૂનાગઢની રાસાયણિક ખાતર ચકાસણી પ્રયોગશાળાના રિપોર્ટમાં પુષ્ટિ થઈ છે કે આ જથ્થો માત્ર ખેતી માટે વપરાતું 'નીમ કોટેડ યુરિયા' છે. જયારે હવે આ ખુલાસો થયો છે ત્યારે જાણકારો કહી રહ્યા છે કે આ પકડાયેલ જથ્થો તો માત્ર હિમશીલાની ટોચ સમાન જ છે. કચ્છમાં યુરીયા ખાતરની કાળા બજારીનો બેરોકટોક મોટા પ્રમાણમાં કાળો કારોબાર ચાલી જ રહ્યો છે. પ્લાયવુડની અમુક ફેકટરીવાળાઓ સરકારી સબસીડીવાળો સસ્તુ યુરીયા ખાતર ગ્લુ બનાવવા માટે બેફામ રીતે વાપરી રહ્યા છે. હકીકતમાં જયારે આ કિસ્સો સામે અવી ગયો છે ત્યારે હવે આ કંપનીના માલિકની સામે હકીકતમાં પાસા તળે જ ધરપકડ કરી લાલઆંખ તંત્રએ કરવી જોઈએ તે જ સમયતો તકાજો બની રહ્યો છે. ભચાઉ ખેતીવાડી અધિકારી દ્વારા ભાવેશ મહેતા સામે આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પરંતુ, જાણકારોનું કહેવું છે કે જો સરકાર અને પોલીસ આ મામલે ગંભીર બનીને લાલ આંખ નહીં કરે અને 'પાશા' જેવા કડક કાયદાનો ઉપયોગ નહીં કરે, તો આ કાળાબજારીઓ ખેડૂતોનું લોહી ચૂસવાનું ચાલુ જ રાખશે.

# રોટેશનની જાહેરાત, સ્થાનિક જંગની આહટ : કચ્છના રાજકિય બેડામાં આતંરીક ગરમાવો

**જિલ્લા પંચાયતના સીંમાકન અને રોટેશનમાં આવેલા ફેરફારોથી રાજકિય સમીકરણોમાં ઉલટભેરના એંધાણ : રાજકિય ગણિતોમાં આવશે બદલાવ : મીની સંસદમાં જ ૪૦ના બદલે ૩૮ બેઠકો થઈ**

**પૂર્વ કચ્છના ઓૈદ્યોગીક પાટનગર એવા ગાંધીધામ નગરપાલિકાનું 'મહાપાલિકા'માં રૂપાંતર થતાં પંચાયતની ૨ બેઠકો થઈ છે રદ**

ગાંધીધામ : કચ્છ જિલ્લા પંચાયતના સીમાંકન અને રોટેશનમાં આવેલા ફેરફારો રાજકીય સમીકરણોમાં મોટો ઉલટફેર લાવી શકે તેમ છે. કચ્છ જિલ્લા પંચાયતપ્રક નવા રોટેશનથી રાજકીય ગણિતો બદલાયા, ૪૦ ને બદલે હવે ૩૮ બેઠકો પર જંગ જામશે. આ ઉપરાંત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરાયેલા નવા સીમાંકન મુજબ, ગાંધીધામ હવે મહાનગરપાલિકા બનવા જઈ રહ્યું હોવાથી તેની નીચે આવતી કિડાણા અને ગળપાદર બેઠકો રદ કરવામાં આવી છે. આ ફેરફારને કારણે જિલ્લા પંચાયતનું સંખ્યાબળ ૪૦થી ઘટીને ૩૮ થઈ ગયું છે, જેની સીધી અસર સત્તાધારી પક્ષ અને વિપક્ષની રણનીતિ પર પડશે તે વાત નકારી શકાય નહી.

## વિસ્તાર મુજબ બેઠકોનું વિશ્લેષણ

ગાંધીધામ : જિલ્લા પંચાયતના નવા રોટેશનની જાહેરાત થાવની સાથે જ જિલ્લાભરમાં રાજકીય પંડીતો, નિષ્ણાંતોમા અલગ અલગ પ્રકારની ચર્ચાઓએ જોર પકડયું છે. ત્યારે નવા જાહેર થયેલા રોટેશન મુજબ કયા ગામની બેઠક કઈ શ્રેણીમાં આવશે તેની પણ એક અલાયદી ચર્ચાએ ગરમાવો સર્જયો છે. બેઠકની શ્રેણી જાહેર થયેલા વિસ્તારો/બેઠકો **બિન અનામત સામાન્ય** ભીરડિયાળા, બિદડા, નાની ચીરઈ, નિરોણા, મોટી રવ, સમાયોષા, સુખપર (ભુજ), વિથોણ, આપોઈ, ભીમાસર (ભુટકીયા). જયારે **સામાન્ય સ્ત્રી** (Gen-F) મોટી ભુજપુર, નાના કપાયા, નારાણપર, નેત્રા, પલાસવા, પાનધ્રો, તલવાણા, વરસામેડી, વાયોર, ચોબારી. તો વળી OBX (ΣEBX) સ્ત્રી દયાપર, દિનારા, ફતેગઢ, ગઢસીસા, ખેડોઈ.જયારે OBC (SEBC) **પુરુષ** ગાગોદર, કેરા, મોથાળા. તો SC **(અનુસૂચિત જાતિ)** ભદ્રેશ્વર, રતનાલ, સુમરાસર (શેખ)., SC **સ્ત્રી** (SC-F) કોડાઈ, કોટડા (S)., ST **(અનુસૂચિત આદિજાતિ)** ભીમાસર (ચકાસર) નો સમાવેશ થવા પામી રહ્યો છે.

## બેઠકોનું નવું માળખું: કોણ વધ્યું, કોણ ઘટ્યું?

**નવા રોટેશનમાં જ્ઞાતિગત સમીકરણોને પ્રાધાન્ય મળ્યું હોવાનો વર્તારો**

ગાંધીધામ : OBC (SEBC)**નું વધ્યું વર્ચસ્વ**: આ વર્ગમાં પુરુષ અને સ્ત્રી બંને શ્રેણીમાં ૩-૩ બેઠકોનો વધારો થતા હવે કુલ ૧૦ બેઠકો (૫ પુરુષ, ૫ સ્ત્રી) ફાળવવામાં આવી છે.આ ફેરફાર પછાત વર્ગના મતોને અંકે કરવા માટે નિર્ણાયક બની શકે છે તે રાજકીય તજજ્ઞો માની રહ્યા છે. - **સામાન્ય બેઠકોમાં કાપ:** બિન અનામત સામાન્ય બેઠકો ૧૫ થી ઘટીને ૧૧ અને સામાન્ય સ્ત્રી બેઠકો ૧૬ થી ઘટીને ૧૧ થઈ છે. એટલે કે કુલ ૯ સામાન્ય બેઠકોનો ઘટાડો થયો છે, જે સ્થાપિત રાજકીય ચહેરાઓ માટે ચિંતાનો વિષય બની શકે છે. ST **બેઠકનો ઉમેરો** : અનુસૂચિત આદિજાતિ માટે ૧ બેઠકનો વધારો થયો છે.

## રાજકીય દ્રષ્ટિકોણ : દિગ્ગજોની બેઠકો પર જોખમ?

● **સીટ કાપની અસરઃ** ૪૦ માંથી ૩૮ બેઠકો થવાથી અને સામાન્ય બેઠકોમાં નોંધપાત્ર ઘટાડો થવાથી અનેક જૂના જોગીઓએ પોતાની બેઠક ગુમાવવી પડે અથવા અન્ય સલામત બેઠક શોધવી પડે તેવી સ્થિતિ સર્જાઈ હોવાનું રાજકીય નિષ્ણાંતો માની રહ્યા છે.

● OBC **ફેક્ટરઃ** ૧૦ બેઠકો (OBC) નિર્ણાયક બનશે. જે પક્ષ આ વર્ગના ઉમેદવારોની પસંદગીમાં ચોકસાઈ રાખશે, તેની સત્તાની રાહ આસાન બનશે.

● **મહિલા અનામતઃ** સામાન્ય સ્ત્રી અને અનામત સ્ત્રી બેઠકોનું નવું લિસ્ટ જોતા, રાજકીય પક્ષોએ મહિલા નેતૃત્વને આગળ લાવવા માટે નવા ચહેરાઓની શોધ કરવી પડશે.

# પશ્ચિમ એશિયાના યુદ્ધની જ્વાળાઓની ગાંધીધામમાં અસર : અમિત ગેંગ માટે 'આસમાન સે ગિરા, ખજૂર મેં અટકા' જેવો તાલ

**MHOની આડમાં પ્યોર ડીઝલની દાણચોરી કરનાર અમિત ભ્રષ્ટ પીઆઇ ટોળકી માટે પડ્યા પર પાટુ : હજુ તો ૪ માસ સુધી કંડલા - મુન્દ્રા - પીપાવાવમાં અટવાયેલા જહાજમાં કરોડોના નુકસાની વેઠયાની પીડામાંથી બહાર આવ્યા ત્યાં યુદ્ધની સ્થિતિ સર્જાતા ફરી ડીઝલ દાણચોર ગેંગની બકરી ડબ્બામાં અને પૂંછડી બહારની થઈ સ્થિતિ**

ગાંધીધામ : મધ્ય પૂર્વમાં છેલ્લા છ દિવસથી ઈઝરાયેલ, અમેરિકાના સમર્થન સાથે ઈરાન પર જે રીતે તૂટી પડ્યું છે તેનાથી આખા વિશ્વમાં આરપારની સ્થિતિ સર્જાઈ છે. યુદ્ધની આ ભીષણ લપેટમાં હોર્મોઝની સમુદ્રધૂનીમાં કેમિકલ, ઓઈલ અને ઈંધણ ભરેલા અનેક કન્ટેનરો ફસાઈ જતા આંતરરાષ્ટ્રીય સ્તરે પરિવહન ખોરવાયું છે. જોકે, આ વૈશ્વિક કટોકટીની સૌથી માઠી અને સીધી અસર ગાંધીધામના કુખ્યાત અમિત અને તેની ભ્રષ્ટ પીઆઈ ટોળકી પર પડતી દેખાઈ રહી છે. જાણકારોનું માનીએ તો, આ ટોળકી માટે અત્યારે 'આસમાનથી પડ્યા અને ખજૂરમાં અટક્યા' જેવી કફોડી હાલત થઈ ગઈ છે.

થોડા સમય પહેલા જ કંડલા, પીપાવાવ અને મુન્દ્રા પોર્ટ પર જહાજો અને કન્ટેનરોમાં મોટાપાયે ગેરકાયદેસર ડીઝલ અને કેમિકલની ચોરીનું નેટવર્ક પકડાયું હતું. આ મામલે કન્ટેનરો સીઝ કરવામાં આવ્યા હતા, જે મહિનાઓ સુધી છૂટ્યા નહોતા. નામદાર અદાલતમાંથી માંડ ઓર્ડર મેળવીને આ કન્ટેનરો છોડાવીને અમિત ગેંગ હજુ તો પોતાનો કાળો કારોબાર ફરીથી સેટ કરવાની ગોઠવણી કરી રહી હતી, ત્યાં જ ઈરાન-ઈઝરાયેલ વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું. જે એમએચઓ અને કેમિકલ ઓઈલ ઈરાનથી સ્વિચ કરીને લાવવામાં આવી રહ્યું હતું, તેના સપ્લાય પર યુદ્ધના કારણે અચાનક બ્રેક વાગી ગઈ છે. પકડાયેલો માલ હજુ માંડ છોડાવ્યો હતો અને નવી વ્યવસ્થા ગોઠવાય તે પહેલા જ સપ્લાય લાઈન કપાઈ જતા આ ગેંગની તમામ ગણતરીઓ ઊંધી વળી ગઈ છે.

એકતરફ જૂના કેસના કાયદાકીય ગૂંચવાડા અને બીજી તરફ ઈરાનથી આવતા માલ પર યુદ્ધના કારણે લાગેલી રોકને લીધે અમિત અને ભ્રષ્ટ અધિકારીઓની આ ટોળકી ચોતરફથી મુસીબતમાં ફસાઈ છે. કચ્છના વિવિધ ક્ષેત્રોમાં ડીઝલ ચોરી અને કેમિકલના નામે ચાલતી ધૂમ કમાણી પર અત્યારે કુદરતી રીતે જ રોક લાગી ગઈ હોય તેવું જણાય છે. આમ, વૈશ્વિક સ્તરે સર્જાયેલી યુદ્ધની સ્થિતિએ સ્થાનિક સ્તરે ચાલતા ગેરકાયદેસર નેટવર્કની કમર તોડી નાખી છે અને આ ગેંગ અત્યારે નવી મુસીબતોના વંટોળમાં ઘેરાઈ ગઈ છે.

# આદીપુરના યુવાનના આપઘાત કેસમાં લોન એજન્ટની ધરપકડ

**મેઘપર બોરીચીથી ગઈકાલે રાત્રે ઉપાડી કાર્યવાહી કરાઈ : આરોપી હતભાગીને લોન કરાવી આપી કમીશનના બદલે અડધા રૂપિયા મેળવી લેતો હોવાનો હતો આક્ષેપ**

**મારા આપઘાતના પગલા પાછળની તમામ તકલીફો મેં સ્યુસાઈડ નોંટમાં લખી છે : હતભાગી દિપેશના મોબાઈલમાંથી પોલીસને મળ્યો એક વીડિયો : તપાસનીશે કહ્યું મોબાઈલ ફોરેન્સીક તપાસણીઅર્થે મોકલી આપ્યો છે**

ગાંધીધામ - કચ્છઉદય : પૂર્વ કચ્છના ઔદ્યોગીક પાટનગર ગાંધીધામ શહેરમાં ટોક ઓફ ધી ટાઉન બનેલા શહેર ભાજપના મંત્રીના આત્મહત્યા કેસમાં પોલીસે તપાસ ગતિવાન બનાવી ફરીયાદમાં સામેલ ૧૮ શખ્સો પૈકીના એકની ધરપકડ કરી લેવામાં આવી હોવાના અહેવાલો પ્રાપ્ત થવા પામી રહ્યા છે.

આ બાબતે મળતી વિગતો મુજબ દિપેશ ભટ્ટના આપઘાત કેસમાં એજન્સીના ચાર મળી વ્યાજખોરો તેમજ રાજકીય વ્યક્તિઓ સહિત ૧૮ લોકો સામે આદીપુર પોલીસમાં મરવા માટે મજબુર કરવાની કલમો તળે ફરિયાદ નોંધાઈ હતી, જે બાદ આદીપુર પોલીસ દ્વારા તપાસ દરમ્યાન ગઈકાલે રાત્રે મેઘપર બોરીચીમાંથી એક શખ્સને ઉપાડવામાં આવ્યો હોવાની માહિતી મળી હતી. જેની પુછપરછ બાદ અટકાયત કરવામાં આવી છે.

આ બાબતે મળતી વિગતો મુજબ આદીપુરના પ્રકાશભાઈ મોદી કે જે લોન અપાવવાનું કામ કરે છે, તેણે હતભાગીને લોન કરાવી આપી હતી, પણ તેમાંથી કમીશન નહીં લોન પેટેની અડધી રકમ મેળવી લેતા અને પુરી રકમ ન મળવા છતાં પુરે પુરી લોનના હપતા ભરવા પડતા હતા. તે બાબતે ગતરોજ નોંધાવેલી ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આદીપુર પોલીસે ૧૮ લોકો સામે ફરીયાદ નોધી હતી. હતભાગી યુવાને વ્યાજખોરીના ત્રાસના કારણે ફાંસો ખાઈને આપઘાત કર્યો હતો. બનાવ પહેલા સ્યુસાઈડ નોટ લખી હતી. તેમજ ફોનમાં વીડીયો બનાવીને ત્રાસ અંગે તમામ હકીકત જણાવી હતી. આદીપુર પીઆઈ એમ.સી. વાળા સાથે વાત કરતા તેમણે આ બનાવમાં આરોપીને પકડવામાં આવ્યો હોવાની બાબતને સમર્થન આપ્યું હતું.

# ગોંડલમાં નકલી તમાકુના જથ્થાનો પર્દાફાશ, શું હવે કચ્છના 'નકલી' વેપલાઓ પર તંત્ર તવાઈ બોલાવશે?



**નકલી માલ સસ્તા ભાવે ખરીદીને ગ્રાહકોને પધરાવી દેવાનું મોટું નેટવર્ક વાગડથી માંડી અને અબડાસા-લખપત જેવા છેવાડાના વિશાળ વિસ્તારો સુધી તો કાર્યરત નથીને? : પોલીસતંત્ર કેમ ન આદરે સરપ્રાઈઝ તવાઈ?**

ગાંધીધામ : ગુજરાતમાં વર્તમાન સમયે ઠેર-ઠેર નકલીનો દબદબો હોય તે રીતે વસ્તુઓ પકડાવવા પામી રહી છે. દરમ્યાન જ ગોંડલ વિસ્તારમાં નકલી ગુટખા-તમ્બાકુનો પણ જથ્થો પોલીસે પકડી પાડયો છે ત્યારે સવાલ થવા પામી રહ્યો છે કે, કચ્છમાં પણ કયાંક કોઈ નકલી તમ્બાકુ, ગુટખાના મોટાપાયે વેપલા કરવાનુ આવુ જ કોઈ સામ્રાજય વિકસાવીને નથી બેઠા ને?

આ મામલે સહેજ વિગતે વાત કરીએ તો તાજેતરમાં ગોંડલના ગુંદાળા રોડ પર આવેલા 'વિશ્વાસ' નામના ગોડાઉનમાં એસઓજીની ટીમે પાડેલા દરોડાએ નકલી ખાદ્ય પદાર્થો અને તમાકુના કાળા કારોબારનો ભાંડો ફોડ્યો છે. આ દરોડા દરમિયાન રૂા. ૧.૮૭ લાખની કિંમતની નકલી તમાકુ, બીડી અને ગુટખાના સેંકડો બોક્સ કબજે કરવામાં આવ્યા છે. ગોડાઉન માલિક અશરફ મહમદ સંજાતની ધરપકડ બાદ બહાર આવેલી વિગતો મુજબ, આ નકલી માલ સસ્તા ભાવે ખરીદીને ગ્રાહકોને પધરાવી દેવાનું મોટું નેટવર્ક કાર્યરત હતું. કોપીરાઈટ એક્ટ હેઠળ ગુનો નોંધીને પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે, પરંતુ આ ઘટનાએ કચ્છ જિલ્લામાં ચાલતા આવા જ બેનામી ધંધાઓ સામે અનેક સવાલો ઉભા કર્યા છે.

પ્રબુદ્ધવર્ગ કહી રહ્યો છે કે, ગોંડલની આ ઘટના તો માત્ર હિમશિલાની ટોચ સમાન છે, ખરો પ્રશ્ન એ છે કે શું કચ્છના સરહદી વિસ્તારો અને ખાસ કરીને વાગડ પંથકમાં પણ આવા જ નકલી તમાકુ અને ગુટખાના વેપલાઓ ફાટીને ચીતરે નથી ચડ્યા? ચર્ચા મુજબ, વાગડ વિસ્તારમાં નકલી તમાકુ બનાવનારા અમુક તત્વો અત્યારે બેફામ બન્યા હોવાનુ મનાય છે. આ તત્વો સરકારની તિજોરીને કરોડો રૂપિયાના જીએસટી અને ટેક્સનો ધુમ્બો મારીને, સામાન્ય જનતાના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરી રહ્યા છે. લોકોના ગળે નકલી ખેની, તમાકુ અને ગુટખા પધરાવીને રાતોરાત 'આસામી' બની બેઠેલા આ તત્વો સામે જીએસટી વિભાગ અને સ્થાનિક પોલીસ તંત્ર કેમ નિંદ્રાધીન છે તે એક મોટો સવાલ છે. જ્યારે ગોંડલ જેવા વિસ્તારોમાં પોલીસ સતર્કતા બતાવીને નકલી માલ પકડી શકતી હોય, ત્યારે કચ્છમાં પણ આવી જ જિલ્લા વ્યાપી તપાસ ઝુંબેશ અને સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવું અત્યંત જરૂરી બન્યું છે. નકલી કેમિકલયુક્ત તમાકુ માત્ર આર્થિક ગુનો નથી, પરંતુ તે કેન્સર જેવા જીવલેણ રોગોને નોતરીને લોકોના જીવન સાથેની રમત છે. વહીવટી તંત્ર અને તપાસનીશ એજન્સીઓએ હવે જાગવાની જરૂર છે, નહિતર ટેક્સની ચોરી અને નકલી માલનો આ કાળો કારોબાર કચ્છની આર્થિક અને સામાજિક વ્યવસ્થાને ઉધઈની જેમ કોતરી ખાશે. સમય આવી ગયો છે કે ગોંડલના કિસ્સામાંથી બોધપાઠ લઈ કચ્છમાં પણ આવા ગોડાઉનો અને ભઠ્ઠીઓ પર તવાઈ બોલાવવામાં આવે.

**લખ લખ વધાઈયું**



**કિશોરભાઈ જી. પિંગોલ**

**પ્રમુખશ્રી, શ્રી અખિલ કચ્છ ગણેશ સેવક સાર્વજનિક ટ્રસ્ટ**

આપશ્રીની શ્રી અખિલ કચ્છ ગણેશ સેવક સાર્વજનિક ટ્રસ્ટ લુણંગધામ-લુણી ના સતત ચોથી વખત પ્રમુખશ્રી કિશોરભાઈ જી. પિંગોલ સાહેબજીને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ...

:::: શુભેચ્છક ::::

**સામરા રામભાઈ સેડા**

માજી સરપંચશ્રી, ઝરપરા ગ્રામ પંચાયત